Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 16, Issue. 276, August 2025


પ્રિય વાચક મિત્રો,

सर्वेभ्यः भारतीयेभ्यःप्रजासत्ताकदिनस्य हार्दिक शुभाशयाः।
अपि स्वर्णमयी लंका, न मे लक्ष्मण रोचते ।
जननी जन्मभुमिशच स्वर्गादपि गरीयसी ।।

અર્થઃ સોનાની લંકા પણ મને આકર્ષતી નથી, મારી જનની અને જન્મભૂમિ જ સ્વર્ગથી મહાન છે.

### સ્વતંત્રતા દિવસ–૨૦૨૫ : સંકલ્પથી વિકાસની તરફેણે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આજે દેશ સાથે મળીને ૭૯મો સ્વતંત્રતા દિવસ ઊજવે છે. યુનિવર્સિટી પરિસરમાં પ્રભાતથી જ દેશભક્તિનો માહોલ છવાયો છે. મુખ્ય કાર્યક્રમમાં માનનીય કુલપતિશ્રી ધ્વજારોહણ કરે છે અને રાષ્ટ્રીય ગાન સાથે સૌ તિરંગાને વંદન કરે છે. વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકમંડળ દેશભક્તિ ગીતો, ભાષણો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરે છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનને યાદ કરવામાં આવે છે અને નવી પેઢીને દેશસેવાની પ્રેરણા આપવામાં આવે છે.

આ દિવસે લાલકિલ્લાથી માનનિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સંબોધિત કરતાં ફરી એકવાર યાદ અપાવ્યું કે, સ્વતંત્રતા દિવસ માત્ર ઇતિહાસને યાદ કરવાનો પ્રસંગ નથી, પરંતુ ભવિષ્યને ઘડવાનો સંકલ્પ છે.

તેમના ભાષણમાં 'વિકસિત ભારત ૨૦૪૭'નું સ્વપ્ન કેન્દ્રસ્થાને રહ્યું, જેમાં આત્મનિર્ભર ભારત, નવીન ટેકનોલોજી અને યુવાનોની શકિત પર ભાર મુકયો. મોદીજીને આત્મનિર્ભર ભારતને વિકાસનું મુખ્ય સૂત્ર ગણાવ્યું છે. સ્થાનિક ઉત્પાદનથી લઈને ટૅકનોલોજી ક્ષેત્રે આગળ વધવું, સેમિકન્ડકટર જેવા હાઈ–ટેક ઉદ્યોગોમાં ભારતની ભાગીદારી વધારવી આ બધું આપણા આર્થિક સ્વાભિમાનને મજબૂત બનાવે છે. વર્ષના અંત સુધી ભારતમાં બનેલી સેમિકન્ડકટર ચિપ્સ બજારમાં આવશે તે ઘોષણા ભારતને વૈશ્વિક ટૅકનોલોજી ક્ષેત્રે આગેવાન બનાવશે. મિશન સુદર્શન ચક્ર દ્વારા રાષ્ટ્રસુરક્ષા મજબુત કરવાની દિશામાં પગલું ભરાયું છે, તો મિશન સુદર્શન ચક્રના શૌર્યને યાદ કરી સેનાનાં બલિદાનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

સાથે સાથે મિશન સુદર્શન ચક્ર દ્વારા રાષ્ટ્રસુરક્ષાને આધુનિક ટૅકનોલોજીથી સજ્જ કરવાનો સંકલ્પ અને મિશન સુદર્શન ચક્રના શૌર્યને યાદ કરાવતી વાતો આપણને યાદ અપાવે છે કે, સ્વતંત્રતા ફકત આર્થિક બાબતોમાં નહી પરંતુ તે રાજકીય અને સૈન્ય દ્રષ્ટિએ પણ સુરક્ષિત હોવી જરૂરી છે. યુવાનો માટે જાહેર કરાયેલી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનાએ રોજગારીની નવી તકો ઊભી કરવાની દિશામાં એક મોટું પગલું છે. સાથે જી.એસ.ટી. સુધારણા અને ગ્રાહકોને રાહત આપવાની જાહેરાત નાગરિકોના જીવનમાં સીધી અસર કરશે. પ્રધાનમંત્રીએ યાદ અપાવ્યું કે, "સાચો




દેશપ્રેમ ફકત તિરંગો ફરકાવવામાં નથી, પરંતુ દેશના દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવો એ છે". સ્વતંત્રતા એ અધિકાર નથી, તે ફરજ છે – અને ફરજને નિભાવવું એ જ સાચી ઉજવણી છે."

આ બધાં સંકલ્પો વચ્ચે એક મોટો સંદેશ છુપાયેલો છે – સ્વતંત્રતા દિવસ એ માત્ર ઉત્સવ નથી, પરંતુ જવાબદારીનું સ્મરણ છે. આપણું કાર્ય છે કે, આપણે આત્મનિર્ભરતા, પર્યાવરણ સુરક્ષા અને સામાજિક એકતા જેવા ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપીએ. આજે જ્યારે ભારત નવી સદીના મધ્ય ભાગ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે આપણાં સંકલ્પો જ આપણું ભવિષ્ય ઘડશે. સ્વતંત્રતા દિવસ આપણને યાદ કરાવે છે કે, રાષ્ટ્રપ્રેમ માત્ર ભાવનામાં નહી, પરંતુ કાર્યમાં હોવો જોઈએ. સ્વતંત્રતા દિવસ એટલે ગૌરવનો દિવસ, બલિદાનની યાદ અને રાષ્ટ્રપ્રેમને કાર્યરૂપે સાકાર કરવાનો પવિત્ર સંકલ્પ.

આ પ્રસંગે યુનિવર્સિટી પરિવાર દેશના વિકાસમાં પોતાનો ફાળો આપવા તથા શિક્ષણ, સંશોધન અને સામાજિક જવાબદારી ક્ષેત્રે સતત યોગદાન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. સ્વતંત્રતા દિવસની ઉજવણી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, એકતા અને જવાબદારીની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

वयं राष्ट्रे जागृयाम पुरोहिताः। (ऋग्वेद)
અર્થઃ ચાલો આપણે સૌ દેશ માટે સદૈવ જાગૃત રહીએ.

તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)
કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### SSIP અંતર્ગત ગ્રાન્ટ મેળવનાર વિદ્યાર્થીઓને સુશાંત પટ્ટનાયક દ્વારા ઇનોવેશન અને સ્ટાર્ટઅપ અંગે માર્ગદર્શન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના SSIP અંતર્ગત ગ્રાન્ટ મેળવેલ વિદ્યાર્થીઓની સુશાંત પટ્ટનાયક સાથે તા. ૦૨/૦૮/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં વિદ્યાર્થીઓને ઇનોવેશન, સ્ટાર્ટઅપ અને ટૅકનોલોજી ક્ષેત્રે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સુશાંત પટ્ટનાયક એક જાણીતા ઇનોવેટર, ઉદ્યોગસાહસિક (Entrepreneur), પ્રવક્તા, સલાહકાર, મેન્ટર, ડીપ ટેક રોકાણકાર, સ્ટ્રેટેજિસ્ટ તથા કન્સલટન્ટ છે. તેઓને ઈનોવેશન અને ટેકનોલોજી ક્ષેત્રે યોગદાન બદલ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૩ દરમિયાન છ વખત રાષ્ટ્રપતિ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. આ બેઠકનું ઉદ્દેશ વિદ્યાર્થીઓને નવીન વિચારો અને ટૅકનોલોજી ક્ષેત્રે માર્ગદર્શન આપવાનું હતું. જેથી તેઓ પોતાના સ્ટાર્ટઅપ શરૂ કરી શકે અને ઇનોવેશન ક્ષેત્રે યોગદાન આપી શકે. સુશાંત પટ્ટનાયકની મુલાકાત અને માર્ગદર્શન વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક બની રહી, જે તેમને નવીનતા અને ઉદ્યોગસાહસિકતાના માર્ગ પર આગળ વધવા માટે પ્રોત્સાહિત કરશે.

### 'મહિલા સ્વાવલંબન દિવસ'ની ઉજવણીના ભાગરૂપે મહિલા સ્વરોજગાર મેળાનું આયોજન

'નારી વંદના ઉત્સવ–૨૦૨૫–સુરત' અંતર્ગત મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં મહિલા સ્વાવલંબન દિવસ અંતર્ગત આયોજિત મહિલા સ્વરોજગાર મેળામાં રોજગારી પ્રદાન કરતી ૭ કંપનીઓ અને રોજગારવાંચ્છુ ૨૧૮ મહિલા ઉમેદવારોએ ભાગ લીધો હતો, જે પૈકી ૧૩૬ ઉમેદવારોની સ્થળ પર જ પ્રાથમિક પસંદગી કરાઈ હતી.

વિશ્વવિદ્યાલયના રાજચંદ્ર હૉલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ મહિલાઓને પોતાની કળા પારખી પસંદગી અનુસાર રોજગાર કરવા અને આત્મનિર્ભર બનવા હિમાયત કરી હતી. તેમણે કહ્યું કે, કોઈ પણ સમાજ કે રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી સ્ત્રી શિક્ષણને પ્રાધાન્ય આપવું જરૂરી છે. શાળા – કૉલેજમાં ભણતી દીકરીઓને ઉચ્ચ શિક્ષણ લેવાની સાથે સંજોગોવશાત અધૂરા રહી ગયેલા અભ્યાસને પણ અભ્યાસ પૂર્ણ કરી આર્થિક ઉપાર્જન કરવા પ્રોત્સાહન આપ્યું હતું. સરકારની વિવિધ શિક્ષણ, રોજગાર સહિતની યોજનાઓનો લાભ લઈ સમાજમાં ઉપયોગી થવા અને આત્મનિર્ભર બનવા પ્રેરણા આપી હતી.

મહિલા અને બાળ અધિકારીની કચેરીના ફિલ્ડ ઓફિસરશ્રી વિપુલભાઈએ મહિલાલક્ષી કાયદાઓ અને યોજનાઓની જાણકારી આપી યોજનાઓનો મહત્તમ લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. આ વેળાએ મહાનુભાવોના હસ્તે ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી રહેલી મહિલાઓનું મૉમેન્ટો દ્વારા સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમમાં મહિલા અને બાળ અધિકારીશ્રી દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી કે.વી.લકુમ, ડિસ્ટ્રિક્ટ મિશન કૉ–ઓર્ડિનેટરશ્રી સ્મિતાબેન પટેલ, રોજગાર કચેરીના પ્લેસમેન્ટ ઓફિસર હોનકભાઈ અને ચાંદનીબેન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના દર્શનભાઈ પુરોહિત, પીબીએસસીના અધિકારી/કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.









## 'વૃક્ષાબંધન' ઉજવાઈ : વૃક્ષો પ્રત્યેની કૃતજ્ઞતા વ્યકત કરતી અનોખી પરંપરા









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોસાયન્સ વિભાગ દ્વારા ૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ એક અનોખું અને પર્યાવરપ્રેમી કાર્યક્રમ 'વૃક્ષારોપણ' આયોજિત કરવામાં આવ્યો, જેને વિશ્વવિદ્યાલય દ્વારા આયોજન કરાયું હતું અને બાયોસાયન્સ વિભાગ દ્વારા યજમાની કરવામાં આવી હતી. આ અનોખા કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ખાસ ઉપસ્થિતી નોંધાવી અને વિશ્વવિદ્યાલય પરિસરમાં વૃક્ષને હસ્તનિર્મિત રાખડી બાંધી, વૃક્ષો પ્રત્યે માન–સન્માન અને રક્ષણના સંદેશ સાથે વૃક્ષાબંધનની શરૂઆત કરી.

ત્યારપછી બાયોસાયન્સ વિભાગના અધ્યક્ષ ડૉ. કૈલાશ પટેલ તથા બોર્ડ ઓફ મૅનેજમેન્ટના સભ્ય ડૉ. કપિલા મનોજ તથા ડૉ. ઈશ્વર પટેલ, ડૉ. ભરત ઠાકોર, ડૉ. જયોતિ સિંહ, ડૉ. મધુ થવાણી, ડૉ. પ્રીતિ ટંડેલ, ડૉ. શીતલ પટેલ, ડૉ. અરુણ પંડયા તેમજ અન્ય વિભાગીય અધ્યક્ષો અને ફેકલ્ટી સભ્યો દ્વારા પણ વિવિધ વૃક્ષો જેમ કે કદંબ, અર્જુનસાદડ, લીમડો, રુદ્રાક્ષ, ચંદન, સીતાઅશોક, ઉમરો તથા પીપળાના વૃક્ષોને નક્ષત્ર પરંપરા અનુસાર પસંદ કરી રાખડી બાંધવામાં આવી હતી. રાખડી બાંધતી વખતે વેદમંત્રોચ્ચારણ પણ કરવામાં આવ્યું, જેના કારણે સમગ્ર કાર્યક્રમને આધ્યાત્મિક અને સંસ્કૃતિમય વાતાવરણ મળ્યું. આ રાખડીઓ બાયોસાયન્સ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ફૂલો અને સૂતરના દોરા અને નાડાછડીથી તૈયાર કરવામાં આવી હતી. જેમાં પ્લાસ્ટિક કે અન્ય પ્રદૂષિત તત્વોનો ઉપયોગ ટાળવામાં આવ્યો હતો. વૃક્ષાબંધન કાર્યક્રમનો મુખ્ય હેતુ વૃક્ષો પ્રત્યે આભાર વ્યકત કરવાનો હતો. જે માતૃભૂમિ અને માનવજાત માટે રક્ષણ આપનારા જીવંત ઢાલ સમાન છે. આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણીય જાગૃતિના મહત્ત્વપૂર્ણ સંદેશ સાથે પરંપરાને નવી દિશા આપવામાં આવી. કાર્યક્રમની વિશેષતા અને વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને બધા ઉપસ્થિત મહાનુભાવોએ ખૂબ વખાણી હતી અને આ પ્રકારના કાર્યક્રમો પર્યાવરણ જાળવવા માટે અનુકરણીય હોવાનું માનવામાં આવ્યું.

## 'સાયબર સિક્યુરીટી અવેરનેશ' વિષય અંતર્ગત સેમિનાર

તા. ૦૫/૦૮/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રના કૉ–ઓર્ડિનેટર ડૉ. કીર્તિ ડી.

ઠાકર તથા કેમેસ્ટ્રી વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. તરુલતાબેન છોવાલાના માર્ગદર્શન અનુસાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રસાયણશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર તથા ગુજરાત પોલિસ વિભાગના સાયબર સેલ દ્વારા 'સાયબર સિકયુરીટી અવેરનેશ' વિષય અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત 'સાયબર સિકયુરિટી અવેરનેસ'ને આધારે "ઓનલાઈન સુરક્ષા અને સલામતીની પ્રથાઓ અને સાયબર ધમકીઓનો શ્રેષ્ઠ બચાવ" વિષય અંતર્ગત ગુજરાત પોલીસ વિભાગના પોલીસ ઈન્સ્પેકટર શ્રી દીક્ષિત વિ. ગામીત સર દ્વારા આ વિષય પર વિસ્તૃત અને રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. પોલીસ ઈન્સ્પેકટર દીક્ષિત વિ. ગામિતને ટૅકનોલોજીમાં ખૂબ જ બહોળો અનુભવ અને સાયબર સિકયુરિટીમાં ગુજરાત પોલીસમાં કાર્યનો ખૂબ જ ઉડાંણપૂર્વકના અનુભવથી તેમણે વિદ્યાર્થી સમગ્ર આ વિષયને કાયદાકીય કલમો અનુસાર વિવિધ સજા અને જોગવાઈઓ તગા સાયબર સિકયુરિટીની વિવિધ સમસ્યાઓમાં મનોવૈજ્ઞાનિક અને આર્થિક નુકસાનને પરિણામે વર્તમાન સમયમાં વધી રહેલા આત્મહત્યાના કેસો અને સાયબર સમસ્યાની લોકમાનસ પર પડેલી અસર બાબતે અને આ અસરને હળવી કરવા માટે મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શનની જરૂરિયાત તથા સાયબર સમસ્યાનું જ્ઞાન શા માટે વર્તમાન સમયમાં જરૂરી છે તે બાબતે સમગ્ર વકતવ્ય આ કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી દીક્ષિત વિ. ગામિત સર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. જો વિદ્યાર્થી સાથે પણ સાઈબર સિકયુરિટીની સમસ્યા ઊભી થાય ત્યારે આ સમસ્યા માટેનો ગુજરાત પોલીસ દ્વારા જારી કરવામાં આવેલ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરી માહિતી આપવા અને તેમની ફરિયાદને ઓનલાઈન રજીસ્ટર કરવા માટે www.cybercrime.gov.in પર જણાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. જેમનાથી કોઈપણ વ્યકિત સાથે થયેલ સાયબર ગુનામાં તેમને તરત જ કાર્યવાહી કરીને તેમને થતા નુકસાનને અટકાવી શકાય. આમ મુખ્ય વકતા શ્રી દીક્ષિત વિ. ગામિત દ્વારા સમગ્ર કાર્યક્રમને લગતું વકતવ્ય આપીને ગુજરાત પોલીસની સુરક્ષાની ઓનલાઈન સેવા પણ દર્શાવી હતી. જેનાથી વિદ્યાર્થીઓને પણ સાયબર સિકયુરિટી ક્ષેત્રે ગુના તથા તેમના વિરુદ્ધ કાર્યવાહી માટેના કાયદાઓથી પર્યાય થયા હતા. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને માનસિક રીતે મજબૂત કરવા માટેનો આ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

આ સમગ્ર સાયબર સિકયુરિટી અંતર્ગતના પ્રોગ્રામનું આયોજન રસાયણશાસ્ત્ર વિભાગના વડાશ્રી તરુલતાબેન છોવાલા તથા તેમના વિભાગના અધ્યાપકશ્રી પ્રતિભાબેન રાજપુત તથા અન્ય અધ્યાપકશ્રીઓ, મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન વિભાગના મનોવૈજ્ઞાનિક સાલહકાર ઉલ્કા પટેલ તથા દર્શન પરમાર દ્વારા ગુજરાત પોલીસના સાયબર સેલ અંતર્ગત કાર્યરત ત્રણ વર્ષનો અનુભવ રાખનારા પોલીસ ઈન્સ્પેકટર શ્રી દીક્ષિત વિ. ગામિત સરને આંમત્રિત કરીને આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અન્ય શ્રીઓ અને ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ આ કાર્યક્રમને સુશોભિત કર્યો હતો. આ સાયબર સિકયુરિટી અંતર્ગત કરવામાં આવેલા પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓમાં પણ માનસિક રીતે તેમની સાથે જો આવી સમસ્યા ઊભી થાય તો લડવા માટે ગુજરાત પોલીસ ઈન્સ્પેકટરશ્રીના વકતવ્યના માધ્યમથી મજબૂત કર્યા હતા અને આ સાઈબર સમસ્યાની દુવિધા સામે લડવા માટે અને ઉકેલ માટેની સુવિધા દર્શાવવી માનસિક રીતે મજબૂતી પ્રદાન કરી હતી.




## સમાજશાસ્ત્ર વિભાગમાં યોજાયેલ એક દિવસીય આદિવાસી પારંપારિક વાનગી મેળાનું આયોજન











વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સમાજશાસ્ત્ર વિભાગમાં ધરતી આબા ભગવાન બિરસા મૂંડાની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે અને વિશ્વ આદિવાસી દિવસ અંતર્ગત ૭મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડની પ્રેરણાથી સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા એક દિવસીય આદિવાસી પારંપારિક વાનગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી ભોજન બનાવવામાં આવેલ હતું. જેમાં રોટલો–નાગલી/ચોખાનો), અડદની દાળ, તુવેરનાં દાણાવાળો ભાત, દેશી ચટણી, ટામેટાં–લસણની ચટણી, નાગલીનો શીરો, અડદનું ભુજીયું વગેરે જેવી વાનગીઓ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવી હતી. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, પરિસરના તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આદિવાસી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ કર્યું હતું.

## 'સંવિધાનમાં નાગરિક કર્તવ્યપાલન' વિષય પર સેમિનાર યોજાયો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડૉ. બી.આર. આંબેડકર ચેર દ્વારા લોકશાહીનો આધારસ્તંભ એવું 'ભારતીય સંવિધાન'ના ૭૫ વર્ષની ઉજવણીના અવસરે સંવિધાન પર્વ લોકશાહીનો અમૃત મહોત્સવ નામથી સંવિધાનની ૭૫ વર્ષની યાત્રાને ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત તા. ૦૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ ખાતે "સંવિધાનમાં નાગરિક કર્તવ્યપાલન" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતનાં જાણીતા સામાજીક કાર્યકર્તાશ્રી નંદકિશોર શર્માજીએ જણાવ્યું હતું કે, ભારતના સંવિધાનમાં નાગરિકોને માત્ર અધિકારો જ નહીં, પરંતુ કેટલીક જવાબદારીઓ અને કર્તવ્યો પણ આપવામાં આવ્યા છે, જેના અમલથી સમાજની એકતા, શાંતિ અને પ્રગતિ સુનિશ્ચિત થાય છે. વક્તાશ્રીએ સંવિધાનનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, સંવિધાનમાં નાગરિકોને પર્યાવરણના રક્ષણ, કાયદાનું પાલન, સંસ્કૃતિક વારસાનું સંરક્ષણ, અને સમાજમાં ન્યાય અને સમાનતા માટે કારગર બને તેવા કર્તવ્યો પણ સામેલ છે. આ કર્તવ્યોનો અમલ દરેક નાગરિક માટે દેશના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. તેમણે એમ પણ જણાવ્યું કે, જ્યારે દેશના નાગરિક પોતાના કર્તવ્યોનું પાલન કરે છે, ત્યારે રાષ્ટ્રનો વિકાસ, સામાજિક સુખ–શાંતિ, અને આર્થિક મજબૂતી માટે યોગદાન આપવું શક્ય બને છે. જે માટે તમામ સહભાગીઓને એક જવાબદાર નાગરિક તરીકેના કર્તવ્યોનું પાલન કરી દેશના વિકાસ માટે યોગદાન આપવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી, ડૉ.જાગૃતિ બારોટ, ડૉ. તરૂલતત્તા છોવાલા, તથા કુલ ૨૫૦ જેટલા સહભાગીઓ જોડાયા હતા.

## ૭૯માં સ્વાતંત્ર્તા દિવસની ઉજવણી



















વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુવક કલ્યાણ શારીરિક શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫, શુક્રવારના રોજ વિશ્વવિદ્યાલય ખાતે ૭૯મા સ્વાતંત્રતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં અધ્યક્ષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન તરીકે સમાજ અગ્રણી અને ઉદ્યોગપતિ શ્રી બાબુભાઈ ગુજરાતી, વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્ય ડૉ. અપૂર્વદભાઈ દેસાઈ, રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના સંયોજક ડૉ. શ્રીધર નિમાવત, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઇન્ચાર્જ નિયામક ડૉ. યોગેશ વાંસિયા અને વિશ્વવિદ્યાલય ખાતે કાર્યરત વિવિધ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ તેમજ એનએસએસના સ્વયંસેવકોએ આ કાર્યક્રમમાં હાજર રહ્યા. કાર્યક્રમની શરૂઆત કુલપતિશ્રી અને મુખ્ય મહેમાનના વરદહસ્તે ધ્વજવંદન દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરેડમાં એનએસ સુરત શહેરની જુદી જુદી કૉલેજના ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પરેડ બાદ હાજર સૌ કોઈએ સામૂહિક રીતે ભારત માતાની આરતી કરી હતી. આરતી બાદ કન્વેન્શન હોલ ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ માટે પ્રસ્થાન કર્યું હતું. કન્વેન્શન હોલ ખાતે વિશ્વવિદ્યાલય ખાતે આવેલ વિવિધ વિભાગના પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓએ દેશભકિત વિષય પર વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમના અંતમાં પરેડમાં ભાગ લેનાર સૌ સ્વયંસેવકોને કુલપતિશ્રીના વરદ્હસ્તે સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

## કાર્ડિયોપલ્મોનરી રીસસિટેશન (C.P.R) ટ્રેનીગ પ્રોગ્રામનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ વુમન ડેવલોપમેન્ટ સેલ (WDC) અને હેલ્થ સેન્ટર દ્વારા તા. ૧૪/૦૮/૨૦૨૫ ગુરુવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે કાર્ડિયોપલ્મોનરી રીસસિટેશન (C.P.R) ની ટ્રેનિગ પ્રોગ્રામનું આયોજન શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હોલમાં રાખવમાં આવેલ હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં બાયોટેકનોલોજી વિભાગના ડૉ. માનસી બેન દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોનું પુસ્તક ભેટથી સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. આ કાર્યક્રમમાં ડૉ. રોનક નગોરિયા, ડૉ. રાહુલ બાબરીયા, ડૉ. પંકજ, શ્રી સ્મિતભાઈ, શ્રી પ્રમોદભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી જીગ્નેશભાઈ, હેલ્થ સેન્ટરના સંચાલક ડૉ. કૈલાસબેન સોલંકી, WDCના કૉ–ઓર્ડિનેટર ડૉ. કીર્તિ ડી. ઠાકર તેમજ WDCના કમિટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. રોનક નગોરિયા અને તેમની ટીમ દ્વારા આવનાર ૧૦૧ વિદ્યાર્થીઓને CPRની ટ્રેનીગ આપવામાં આવી હતી. કાર્ડિયોપલ્મોનરી રીસસિટેશન

(CPR)એ તાત્કાલિક સારવાર છે, જે ત્યારે આવપામાં આવે છે જ્યારે કોઈ વ્યક્તિનું શ્વાસ લેવુ અથવા હૃદયની ધડકન બંધ થઈ જાય. ઉદાહરણ તરીકે, જ્યારે કોઈને હાર્ટ એટેક આવે અથવા તે બેભાન થઈ જાય ત્યારે CPR જીવન બચાવવામાં મદદ કરી શકે છે. આ CPR ટ્રેનીંગ અંતર્ગત કાર્ડયોલોજીસ્ટ ડૉ. રોનક દ્વારા ઇમરજન્સીના સમયે વ્યકિત બેહોશ થઈ જાય ત્યારેની પ્રાથમિક તપાસની યોગ્ય પધ્ધતિ વિશે પધ્ધતિ સર, યોગ્ય સિદ્ધાંતોના અનુસાર, ક્રમસર, પ્રેકિટકલ સાથે ઉપસ્થિત દરેક વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને હૃદય સંબંધિત પ્રાથમિક સારવારની ટ્રેનીંગ પુરી પાડી હતી. સાથે ડૉ. રોનક નગોરિયા અને તેમની ટીમ દ્વારા હૃદયની આ પ્રાથમિક ટ્રેનીંગનું મહત્ત્વ સમજાવી ને સંજીવની જડીબુટ્ટી સામન જીવ બચાવવાની પધ્ધતિ તરીકે જણાવી હતી. બાયોટેકનોલોજી વિભાગના ડૉ. માનસી બેન દ્વારા અંતિમ સત્રની આ ટ્રેનીંગનો ટૂંકમાં સાર રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. માનસી બેન દ્વારા કરવામાં આવી હતી.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગની વિદ્યાર્થીનીએ ૩ મેડલ જીત્યા




જીમ્નાસ્ટિક ફૅડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા રાષ્ટ્ર સ્તરીય એક્રોબેટીકસ એન્ડ ટ્રેમ્પોલીન જિમ્નાસ્ટિક નેશનલ ચેમ્પિગનશિપ ઓગસ્ટ–૨૦૨૫નું આયોજન ઉત્તરાખંડ ખાતે કરવામાં આવ્યું હતું. તેમાં ભારતના જુદા જુદા રાજ્યોમાંથી યુવા ખેલાડીઓએ ભાગ લીધો હતો. તે પૈકી ગુજરાતમાંથી એક્રોબેટીકસ અને ટ્રોમ્પોલીન એમ બંનેમાં આશરે ૬૦ ખેલાડીઓએ ભાગ લીધેલો. તેમાં ગુજરાતની એક્રોબેટીકસ જીમનાસ્ટિક ટીમના ખેલાડીઓએ કુલ ૦૭ પદકો જીત્યા હતા. તે પૈકીની એક ખેલાડી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગમાં બી.એ. જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનના સેમેસ્ટર–૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ગાયત્રી ભગત ૦૩ પદક જીતીને પ્રથમ ક્રમે રહી હતી. ગાયત્રી ભગત વુમન્સ ટ્રાયોમાં સિનિયર કેટેગરી અંતર્ગત બેલેન્સ, ડાયનામિક અને કમ્બાઈન એમ કુલ ૦૩ ઇવેન્ટ રમી હતી. તેમાં તેમણે બેલેન્સમાં ૧ ગોલ્ડ મેડલ, ડાયનામિકસ અને કમ્બાઈનમાં ૨ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. તેમની આ સિદ્ધિને બિરદાવતા વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને પત્રકારત્વ વિભાગના સંયોજક શ્રી ડૉ. સુનિલ શાહે અભિનંદન પાઠવ્યા હતા.

## વિશ્વ ફોટોગ્રાફી દિવસ નિમિત્તે – બેસીકસ ઓફ ફોટોગ્રાફી સર્ટિફિકેટ કોર્સના વિદ્યાર્થીઓને માર્કશીટ અને પ્રમાણપત્ર વિતરણ સમારોહ













સુરત, ૧૯ ઓગસ્ટ ૨૦૨૫ –વિશ્વ ફોટોગ્રાફી દિવસ નિમિત્તે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગ દ્વારા બેસીકસ ઓફ ફોટોગ્રાફીના સર્ટિફિકેટ કોર્સ (ત્રીજા બેચ) માટે માર્કશીટ અને સર્ટિફિકેટ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીએ સફળ વિદ્યાર્થીઓને માર્કશીટ તથા પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કર્યા. કાર્યક્રમનું સંકલન શ્રી અંકિતકુમાર ચાંગવાલા (કોર્સ સંકલનકર્તા) દ્વારા કરવામાં

આવ્યું હતું. કાર્યક્રમમાં માર્ગદર્શકો શ્રી સંજય ચોકસી તથા શ્રી અમિત જરીવાલાની વિશેષ ઉપસ્થિતિ રહી, જેમણે પોતાના અનુભવ અને કુશળતાથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. આ સમારોહને માત્ર ફોટોગ્રાફીના નવોદિત વિદ્યાર્થીઓની સિદ્ધિઓ ઉજવી પરંતુ વિશ્વવિદ્યાલય દ્વારા સર્જનાત્મકતા, કુશળતા વિકાસ અને વ્યાવસાયિક અભ્યાસને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાને પણ ઉજાગર કરી.




## 'કાપડ સંશોધન અને વિસ્તરણ કેન્દ્ર''નું ઉદઘાટન


























કાપડ સંશોધન અને વિસ્તરણ કેન્દ્ર, એમ.એલ. કાકડીયા ભવન, IAS/IPS ટ્રેનિંગ સેન્ટર, સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડાની અધ્યક્ષતામાં તા. ૨૨/૮/૨૦૨૫ના રોજ સંસદ સભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત પૂર્વ સંસદ સભ્યશ્રી શ્રીમતી દર્શના વિક્રમ જરદોશ તરફથી ફાળવેલ અનુદાનમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કાપડ સંશોધન અને વિસ્તરણ કેન્દ્રનું ઉદઘાટન આદરણીયશ્રી શ્રીમતી દર્શના વિક્રમ જરદોશ, પૂર્વ રેલ્વે અને ટેકસટાઈલ રાજ્યમંત્રીશ્રી ભારત સરકાર તથા પૂર્વ સાંસદ સુરત શહેર (૨૦૦૯–૨૦૨૪)ના વરદ હસ્તે કરવામા આવ્યું.

જેમાં અતિથી વિશેષ માનનીય મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, સુરત મહાનગર પાલિકા, માનનીય ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ (ગુજરાત રાજ્ય), વિશ્વવિદ્યાલયના ઇ.ચા.કુલસચિવશ્રી ડૉ. એન.આર. પટેલ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, વિવિધ બોર્ડના સભ્યશ્રીઓ, વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગીય વડાશ્રીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં પ્રસંગિક ઉદબોધન માન્ય ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈએ કર્યું હતું તેમણે સુરતનો વિકાસ અને માનનીય પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ દ્વારા સંસદ સભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત જે ભવન નિર્માણ અને ગ્રાન્ટ આપી તેના માટે તેમને અભિનંદન આપ્યા અને તેમના આવા ઉમદા કાર્યોની પ્રસંસા કરી અને આ ભવનમાં જે લેબ છે તે વધુ સધન બને તેના માટેની સંસાધનો વિકસે તે માટે પણ તેમણે માર્ગદર્શન આપ્યું.

માનનીય મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ પોતાના ઉદબોધનમાં સુરત મહાનગરનો જે વિકાસ થઈ રહ્યો છે તે વૈશ્વિક સ્તરે અને સ્વચ્છતા સંદર્ભે જે રેન્કિંગ પ્રાપ્ત થયું છે તેની વાત કરી અને આદરણીય શ્રીમતી દર્શનાબેન જરદોશ દ્વારા આ પ્રકારના અનુદાનથી જે સંશોધન કેન્દ્ર બન્યું છે એ કેન્દ્ર સમાજ વિકાસ માટે ખૂબ મહત્વપૂર્ણ બની રહેશે આપણે ત્યાંના જે ઉદ્યોગો છે એ ઉદ્યોગો માટે પણ આ એક અનુકૂળ અનુદાન યોગ્ય માર્ગે એમણે આપ્યું છે એ બદલ એમણે એમની પ્રશંસા કરી અને સુરતના વિકાસમાં આ કાપડ સંશોધન કેન્દ્ર અને વિસ્તરણ કેન્દ્ર જે છે તે વધુ લોકોને ઉપયોગી થશે જે વ્યાપાર વાણીજ્ય સાથે જોડાયેલા છે તેના માટે પણ આ એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે ભવિષ્યની પેઢી માટે સંશોધન કરનારા માટે આ કેન્દ્ર વધુ ઉપયોગી થશે.

માનનીય દર્શનાબેન જરદોશે પોતાના ઉદ્‌બોધનમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના કાર્યકાળમાં એમણે રેલ્વે મંત્રી, કાપડ મંત્રી તરીકે જે કાર્યો કર્યા છે તેની વાત કરી વિકસિત ભારત ૨૦૪૭ બનાવવા માટે સરકારની કામગીરી જુદા જુદા ક્ષેત્રોમાં કેવી રીતે સૂક્ષ્મતાથી થાય છે તેની વાત કરી. તેની સાથે સાથે તેમણે નર્મદ વિશ્વવિદ્યાલયના નામની વાત કરી અને વર્તમાનમાં વૈશ્વિક જે પરિદ્રશ્ય થયા છે તેની અસર સુરત અને ભારતના ઉદ્યોગો પર કેવી રીતે પડે છે તેમાંથી આપણે કઈ રીતે બહાર આવી શકીશું એના માટેના કેટલાક સંદર્ભો માન્ય વડાપ્રધાનશ્રી દ્વારા સૂચવાયેલા તેમની ચર્ચા પણ તેમણે કરી હતી અને તેમણે તેમના આ કાર્યને વધુ આગળ વધારવા માટે સંશોધનો વિકસે અને સંશોધકો દ્વારા એ સંસાધનોનો યોગ્ય ઉપયોગ થાય અને વિશ્વવિદ્યાલય નવા આયામ ઉપર પહોંચે અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે તે માટે તેમણે આ પોતાની ગ્રાન્ટ ફાળવી.

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી પોતાના ઉદબોધનમાં માનનીય પૂર્વસંસદ સભ્યશ્રી અને પૂર્વ મંત્રીશ્રી દર્શનાબેન જરદોશજીનો અનુદાન માટે આભાર વ્યકત કરી વિશ્વવિદ્યાલય પરિસરમાં કાપડ સંશોધન અને વિસ્તરણ કેન્દ્ર અનુદાન આપી નવી પેઢીને કૌશલ્ય પૂર્ણ બનાવી અને ઇન્ડસ્ટ્રીઝને અનુકૂળ હોય તેવા સર્ટિફિકેટ ડિપ્લોમાં કોર્સ શરૂ થશે વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ ભવનમાં જે સુવિધાઓ છે તે સુવિધાઓની સાથે નવી લેબ ઊભી થાય અને તેની સાથે સાથે દરિયા કિનારા ઉપર વસેલું આપણું આ શહેર અને એને અંતર્ગત લોજિસ્ટિકસ અને મરીન સાયન્સના અભ્યાસક્રમો શરૂ થાય તે માટેના પ્રયાસો થઈ રહ્યા છે તેની પણ તેમણે વાત પોતાના ઉદબોધનમાં કરી હતી.

કુલ ૨૯૨૩ ચો. ફૂટ ક્ષેત્રફળ ધરાવતા આ કેન્દ્રના નિર્માણ માટે રૂ. ૮૧,૦૦,૦૦૦/–નો ખર્ચ થયેલ છે. કેન્દ્રમાં રીસર્ચ લેબોરેટરી, રેકોર્ડીંગ રૂમ સહિતના અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.

## India-Zimbabwe Academic Connect Meet "Exploring Collaborative Pathways in Higher Education and Research"

શૈક્ષણિક સંબંધો ભારત-જિમ્બાબ્વે સંબંધોને મજબૂત બનાવશેઃ ડૉ. સી.જી.ડી.એન.ચિવેંગા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને જિમ્બાબ્વે વચ્ચે શૈક્ષણિક ભાગીદારી માટે પહેલ કરવામાં આવી.

જિમ્બાબ્વેના ઉપરાષ્ટ્રપતિ ડૉ. સી.જી.ડી.એન. ચિવેંગાએ શનિવારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં યોજાયેલી ઇન્ડિયા-જિમ્બાબ્વે એકેડેમિક કનેકટ મીટને સંબોધતા કહ્યું હતું કે, માહિતી પ્રૌદ્યોગિકી અને ડિજિટલ કૌશલ્યમાં શૈક્ષણિક સહયોગ દ્વારા આ ક્ષેત્રનો વધુ વિકાસ થશે. તેમણે એ બાબત પર ભાર મૂકયો હતો કે અર્થતંત્ર મજબૂત બનાવવા ઉપરાંત કૃષિ, વ્યાપાર, પર્યટન, હોસ્પિટાલિટી અને પર્યાવરણ ક્ષેત્રમાં સંશોધન વધારવાથી બંને દેશો વધુ નજીક આવી શકે છે. તેમણે પોતાની વાત આગળ વધારતા જણાવ્યું હતું કે, જિમ્બાબ્વેમાં ઔષધીય વનસ્પતિઓની મોટા પાયે ખેતીવાડી થાય છે. જેનો આરોગ્યક્ષેત્રે અસરકારક રીતે ઉપયોગ થઈ શકે છે અને આ વિષયમાં ભારત અને જિમ્બાબ્વે સાથે મળી કાર્ય કરી શકે છે.

ઉપરાષ્ટ્રપતિ ચિવેંગાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પ્રતિનિધિ મંડળને જિમ્બાબ્વે પધારવા આમંત્રણ આપ્યું હતું. જેથી બંને દેશો સાથે મળીને પોતાના નાગરિકો માટે ઉત્તમ તકો સર્જી શકે અને સામૂહિક વિકાસના માર્ગે આગળ વધી શકે.

શનિવારે ઉપરાષ્ટ્રપતિ ચિવેંગા પ્રતિનિધિ મંડળ સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં આવ્યા હતા, જ્યાં તેમનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું. આ અવસરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા વરિષ્ઠ પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા. જિમ્બાબ્વેના પ્રતિનિધિ મંડળને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અભ્યાસક્રમો, સંશોધન કાર્ય તથા અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જિમ્બાબ્વેના પ્રતિનિધિ મંડળે સંશોધન પ્રવૃત્તિઓમાં ભાગીદાર થવાની અને તકનીક, પર્યાવરણ, વિજ્ઞાન-જ્ઞાન તથા વ્યાવસાયિક શિક્ષણના ક્ષેત્રોમાં સહયોગી વ્યૂહરચનાથી કાર્ય કરવાની ઇચ્છા વ્યકત કરી હતી.














Veer Narmad South


Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH
GUJARAT UNIVERSITY
Skill India


Veer Narmad South


























## 'ભારતીય જ્ઞાન પરંપરા માટે રીસર્ચ મેથોડોલોજી' વિષય પર સેમિનાર યોજાયો









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેલ તારીખ ૧૯ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ "સંવિધાનમાં નાગરિક કર્તવ્યપાલન" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સુશ્રી અમી ગણાત્રા અને ડૉ. અભિલાષા દ્વિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય જ્ઞાન પરંપરાનાં મૂલ્યો અને દૃષ્ટિકોણોથી પરિચિત કરાવવાનો ઉદ્દેશ હતો. આ ઉપરાંત, રિસર્ચ મેથોડોલોજી દ્વારા સંશોધન પદ્ધતિઓને વધુ અસરકારક અને હેતુપૂર્ણ બનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. વક્તાશ્રીઓ એ જણાવ્યું હતું કે, ભારતીય જ્ઞાન પરંપરા માત્ર તત્વજ્ઞાન અને આધ્યાતિમકતા સુધી સીમિત નથી, તે જીવનની વિવિધ પાસાઓને આવરી લે છે. આ જ્ઞાનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ, તર્કશકિત અને નિષ્કલંક અભિગમનો સમાવેશ થાય છે. આ પરંપરાને આધુનિક સંશોધન પદ્ધતિઓ સાથે સંકલિત કરીને, આપણે વૈશ્વિક સ્તરે નવી દિશાઓ અને દૃષ્ટિકોણો વિકસાવી શકીએ છીએ. ભારતીય જ્ઞાન પરંપરાના ગ્રંથો –જેમ કે વેદ, ઉપનિષદ, ભગવદ ગીતા, અને પુરાણોનો અભ્યાસ કરીએ છીએ, ત્યારે આપણે માત્ર ધાર્મિક

દૃષ્ટિકોણ જ નહીં, પરંતુ વૈજ્ઞાનિક અને તર્કશાસ્ત્રના પાસાંઓ પણ શોધી શકીએ છીએ. આ ગ્રંથો સંશોધન માટે અનંત સંભાવનાઓ પ્રદાન કરે છે. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, રીસર્ચ એન્ડ ડેવેલોપમેન્ટ સેલના ડાયરેકટરશ્રી ડૉ. જયદીપ ચૌધરી અને અંદાજીત ૧૫૦ જેટલા સહભાગીઓ જોડાયા હતા.

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો ૫૭મો પદવીદાન સમારોહ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે તારીખ ૨૯/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો ૫૭મો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં ૧૨ વિદ્યાશાખાઓના ૭૯ અભ્યાસક્રમોના ૪૦,૭૪૫ યુવા છાત્ર–છાત્રાઓને પદવીઓ એનાયત કરવામાં આવી. ઋષિકુમારોએ શંખનાદ, વૈદિક મંત્રોચ્ચાર અને તૈત્તિરીય ઉપનિષદના શ્લોકગાન સાથે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ગુરૂકુળ પરંપરાને ઉજાગર કરી હતી. આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને રાજ્યકક્ષા શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાજીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડા એ પદવીદાન સમારોહમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, આચાર્યશ્રી, શિક્ષકવર્ગ, વિદ્યાર્થીમિત્રો અને વાલીઓનું હાર્દિક શાબ્દિક સ્વાગત કર્યું હતું. પોતાના સ્વાગત સંબોધનમાં તેમણે ૫૭મો પદવીદાન સમારોહની વિશેષતાઓ પર પ્રકાશ પાડયો હતો અને કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર દરેક પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૫૭માં પદવીદાન સમારોહમાં આચાર્ય દેવવ્રતજીએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે આપણી પ્રાચીન સંસ્કૃતિ અને સંસ્કાર સાથેનો જીવંત સેતુ આપણને દિવ્ય ચેતનાઓ સુધી પહોંચાડે છે. તેમના પ્રવચનમાંથી યુવાનોને આ આધ્યાત્મિક સુર અને જીવનમૂલ્યોનો અમૂલ્ય સંદેશ પ્રાપ્ત થયો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારતની સંસ્કૃતિ માત્ર પરંપરા કે રીત–રિવાજોમાં સીમિત નથી, પરંતુ એ જીવન જીવવાની વિજ્ઞાનસિદ્ધ પદ્ધતિ છે, જે માનવજાતને સત્ય, કર્તવ્ય અને ધર્મના માર્ગે ચાવલા માટે પ્રેરિત કરે છે. સંસ્કાર એ જ વ્યકિતને સાચી દિશા બતાવે છે, જેને કારણે તે વ્યસનથી દૂર રહીને પ્રામાણિકતા, ઇમાનદારી અને જ્ઞાનના માર્ગે આગળ વધી શકે છે. આ સંસ્કારનો જ સેતુ યુવાનોને માત્ર વ્યકિતગત વિકાસ માટે જ નહીં, પરંતુ સમાજના કલ્યાણ અને રાષ્ટ્ર નિર્માણ માટે યોગદાન આપવાની શકિત આપે છે. તેમના પ્રવચનમાંથી યુવાનોને આધ્યાત્મિક સુર, નૈતિક મૂલ્યો અને જીવનને અર્થપૂર્ણ બનાવવા માટેનો અમૂલ્ય સંદેશ પ્રાપ્ત થયો.'

શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ પોતાના સંબોધનમાં અનેક વ્યકિતગત ઉદાહરણો આપી સમજાવ્યું કે સાહસ અને મૂલ્યશિક્ષણ યુવાનોના જીવનને કેવી રીતે ઉન્નત બનાવી શકે છે. તેમણે જણાવ્યું કે જીવનમાં પડકારો સામે ડગમગાયા વિના અડગ રહીને આગળ વધવું જ સાચું સાહસ છે, જ્યારે મૂલ્યો વ્યકિતને જીવનભર સાચી દિશા આપે છે. સાહસ અને સંસ્કારના આ બે સ્તંભો યુવાનોને માત્ર વ્યકિતગત કારકિર્દીમાં જ સફળતા અપાવતા નથી, પરંતુ તેમને સમાજ માટે જવાબદાર અને રાષ્ટ્રહિતમાં કાર્યશીલ નાગરિક બનાવે છે. પાનશેરીયાજીએ ભારપૂર્વક જણાવ્યું કે શિક્ષણનો હેતુ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો નથી, પરંતુ તે જ્ઞાનને મૂલ્યો સાથે વણીને જીવનમાં ઉતારવાનો છે, જેથી યુવાનો દેશના ઉજ્જવળ ભવિષ્યના નિર્માતા બની શકે.'

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ.કિશોરસિહં એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડૂક, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એકઝીકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, કૉલેજના આચાર્યશ્રીઓ સહિત પદવી મેળવનાર વિદ્યાર્થીઓ, સ્કુલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો.















VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY
SURAT


Veer Narmad South Gujarat University, Surat


VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT




Gujarat University,
VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,




57th
Convocation



















## વિશ્વવિદ્યાલય ખાતે યુનિવર્સિટી સેન્ટ્રલ લાયબ્રેરી અને નોલેજ રિસોર્સ સેન્ટર તથા બાયોટેકનોલોજી વિભાગના વિસ્તરણ ભવનનું ઉદ્ઘાટન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે નવનિર્મિત વિશ્વવિદ્યાલય સેન્ટ્રલ લાયબ્રેરી અને નૉલેજ રિસોર્સ સેન્ટર તથા બાયોટેકનોલોજી વિભાગના વિસ્તરણ ભવનનું ઉદ્ઘાટન તારીખ ૨૯ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ માનનીય ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલ અને રાજ્યકક્ષાના માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાજીના વરદ્ હસ્તે થયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે ઓનલાઈન વિડીયો સંદેશા દ્વારા શુભેચ્છા પાઠવી હતી.

આ સમારંભમાં માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાજી સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓ, એકેડેમીક કાઉન્સિલના સભ્યશ્રીઓ,

વિશ્વવિદ્યાલય વિભાગના વડાશ્રીઓ, વિવિધ કૉલેજના આચાર્યશ્રીઓ, વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા.

ગુજરાત સરકારના રૂ.૫ કરોડ ૨૨ લાખના અનુદાનથી નિર્માણ પામેલ નવનિર્મિત લાયબ્રેરી ભવન ૪૮,૧૪૦ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવે છે. લાયબ્રેરીમાં કલોકરૂમ, સિકયુરિટી સર્કયુલેશન કાઉન્ટર, રેપ્રોગ્રાફી સેકશન, ઈમ્પેર્ડ સેકશન, વિશ્વવિદ્યાલય પબ્લિકેશન, પિરિયોડિકલ્સ, ઇ-રિર્સોસ, મલ્ટી પર્પઝ હોલ, વહીવટી વિભાગ, ટેકનિકલ પ્રોસેસિંગ સેકશન, બુક એરીયા, લીફટ, ઓડિયો વિઝયુઅલ રૂમ, વુમન્સ લોન્ચ, પી.એચડી. વિદ્યાર્થીઓ માટે સુવિધા, કોમ્પ્યુટર લેબ અને કોન્ફરન્સ રૂમ જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. હાલની જૂની લાયબ્રેરી અહીં સ્થાનાંતરિત થશે. હાલમાં વિશ્વવિદ્યાલય લાયબ્રેરીમાં અઢી લાખથી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે અને આ લાયબ્રેરી અહીં સ્થાનાંતરિત થશે. હાલમાં વિશ્વવિદ્યાલય લાયબ્રેરીમાં અઢી લાખથી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે અને આ લાયબ્રેરી ભારત સરકારની "વન નેશન વન સબ્સ્ક્રિપ્શન" યોજના સાથે પણ જોડાયેલ છે. આ ભવન જ્ઞાનના આદાન-પ્રદાન અને સંશોધન ક્ષેત્રે નવી પહેલ સાબિત થશે.

આ ઉપરાંત, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય બાયોટેકનોલોજી વિભાગનું વિસ્તરણ ભવન ૧,૬૧૭ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવે છે, જેનું નિર્માણ વિશ્વવિદ્યાલયના સેલ્ફ ફાયનાન્સ ફંડમાંથી રૂા. ૩૬,૦૭,૯૩૬ના ખર્ચે કરવામાં આવ્યું છે. આ નવા એક્સ્ટેન્શન ભવનમાં રિસર્ચ લેબોરેટરી, વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર લેબ અને ઓફિસ રૂમ જેવી અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે, જે સંશોધન અને અભ્યાસક્ષેત્રે વિદ્યાર્થીઓને વધુ સક્ષમ બનાવશે.
















## કવિ નર્મદની પ્રતિમાને માલ્યાર્પણનો કાર્યક્રમ યોજાયો



અર્વાચીનમાં આદ્ય એવા કવિ નર્મદા શંકર લાભશંકર દવેની જન્મ જયંતી નિમિત્તે આજરોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે કવિ નર્મદની પ્રતિમાને માલ્યાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. કવિ નર્મદ સહિત વિશ્વવિદ્યાલય પરિસમાં વિદ્યાની દેવીમાં સરસ્વતી તથા યુવાનોના આદર્શ એવા સ્વામી વિવેકાનંદજીના મંદિરોમાં પણ ફૂલહાર તથા પુષ્પ અર્પણ કરી વિશ્વવિદ્યાલય પરિવારે કવિ નર્મદને આ કાર્યક્રમમાં યાદ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા વિવિધ વિભાગના વડા તેમજ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ નોંધપાત્ર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભરતનાટયમમાં ગોલ્ડ મેડલ જીતી વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની (MTB) આર્ટ્સ કૉલેજમાં M.A. (Psychology)નો અભ્યાસ કરતી તેમજ સાર્વજનિક વિશ્વવિદ્યાલયમાંથી (Bharatanatyam) M.P.A. અભ્યાસ કરતી વિદ્યાર્થીની રાધા અંજલી અજીતસિંહ ગઢવીએ તાજેતરમાં કલા ક્ષેત્રમાં ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. તારીખ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૫ના મહાગુજરાત ગાંધર્વ સંગીત સમિતિની અલંકાર (M.A.Bharatanatyam) પરીક્ષામાં, કલા ગુરુ શ્રીમતી પાયલબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ, આખા ગુજરાતમાં પ્રથમ આવીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

આ પ્રાપ્તિ દ્વારા તેણે પોતાનું નામ તો ઉજ્જવળ કર્યું જ છે, સાથે સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયયનું પણ ગૌરવ વધાર્યું છે. રાધા અંજલી અજીતસિંહ ગઢવીએ આ પહેલાં પણ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રતિસ્પર્ધાઓમાં પ્રતિભા દેખાડી છે. ઈન્ટરનેશનલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ચૂકયા છે. યુથ ફેસ્ટિવલમાં બે વખત વિજેતા રહી છે. તેમજ ઈન્ટર કૉલેજ અને વિશ્વવિદ્યાલય સ્તરની વિવિધ સ્પર્ધાઓમાં અનેક પુરસ્કારો પોતાના નામે કર્યા છે. તેમની આ સિદ્ધિઓ એ સાબિત કરે છે કે તે અભ્યાસ અને કળા બંને ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. તેમની સફળતા વિશ્વવિદ્યાલય અને સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ગૌરવની બાબત ગણાઈ રહી છે. તેણીની સફળતા બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેણીને શુભેચ્છાઓ પાઠવે છે.

## 'શિક્ષકો અને વિદ્યાર્થીઓની દ્રષ્ટિઃ રેગિંગને કેવી રીતે અટકાવવી" તે અંગે જાગૃતિ કાર્યક્રમ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના લોકપ્રશાસન વિભાગ દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ શિક્ષકો અને વિદ્યાર્થીઓની દ્રષ્ટિઃ રેગિંગને કેવી રીતે અટકાવવી" વિષયક એક જાગૃતિ પ્રવૃત્તિનું આયોજન કર્યું હતું. આ પહેલ દરેક વિદ્યાર્થી માટે એક સલામત, સમાવેશયુક્ત અને સન્માનજનક શૈક્ષણિક વાતાવરણ બનાવવા માટે વિભાગની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

પ્રવૃત્તિના ભાગરૂપે વિદ્યાર્થીઓએ રેગિંગની માનસિક, સામાજિક અને કાનૂની અસરોને દર્શાવતી એક પ્રેરણાદાયક ડોક્યુમેન્ટરી જોઈ હતી. આ ડોક્યુમેન્ટરી વિદ્યાર્થીઓને રેગિંગના દુષ્પ્રભાવો અંગે જાગૃત કરવા અને રેગિંગમુક્ત કેમ્પસ બનાવવા માટે સામૂહિક જવાબદારીના મહત્ત્વતાને

સમજાવવા માટે યોજવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ચર્ચામાં સક્રિય ભાગ લીધો હતો અને તેમણે પોતાના વિચારો રજૂ કર્યા હતા તેમજ પોતાના વ્યક્તિગત અનુભવો બતાવીને શૈક્ષણિક સંસ્થાઓમાં રેગિંગ રોકવા માટે અસરકારક ઉપાય સૂચવ્યા હતા. તેમની ભાગીદારીએ આ મુદ્દાની ગંભીર સમજ અને સ્વસ્થ અને સુરક્ષિત વિદ્યાર્થી સંસ્કૃતિ બનાવવા માટેની ઇચ્છા દર્શાવી હતી. આ ઉપરાંત વિભાગમાં એન્ટી રેગિંગના સંદર્ભમાં પોસ્ટરો પણ લગાડવામાં આવ્યા છે. વિભાગીય સંયોજક ડૉ.મધુ એમ. થવાનીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં વિદ્યાર્થીઓને આપસી સહયોગ અને સમજ અને સમયસર હસ્તક્ષેપનું મહત્ત્વ સમજાવ્યું અને તેમણે વિદ્યાર્થીઓને એકબીજાનું સમર્થન કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. સ્વાતિ દેસાઈ, ડૉ. દીપિકા ગુપ્તા, ડૉ. નિલમ પટેલ, ડૉ. મમતા ભક્કડ અને શ્રીમતી મમતા મીના સહિતના ફેકલ્ટી સભ્યોએ રેગિંગ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમના સંદેશમાં વિદ્યાર્થીઓએ જવાબદારીપૂર્વક વર્તવું અને સાકારાત્મક, સન્માનજનક વાતાવરણ જાળવી રાખવું તે અંગે ધ્યાન દોર્યું હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે સંવાદ માટે એક ઉત્તમ મંચ પૂરું પાડયું હતું. જેના કારણે વિશ્વાસ વધ્યો અને વિશ્વવિદ્યાલય હેઠળ ઉપલબ્ધ સહાયતા, વ્યવસ્થાઓ, હેલ્પલાઈન અને રિપોર્ટિંગ પ્રક્રિયાઓ વિશે જાગૃતિ વધી હતી. વિભાગની આ પહેલ પ્રતિબદ્ધતાને ફરીથી દૃઢ બનાવે છે કે, તે રેગિંગમુક્ત વિદ્યાર્થીમિત્ર વાતાવરણને પ્રોત્સાહિત કરે, જ્યાં દરેક વિદ્યાર્થી સુરક્ષિત, સન્માનિત અને નિર્ભયતાથી પોતાની શૈક્ષણિક યાત્રા આગળ વધારી શકે.

## વિશ્વવિદ્યાલયના આઈ.સી.ટી. વિભાગના વિદ્યાર્થીઓ ૩ડી પ્રિન્ટીગ વર્કશોપમાં જોડાયા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના જે.પી. દાવર ઇન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ફર્મેશન સાયન્સ એન્ડ ટૅકનોલોજીના આઈ.સી.ટી.વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે ૩ડી પ્રિન્ટીગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો હેતુ વિદ્યાર્થીઓને ડિજિટલ ફેબ્રિકેશન અને એડિટિવ મેન્યુફેકચરિંગ જેવા નવા ઊભરતા ક્ષેત્રમાં પ્રાયોગિક અનુભવ આપવાનો હતો. આ વર્કશોપનું સંચાલન વિભાગના વિદ્યાર્થી વ્રજ સુરતવાલા, રૂતા લાઠીયા, પાર્થ હડિયા, ક્રિષ્ના નડિયાદરા, મિથિલેશ માવાણી, શ્રુતિ રામાણી, કેશવી કાપડિયા, કુષ્ના જાજલ, રવિ નકુમે કર્યું હતું. વર્કશોપના પરિણામે વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શ્રી ગણેશજીની પ્રતિમા ૩ડી પ્રિન્ટીગ ટેકનોલોજી વડે તૈયાર કરી. આ કાર્યથી તેમના ટેકનિકલ જ્ઞાનમાં વધારો થયો તેમજ સર્જનાત્મકતા અને નવીનતા માટે પ્રોત્સાહન મળ્યું. આઈ.સી.ટી. વિભાગ સતત આવા કુશળતા આધારિત વર્કશોપનું આયોજન કરી વિદ્યાર્થીઓને ઉદ્યોગની નવીન પ્રગતિ સાથે સંકળાયેલા રાખવા તથા અનુભવો દ્વારા અભ્યાસ માટે પ્રોત્સાહિત કરે છે. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિભાગના વડાશ્રી ડૉ. પુષ્પલ દેસાઈ તથા આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ધવલ મહેતાએ વિદ્યાર્થીઓની મહેનતની પ્રશંસા કરી અને તેઓએ ભવિષ્યમાં પણ આવી જ સફળતા હાંસલ કરવા માટે શુભકામનાઓ પાઠવી.

## શ્રી એચ.એસ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, મોડાસાના આસિસ્ટન્ટ પ્રોફેસર જિજ્ઞાસા પટેલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. થયા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ, શ્રી.એચ.એસ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, મોડાસામાં કોમર્સ–એકાઉન્ટન્સી વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર જિજ્ઞાસા વિષ્ણુભાઈ પટેલ દ્વારા "A Study of Customer Satisfaction of Selected Bank in Valsad City"ના શીર્ષક હેઠળ મહાશોધ નિબંધની રજૂઆત કરવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયે માન્ય રાખી કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમના આ સંશોધનથી બેન્કિંગ સેવાઓ પર ગ્રાહકોનો અભિપ્રાય કેવો છે તે જાણી શકાશે, ગ્રાહકને શ્રેષ્ઠ બેન્કિંગ ક્ષેત્રની પસંદગી કરવામાં ઉપયોગી થશે, તેમજ બેન્કિંગ ક્ષેત્ર અંગે ગ્રાહકની સમસ્યાઓ કઈ છે તે જાણીને ઉકેલવામાં ઉપયોગી રૂપ થઈ શકશે તેમજ કયા બેન્કિંગ ક્ષેત્રમાં રોકાણ કરવું તે નકકી કરવામાં ઉપયોગી રૂપ થશે. બેંક તરફથી ગ્રાહકોને કઈ કઈ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. એ પણ જાણી શકાશે, તેમજ ભાવિ સંશોધકો માટે આ સંશોધન ટેકારૂપ થઈ ઉપયોગી થઈ શકશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા તેઓને શુભેચ્છાઓ પાઠવી.

## Department of Biotechnology

### "સ્તનપાન અંગે જાગૃતિ" વિષય પર નિષ્ણાંત પ્રવચન





બાયોટેકનોલોજી વિભાગ, વી.એન.એસ.જી.યુ. સુરત દ્વારા "સ્તનપાન અંગે જાગૃતિ" વિષય પર નિષ્ણાંત પ્રવચનનું આયોજન સુરત, ૪ ઓગષ્ટ, ૨૦૨૫ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ( વી.એન.એસ.જી.યુ.) સુરત ખાતે બાયોટેકનોલોજી વિભાગે ૦૪ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ "સ્તનપાન અંગે જાગૃતિ" શીર્ષક હેઠળ એક દિવસીય નિષ્ણાંત ચર્ચાનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ સત્ર જાહેર આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપવા અને સારી રીતે વિદ્યાર્થી સમુદાયનને પ્રોત્સાહન આપવાની વિશ્વવિદ્યાલયની પ્રતિબદ્ધતાના ભાગરૂપે યોજવામાં આવ્યું હતું. ચર્ચાનો પ્રાથમિક ઉદ્દેશ સ્તનપાનના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો. માત્ર બાળક અને માતાના સ્વાસ્થયની દ્રષ્ટિએ જ નહી પરંતુ સમુદાયની સુખાકારીના વ્યાપક સંદર્ભમાં પણ રસપ્રદ વાત એ છે કે આ સત્રમાં સ્તનપાનની પ્રથાઓ અને અમુક દુર્લભ રોગોની વહેલી તપાસ અને નિવારણ વચ્ચેના જોડાણ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જે બાયોટેકનોલોજી અને જીવન વિજ્ઞાનના વિદ્યાર્થીઓને આંતરશાખાકીય પરિપ્રેક્ષ્ય પ્રદાન કરે છે.

શ્રીમતી મીનાક્ષી અનુરાગ ત્રિપાઠી સ્તનપાનના વૈજ્ઞાનિક, પોષણ અને ભાવનાત્મક પાસાઓ પર તેણીની મૂલ્યવાન આંતરદૃષ્ટિ શેર કરી. આકર્ષક ચર્ચાઓ અને પુરાવા આધારિત પ્રસ્તુતિઓ દ્વારા, વિદ્યાર્થીઓને સ્તનપાનના જૈવિક, નવી માતાઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારો અને સ્તનપાન કરાવતી માતાઓને ટેકો આપવામાં આરોગ્ય સંભાળ પ્રદાતાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટી સભ્યોની સક્રિય ભાગીદારી જોવા મળી હતી. સત્ર ઇન્ટરેક્ટિવ પ્રશ્નોતરી રાઉન્ડ સાથે સમાપ્ત થયું, ઉપસ્થિત લોકોએ ચર્ચાની વાસ્તવિક દુનિયાની અસરો અને બાયોટેકનોલોજી અને દુર્લભ રોગ જાગૃતિમાં સંશોધન માટે તેની સુસંગતતાની શોધ કરી. બાયોટેકનોલોજી વિભાગ શૈક્ષણિક જ્ઞાનને સામાજિક જરૂરિયાતો સાથે જોડતા અસરકારક શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવા માટે તેના સમર્પણને જાળવી રાખે છે.

## Department of Commerce

### કોમર્સ વિભાગમાં રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગ દ્વારા ૭મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રાખડી સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને તેમની અનોખી કલાત્મકતા દર્શાવી. તેમણે વિવિધ રંગો અને સામગ્રીઓ જેવી કે બિંદી, અરીસા, સ્પાર્કલ્સ, દોરા, રિબન, સ્ટીકરો અને મોતીનો ઉપયોગ કરીને આકર્ષક રાખડીઓ બનાવી હતી. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા અને તેમની સુષુપ્ત કલાને બહાર લાવવાનો હતો. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓએ માત્ર સુંદર રાખડીઓ જ ન બનાવી પરંતુ સાંસ્કૃતિક પરંપરાને જાળવી રાખવાનો સંદેશ પણ આપ્યો. આ સ્પર્ધાનું સંચાલન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. વત્સલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિજેતાઓમાં પ્રથમ ક્રમે સાપરા સોફિયા, દ્વિતીય ક્રમે પરમાર પ્રતિષ્ઠા અને ટાંક દિશા, જ્યારે તૃતીય ક્રમે મોરડિયા રિદ્ધિ અને શર્મા ક્રિષ્ના રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

### દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમર્સ વિભાગ દ્વારા ૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ દેશભક્તિ અને પ્રતિભાને ઉજાગર કરતી દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રવાદની લાગણીઓથી ભરપૂર મધુર ગીતો રજૂ કર્યા હતાં. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય

ગૌરવની ઉજવણી કરવાનો અને વિદ્યાર્થીઓની સંગીત પ્રતિભાને દર્શાવવાનો હતો. આ સ્પર્ધામાં સ્પર્ધકો અને પ્રેક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેઓ દેશભક્તિની ભાવનાથી એક થયા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે પાટીલ અશ્વિની, દ્વિતીય ક્રમે નીતેશ સોની વિજેતા જાહેર થયા હતા. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન વિભાગના કૉ-ઓર્ડિનેટર ડૉ. વત્સલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી આર.સી. ગઢવીએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.



## બુક રિવ્યૂ સ્પર્ધાનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગ દ્વારા તાજેતરમાં ૨૫મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ બુક રિવ્યુ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં ઊંડાણપૂર્વક વાંચન અને વિશ્લેષણાત્મક વિચારસરણીને પ્રોત્સાહિત કરવાનો હતો. પરંપરાગત અભ્યાસક્રમની બહાર જઈને વિભાગનો હેતુ વિદ્યાર્થીઓની તાર્કિક દલીલો ઘડવાની અને તેમના વિચારોને અસરકારક રીતે વ્યક્ત કરવાની કુશળતાને વધારવાનો હતો. આ કાર્યક્રમ વિભાગની સર્વાંગી વિદ્યાર્થી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે, જે શૈક્ષણિક અને વ્યાવસાયિક સફળતા માટે મજબૂત વાંચન અને વિશ્લેષણાત્મક કૌશલ્યોને આવશ્યક માને છે. ફેકલ્ટી સભ્યોની પેનલ દ્વારા કાળજીપૂર્વક મૂલ્યાંકન કર્યા બાદ વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. શર્મા વિનય પ્રથમ સ્થાને રહ્યા, જ્યારે જોતાણીયા દીક્ષિત દ્વિતીય ક્રમે રહ્યા. તૃતીય ક્રમે શર્મા કિષ્ના અને તિવારી પ્રિયંકા વચ્ચે ટાઈ જાહેર થઈ હતી. આ કાર્યક્રમ વિભાગના કૉ-ઓર્ડિનેટર ડૉ. વત્સલ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રો. રક્ષા પટેલ દ્વારા આયોજિત કરવામાં આવ્યો.

## Department of Comparative Literature

### 'હિંદી ભાષા સંચેતના શિબિર'




કેન્દ્રીય હિંદી સંસ્થાન, અમદાવાદ કેન્દ્રના સહયોગથી 'હિંદી ભાષા સંચેતના શિબિર''નું તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે તારીખ ૧૫ જુલાઈ થી ૨૮ જુલાઈ ૨૦૨૫ સુધી ૧૪ દિવસીય પાઠ્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ કેન્દ્રીય હિંદી સંસ્થાન, આગરાના નિર્દેશક પ્રો. સુનિલ બાબુરાવ કુલકર્ણીની અધ્યક્ષતામાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ક્ષેત્રીય નિર્દેશક ડૉ. સુનિલકુમાર, તુલનાત્મક સાહિત્ય વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. મુકેશ વસાવા , તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યાપકશ્રીઓ તથા વિવિધ વિભાગોમાંથી ૧૦૨ પ્રતિભાગીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. તુલનાત્મક સાહિત્ય વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. મુકેશ વસાવા દ્વારા સ્વાગત અને પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. ડૉ. સુનિલ કુમાર દ્વારા પાઠ્યક્રમનો પરિચય, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા અતિથિ સંબોધન કરવામાં આવ્યું હતું. તેમજ પ્રો.સુનિલ કુલકર્ણી દ્વારા અધ્યક્ષીય ઉદ્બોધન કરી પ્રતિભાગીઓને હિંદી ભાષાનું મહત્ત્વ સમજાવી, હિંદી ભાષાનું રાષ્ટ્રના નિર્માણમાં કેટલો મહત્ત્વપૂર્ણ ફાળો છે તેની સમજ આપી હતી.

શિબિરનાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓનું પૂર્વ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. શિબિરનાં પાઠ્યક્રમમાં હિંદી ભાષા વ્યાકરણ, ભાષા શિક્ષણની વિધિઓ અને ઉદ્દેશ્યો, વાંચન-લેખન અભ્યાસ, પ્રયોજનમૂલક હિંદી, સાહિત્યિક વિધિઓ, સાક્ષાત્કાર, ભારતીય જ્ઞાન પરંપરા જેવા મહત્ત્વપૂર્ણ અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં અધ્યાપનકર્તા તરીકે ડૉ. સુનિલકુમાર, ડૉ. જ્યોતિ સિંહ, ડૉ. અનિલ ગામીત, ડૉ. શૈલેષ ઝાલાએ ફરજ બજાવી હતી. શિબિરનાં અભ્યાસક્રમનાં અનુસંધાને પ્રતિભાગીઓનું ઉત્તર પરિક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરી પ્રથમ ત્રણ ક્રમાંક આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ચૌધરી સુસ્મિતા, દ્વિતીય ભાવના પટેલ, તૃતીય નિશા શાહ રહ્યા હતા.

શિબિરનો સમાપન સમારંભ તા. ૨૮–૦૭–૨૦૨૫ સોમવારના રોજ કરવામાં આવ્યો હતો. સમાપન સમારંભમાં અધ્યક્ષ સ્થાને કેંદ્રીય હિંદી સંસ્થાન, આગરાના નિર્દેશક પ્રો. સુનિલ કુલકર્ણી હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, તુલનાત્મક સાહિત્ય વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. મુકેશ વસાવા, ગુજરાતી વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. નરેશ શુકલા, ક્ષેત્રીય નિર્દેશક ડૉ. સુનિલ કુમાર, તુલનાત્મક સાહિત્ય વિભાગના અધ્યાપકશ્રીઓ તેમજ શિબિરમાં ભાગ લેનાર તમામ પ્રતિભાગીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરવામાં આવી. અતિથિઓનું પુષ્પગુચ્છ અને શાલ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિઓ દ્વારા પ્રતિભાગીઓને આર્શીવચન તથા હિંદીનું મહત્ત્વ સમજાવી, જીવન સફળ બનાવવા શુભકામનાઓ પાઠવી હતી. પ્રતિભાગીઓએ શિબિરના અનુસંધાનમાં પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા. ઉત્તર પરિક્ષણમાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રતિભાગી શ્રી કૃષ્ણ સોનવણે કર્યુ હતું. આભારવિધિ ડૉ. નિર્મળા પટેલ દ્વારા કરવામાં આવી હતી. અંતે રાષ્ટ્રગાન સાથે શિબિર સમાપનની ઘોષણા કરવામાં આવી હતી.

## સંસ્કૃત અધ્યાપક મંડળનું ૧૩મું અધિવેશન










વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય વિસ્તાર 'સંસ્કૃત અધ્યાપક મંડળનું ૧૩મું અધિવેશન' તા.૦૩/૦૮/૨૦૨૫ રવિવારેના રોજ સંસ્કૃત કેન્દ્ર, તુલનાત્મક સાહિત્ય વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે યોજાયેલુ હતું.

જેમાં અધ્યક્ષ સ્થાને વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. વૈદિક પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સ્વાગત ઉદ્‌બોધન મંડળના અધ્યક્ષ ડૉ. નયનાબેન નાયકે કર્યું હતું. મંડળના ગત અધિવેશનનો અહેવાલ તથા મંડળના કાર્યો વિશેની વિગતો મંત્રીશ્રી ડૉ. મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આપી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં મંડળના સભ્યો એવા ડૉ. પુનિતાબેન નાયક અને ડૉ. નીનાબેન ભાવનગરીનું કૈલાશ ગુરુકૂળ અને મોરારીબાપુ દ્વારા તેમને અર્પણ કરવામાં આવેલ 'ભામતી' એવોર્ડ માટે તથા સંસ્કૃત વિષય અને તેના સંશોધન કાર્ય માટે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશ્વ વિદ્યાલય વિસ્તારની વિવિધ કૉલેજમાંથી ગત વર્ષોમાં નિવૃત્ત થયેલા ૧૪ જેટલા અધ્યાપકોનું નિવૃત્તિ સન્માન કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાંથી છેલ્લા સાત વર્ષોમાં જેમનું સંશોધન કાર્ય પૂર્ણ થયું છે તેવા ૨૫ જેટલા સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. થઈ ચૂકેલા સારસ્વતોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. મંડળમાં નવા ઉમેરાયેલા ૨૨ જેટલા અધ્યાપકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ડૉ. પુનિતાબેન દેસાઈ તેમના પ્રતિભાવ આપતી વખતે સંશોધન કાર્ય કઈ રીતે કરવું તથા સંશોધનમાં ચોકસાઈ અને વાચન કેટલું જરૂરી છે તે બાબતે ભાર મૂકી નવા સંશોધકો તથા માર્ગદર્શકોને માર્ગદર્શન આપ્યું હતું.તથા મંડળ દ્વારા તેમના સન્માન બદલ આભાર વ્યક્ત કરી રૂપિયા ૧ લાખ મંડળને કાર્યક્રમના આયોજન રૂપે તેમણે ભેટ આપ્યા હતા.

ડૉ. નીનાબેન ભાવનગરીએ પોતાના પ્રતિભાવો સાથે, 'મારી સંશોધન યાત્રા' વિષય પર માનનીય પ્રવચન આપ્યું હતું અને મંડળ સાથેના પોતાના અનુભવો વ્યકત કરી મંડળને રૂ. ૧૫૦૦૦/– ની ભેટ આપી હતી.

આ કાર્યક્રમમાં મંડળના નિવાસી મંત્રી એવા ડૉ. સુરવીરસિંહ ઠાકોરનું તેમણે મેળવેલ શ્રેષ્ઠ ગુરુવર્ય એવોર્ડ' આર.એ.સી.ના અધ્યક્ષ, બોર્ડ ઓફ સ્ટડીઝના અધ્યક્ષ તથા વિનયન વિદ્યાશાખાના એ.સી.ડી.સી. વિભાગના કૉ–ઓર્ડિનેટર તરીકે નિમણૂક પામવા બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતી વખતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ મંડળની પ્રવૃત્તિઓને બિરદાવી હતી તથા સંસ્કૃત અધ્યાપક મંડળ અને સંસ્કૃતના દરેક પ્રાધ્યાપકો સંસ્કૃત વિષયના પ્રસાર માટે 'સંસ્કૃત કિલનિક' ખોલે તથા પોતાના કાર્યને વિશેષતા આપી સમાજમાં સંસ્કૃત વિષય વિશે નવું વાતાવરણ બનાવી દેશ અને સમાજની સેવા કરે તેવા સૂચન કર્યા હતા. વિશ્વવિદ્યાલય તરફથી સંસ્કૃત વિષય તથા તેના વિકાસ માટે જે કંઈ પણ જરૂર પડે તે બાબતે વિશ્વવિદ્યાલય પરિવાર હંમેશા મદદરૂપ રહેશે તેવું વચન પણ તેમણે આપ્યું હતું.

આભાર દર્શન મંડળના ઉપાધ્યક્ષ ડૉ. ભાવનાબેન ચાંપાનેરીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક ડૉ. પુનીતાબેન પટેલે કર્યું હતું.

ભોજન વિરામ બાદ ત્રીજા સત્રની અંદર અધ્યાપક મંડળના વિસ્તાર માટે નવી કારોબારીની રચના કરવાની પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ ઝોન પ્રમાણે કારોબારી સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી તથા નવી કારોબારીના હોદ્દેદારો તરીકે અધ્યક્ષ – ડૉ. મહેન્દ્રભાઈ ત્રિવેદી, ઉપાધ્યક્ષ ડૉ. ભાવનાબેન ચાંપાનેરી, મંત્રી – ડૉ. પુનિતાબેન પટેલ, કોષાધ્યક્ષ – ડૉ. આનંદ પંડયાની સર્વાનુમત્તે નિમણૂંક કરવામાં આવી હતી. મંડળના વર્તમાન અધ્યક્ષ ડૉ. નયનાબેન નાયક દ્વારા નવા અધ્યક્ષને મંડળનું સમગ્ર સાહિત્ય અર્પણ કરવામાં આવ્યું હતું તથા તમામ નવા હોદ્દેદારોને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મંડળના ૧૩માં અધિવેશનમાં કરવામાં આવેલ કાર્યોનો ચિતાર તથા દાતાઓની વિગતો તથા તેમના દ્વારા મળેલ સહયોગ બદલ તેમનો આભાર ડૉ. સુરવીર સિંહ ઠાકોર દ્વારા માનવામાં આવ્યો હતો. અંતે રાષ્ટ્રગીત સાથે મંડળનું ૧૩મું અધિવેશન ખૂબ જ હર્ષોલ્લાસ રીતે સંપન્ન થયું હતું.

## 'વિશ્વ સંસ્કૃત દિવસ'



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના તુલનાત્મક સાહિત્ય વિભાગ દ્વારા તા. ૧૧/૦૮/૨૦૨૫ના રોજ 'વિશ્વ સંસ્કૃત દિવસ'નું સફળ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. મુકેશભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા જ્યારે મુખ્ય અતિથિ તરીકે ડૉ. સુરવીરસિંહ ઠાકોરે પોતાની ઉપસ્થિતિની કાર્યક્રમને ગૌરવપૂર્ણ બનાવ્યો.

કાર્યક્રમની શરૂઆત વેદમંત્રોચ્ચાર અને દીપ પ્રજ્વલન સાથે કરવામાં આવી બાદમાં સંસ્કૃત ગીતનું સુમધુર ગાયન, સંસ્કૃત નૃત્ય તથા ગીતા શ્લોકોના ભાવપૂર્ણ પાઠન દ્વારા સંસ્કૃત ભાષાનો મહિમા ઉજાગર કરવામાં આવ્યો. મુખ્ય અતિથિએ પોતાના વકતવ્યમાં સંસ્કૃત ભાષાના સાંસ્કૃતિક, સાહિત્યિક અને વૈશ્વિક મહત્ત્વ પર પ્રકાશ પાડયો. અધ્યક્ષશ્રીએ પણ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાના અધ્યયન તથા પ્રચાર–પ્રસાર માટે પ્રેરિત કર્યા.

કાર્યક્રમમાં પ્રાધ્યાપકગણ, વિદ્યાર્થીઓ તથા અન્ય આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિથી વાતાવરણ આનંદમય બન્યું. અંતમાં આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

## Department of Economics

### પ્રથમ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓનો સ્વાગત સમારંભ યોજાયો








તારીખ ૦૧/૦૮/૨૦૨૫નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં એમ.એ.સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે એમ.એ.સેમેસ્ટર–૩નાં વિદ્યાર્થીઓએ સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત વિભાગનાં અધ્યાપકગણ અને બિનશૈક્ષણિક કર્મચારીનું સ્વાગત વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તક અને ખેસ ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અવસરે કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને વિભાગમાં પ્રવેશ મેળવવા બદલ શુભેચ્છાઓ પાઠવી તથા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ વિભાગના કાર્યકારી અધ્યક્ષ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં

આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવા બદલ પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ત્યારબાદ એમ.એ. સેમેસ્ટર–૧ અને ૩નાં વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી જેમાં, વિદ્યાર્થીની દ્વારા પોતાને વિભાગમાં વર્ષ દરમિયાન કેવા અનુભવો થયા તે વ્યક્ત કરવામાં આવ્યા, એમ.એ.સેમેસ્ટર–૩નાં વિદ્યાર્થી દ્વારા ગીત ગાવામાં આવ્યું, આદિવાસી સમૂહ નૃત્ય કરવામાં આવ્યું હતું. અંતે સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની કાકલોત્તર વિધિ દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી હતી અને કાર્યક્રમમાં હાજર રહેનાર દરેકનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## 'જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી' કરવામાં આવી




તારીખ ૦૮/૦૮/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીના ભાગરૂપે જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંપૂર્ણ સંચાલન અને આયોજન ટ્રાયબલ સેલના નોડલ ઓફિસર ડૉ. મનિષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અતિથી તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા તથા અન્ય વિભાગનાં વડાશ્રીઓ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા તથા અન્ય વિભાગનાં વડાશ્રીઓ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગનાં શૈક્ષણિક કર્મચારી, વહીવટી કર્મચારી અને એમ.એ.સેમેસ્ટર–૧ અને ૩માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમની શરૂઆત ભગવાન બિરસા મુંડા તેમજ દેવમોગરી માતાની આરતી અને પ્રાર્થના દ્વારા પરંપરાગત રીતે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથિઓનું શાબ્દિક અભિવાદન કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમનાં આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી. તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ખાતે આગામી સમયમાં કેટલાક મહત્વપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. તેમાં આદિવાસી સંસ્કૃતિનું પ્રદર્શન અને કૃતિઓ રજૂ કરવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. ત્યારબાદ આદિવાસી સમાજની સંસ્કૃતિ દર્શાવતી કેટલીક કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી. જેમાં લોકગીત, સમૂહનૃત્ય, ડાંગી નૃત્ય. ત્યારબાદ આદિવાસી સમાજનાં વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી સંસ્કૃતિની ઝાંખી જુદાં જુદાં વકતવ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી. જેમાં માટલ્ય દેવ, વાઘદેવ, ચૌરી અમાસની ઉજવણી, ગામદેવીની પૂજા, હોળી–દિવાળીની આદિવાસી સમાજ દ્વારા કરવામાં આવતી ઉજવણી, ડુંગરદેવની પૂજા તથા ડાંગી સમાજની પ્રસ્તુતિ અને આદિવાસી લગ્નવિધિ અને રીવાજો અંગે વકતવ્ય રજૂ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના વિભાગના પ્રાધ્યાપક ડૉ. દિલીપ ચૌધરી દ્વારા આ આભારવિધિ રજૂ કરવામાં આવી હતી. પ્રસ્તુત કાર્યક્રમની સફળતા અંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યા હતા.

## જન્માષ્ટમી નિમિત્તે મટકીફોડનું આયોજન કરાયું





તા. ૧૪/૦૮/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં કાર્યરત અર્થશાસ્ત્ર વિભાગમાં અભ્યાસ કરતા એમ.એ.નાં વિદ્યાર્થીઓ દ્વારા જન્માષ્ટમીના પાવન અવસરે મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી, અધ્યાપક ડૉ. યોગેશ એન.વાંસિયા અને ડૉ. મનિષ આર. પટેલ, વિભાગનાં અન્ય પ્રાધ્યાપકો, વહીવટી કર્મચારી તથા એમ.એ.સેમેસ્ટર–૧ અને સેમેસ્ટર–૩નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ અવસરે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા સૌને જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## Department of English

### 'રિસર્ચ મેથેડોલોજી એન્ડ એકેડેમિક રાઈટિંગ' વિષયક રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગ દ્વારા " રિસર્ચ મેથેડોલોજી એન્ડ એકેડેમિક રાઈટિંગ" વિષયક રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન (PM USHA) હેઠળ ૪ થી ૮ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું. આ વર્કશોપમાં આશરે ૧૫૦ સંશોધન વિદ્યાર્થીઓ, વિદ્યાથીનીઓ અને પ્રોફેસરો જોડાયા. તેમનો મુખ્ય હેતુ સંશોધનની પદ્ધતિઓ, પરિકલ્પના રચના, અનૂભૂતિવાદી અભિગમ અને એકેડેમિક લેખન અંગે માર્ગદર્શન આપવાનો હતો.

દેશભરના નિષ્ણાંતોએ વિવિધ વિષયો પર પ્રવચનો આપ્યાં. કોલકાતાના ભારતીય આંકડાકીય અભ્યાસના ડૉ. નીલાદ્રિશેખર દાસે 'Empirical Method and Technology Used in Language' વિષય પર વ્યાખ્યાન આપ્યું. સેન્ટ્રલ વિશ્વવિદ્યાલય ઓફ ગુજરાતના ડૉ. ધારા ચોટાઈએ Historical consciousness & Colonial Practices વિષય પર વ્યાખ્યાન આપ્યું. હૈદરાબાદ સેન્ટ્રલ વિશ્વવિદ્યાલય, હૈદરાબાદના ડૉ. સિદ્ધાર્થ સતપથીએ "Intellectual History and Victorian Studies in India" વિષય પર વ્યાખ્યાન આપ્યું. આઈઆઈટી ભુવનેશ્વરના ડૉ. અક્ષય કુમાર રથે, "Why (do) Theses Fail?" વિષય પર વ્યાખ્યાન આપ્યું. અંગ્રેજી અને વિદેશી ભાષાઓ વિશ્વવિદ્યાલય, હૈદરાબાદના ડૉ. થરકેશ્વર વી.બી.એ Research on Literature and Research Based on Literature: Methodological Issues વિષય પર વ્યાખ્યાન આપ્યું. દિલ્હી વિશ્વવિદ્યાલયના ડૉ. સ્વેતા એન્ટનીએ Shifting Paradigms of Research in Woke Classrooms વિષય પર વ્યાખ્યાન આપ્યું. સેન્ટ્રલ વિશ્વવિદ્યાલય ઓફ ગુજરાતના ડૉ. ભક્તિ ગાલાએ "Literary resources: where to find what you need" વિષય પર વ્યાખ્યાન આપ્યું. સેન્ટ્રલ વિશ્વવિદ્યાલય ઓફ ગુજરાતના ડૉ. ઇશ્મીત કૌર ચૌધરીએ "Academic Writing for Research and Publication" વિષય પર વ્યાખ્યાન આપ્યું. સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલય, રાજકોટના ડૉ. સંજય મુખર્જીએ "The Critical Component in Literary Research: A Discussion" વિષય પર વ્યાખ્યાન આપ્યું. પંજાબ વિશ્વવિદ્યાલય, ચંદીગઢના ડૉ. દીપ્તિ ગુપ્તાએ "Academic Writing: The Elephant in the Room" વિષય પર વ્યાખ્યાન આપ્યું. તેમાં ડેટા કલેકશન અને વિશ્લેષણ, પશ્ચિમી તથા ભારતીય ઈતિહાસના અભિગમની તુલના, ઇકોનોમિક્સ હ્યુમેનિટીઝ, વૈશ્વિક બુદ્ધિચરિત્ર (Global intellectual history), outcome-based research જેવા મુદ્દાઓ આવરી લેવાયા. નવલકથા વાંચનમાં ઘટાડો અને રીલ્સના વધતા પ્રભાવથી માનવીની એકાગ્રતા તથા ક્રિટિકલ થિંકિંગ પર પડતા પ્રભાવ અંગે ચિંતા વ્યક્ત થઈ. "શીખેલું અનશીખવું" (Learning to Unlearn)ના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો.

NEP-2020 દ્વારા પ્રોત્સાહિત લિબરલ આર્ટ્સ અને બહુપદ્ધતિ અભ્યાસ પર ચર્ચા થઈ. સંશોધન માટે વિશ્વસનીય સ્ત્રોતોની અછત એક મોટી સમસ્યા હોવાનું જણાયું, તેથી ડેટાબેઝ, જર્નલ્સ, આર્કાઇવ્ઝ અને લાઈબ્રેરીઓના ઉપયોગને અનિવાર્ય ગણાવવામાં આવ્યો. અનુભવી લેખકો પાસેથી લિટરેચર રિવ્યુ, લેખન માળખું, એબ્સ્ટ્રેક્ટ લખવાની રીત, અને સંશોધન નૈતિકતા અંગે માર્ગદર્શન મળ્યું.

આ વર્કશોપને સાહિત્ય, ઇતિહાસ, તત્વજ્ઞાન અને અર્થશાસ્ત્ર જેવાં ક્ષેત્રોને એકસાથે સાંકળતા સમૃદ્ધ શૈક્ષણિક અનુભવ પૂરું પાડ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ અંગ્રેજી વિભાગે તમામ આયોજકો અને ભાગ લેનારાઓનો આભાર માન્યો.

### મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય રમતગમત દિવસ યોજાયો




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને અંગ્રેજી વિભાગના પ્રો. અને વડાશ્રી ડૉ. મહેશ ડેની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તા. ૩૦/૦૮/૨૦૨૫ના રોજ મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય રમતગમત દિવસ સંદર્ભે અંગ્રેજી વિભાગ દ્વારા 'મ્યુઝિકલ ચેર'ની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતમાં વિભાગના તમામ

વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે પરમાર સત્યા, દ્વિતીય ક્રમે ટેલર પલક તથા તૃતીય ક્રમે વસાવા નિશા વિજેતા થયા હતા. વિભાગના ઇ.ચા. હેડ તથા પ્રો. અમિત પ્રજાપતિ, પ્રો. પરેશ જોશી, પ્રો. સુનીલ શાહ, ડૉ. રેખા પરમાર તથા સ્ટાફના અન્ય સભ્યોએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી, તેમનો ઉત્સાહ વધારી, આવી રમતો આરોગ્ય માટે પણ કઈ રીતે ઉપયોગી છે તે સમજાવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓએ 'વિરાસત–મેજર ધ્યાનચંદ' વિશે ડોક્યુમેન્ટરી ફિલ્મ નિહાળી હતી.

## Department of Gujarati

### યુનિવર્સિટી લાઇબ્રેરીની મુલાકાત









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પ્રાગણમાં આવેલ ગુજરાતી વિભાગ દ્વારા તા. ૨૯/૦૭/૨૦૨૫ના રોજ એમ.એ.સેમ.૧ના વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલય લાઇબ્રેરીની મુલાકાત કરાવવામાં આવી હતી. જેમાં એમ.એ.સેમ–૧ના ચાલીશ વિદ્યાર્થીઓ સહભાગી થયાં હતા. આ મુલાકાત વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલની પ્રેરણાથી સફળ બની હતી. વિશ્વવિદ્યાલય લાઈબ્રેરીના કાર્યકરોનું આયોજન સરસ રીતે કર્યું હતું. જેમાં ગ્રંથાલયની મુલાકાતથી માંડીને લાયબ્રેરીનાં પુસ્તકો કેવી રીતે શોધવા? પુસ્તકોની ક્રમિક શોધવાની રીત વિદ્યાર્થીઓને શીખવી હતી. આ પુસ્તકોમાં વિશેષ કરીને સાહિત્યના પુસ્તકોની મુલાકાત રમેશભાઈએ કરાવી હતી. જેમાં મહાનુભાવોના સાહિત્યથી માંડીને ગુજરાતી સાહિત્ય, હિન્દી સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય, અંગ્રેજી સાહિત્યનો પરિચય કરાવ્યો હતો. આ સિવાય નવલકથા કવિતા, નાટક, એકાંકી, ટૂંકીવાર્તા, ઇતિહાસ, લોકસાહિત્ય, ભાષાવિજ્ઞાન જેવાં સ્વરૂપલક્ષી પુસ્તકોની માહિતી પણ સરસ રીતે આપી હતી. તેમણે કોશ જોવાની રીત પણ વિદ્યાર્થીઓને શીખવી હતી. કોશના શબ્દો, એની અધિકરણો, વિષય સૂચિ કેવી રીતે શોધવી એ પણ ક્રમિકતાથી સમજાવ્યું હતું.

અંતે લાઇબ્રેરીના ઇ.ચા. લાઇબ્રેરીઅન ડૉ. પારૂલ પટેલે વિદ્યાર્થીઓને લાઈબ્રેરીની સુવિધાઓથી પરિચય કરાવ્યો હતો. સાથે જ એમણે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. એકંદરે વિશ્વવિદ્યાલય લાઈબ્રેરીની મુલાકાત વિદ્યાર્થીઓ માટે સફળ નીવડી હતી. એ મુલાકાતના પ્રતિભાવો પણ વિદ્યાર્થીઓ પાસેથી સહજ સાંપડયા હતા.

### પૂર્વછાત્ર મંડળ સ્નેહસભા




તા. ૨જી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ગુજરાતી વિભાગમાં પૂર્વછાત્ર મંડળ દ્વારા સ્નેહસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી વિભ પૂર્વ છાત્રોએ સ્નેહ અને મિલનનો અણસાર કર્યો હતો. કાર્યક્રમમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોડાયા હતા. દિપ પ્રાગટ્ય અને શ્લોકથી આ કાર્યક્રમ વધારે પ્રજ્વલિત થયો હતો. કાર્યક્રમનું સંચાલન રવિ મોકાશી અને વિધી પટેલે કર્યું હતું. આ કાર્યક્રમની શાબ્દિક ભૂમિકા ડૉ.ભરત ઠાકોરે કરી હતી. જેમાં આ કાર્યક્રમ કરવાના હેતુ, પૂર્વછાત્ર મંડળ આગામી સમયમાં મિલનસાર મુલાકાતો વિશે વિગતે વાત કરી હતી. પ્રાસંગિક ઉદ્બોધન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ શબ્દની સાદગી રચી આપી હતી. એમાં પૂર્વછાત્ર મંડળ માટેનો આવકાર, આગામી સમયમાં મોટો કાર્યક્રમ કરવાની સુંદર યોજનાનું આહવાન કર્યું હતું. આ આયોજનમાં ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી જોડાયેલા વિદ્યાર્થીઓના પ્રતિભાવો લેવામા આવ્યા હતા. કાર્તિક મકવાણા, રહેનુમા પઠાણ, વિકાસ ઈંગળે, રવિ મોકાશી, ચૌધરી વિજયા પાસેથી પ્રતિભાવો સાપડયા હતા. જેમાં એમણે વિભાગ સાથેની સુમધુર સ્મૃતિઓ ઉજાગર કરી

હતી. વિશેષ કરીને અંતે આ કાર્યક્રમમાં હેતુ ૨૦૧૩થી લઈને ૨૦૨૫ સુધીના વિદ્યાર્થીઓને જોડવાનો હતો. એમાં ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમોથી વિદ્યાર્થીઓ ઉપસ્થિતિ નોંધાવી હતી. જેના કારણે આ કાર્યક્રમ ફળ્યો ફૂલ્યો હતો. અંતે આભારવિધી કરીને કાર્યક્રમની પૂર્ણાહૂતિ જાહેર કરી હતી.

## એન્ટિ રેગિંગ દિવસ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગમાં તા. ૧૩–૦૮–૨૦૨૫ના રોજ એન્ટિ રેગિંગ દિવસ ઉજવવામાં આવ્યો. યુજીસી દ્વારા ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં રેગિંગના જોખમને અટકાવવા માટે નિયમો ઘડાયા છે. તેમજ ૨૦૨૩માં નિર્ણય લીધો હતો કે ૧૨મી ઓગસ્ટના રોજ 'એન્ટિ રેગિંગ દિવસ' ઉજવવામાં આવશે. ૧૨મી ઓગસ્ટથી ૧૮મી ઓગસ્ટ સુધી એન્ટિ રેગિંગ સપ્તાહ ઉજવવામાં આવશે. જેને ધ્યાને લઈ ગુજરાતી વિભાગમાં એન્ટિ રેગિંગ દિવસ ઉજવવામાં આવ્યો. જેમાં વિભાગના અધ્યક્ષ ડૉ. નરેશ શુકલએ એન્ટિ રેગિંગ વિશે વિસ્તૃત ચર્ચા કરતા, રેગિંગ શું છે? કેવા કેવા સ્વરૂપે જોવા મળે છે. તેમજ એન્ટિ રેગિંગ માટે કાર્યરત સમિટીઓ અને તેના સભ્યો વિશે પણ વિગતે ચર્ચા કરી હતી. અંતે સ્વ વ્યકિતત્વ અને તેની સ્વતંત્રતાનું મહત્ત્વ સમજાવી, કોઈના દબાવમાં ન આવવું જોઈએ એમ જણાવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિભાગના વિદ્યાર્થીઓને ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ અને શૉર્ટ ફિલ્મ પણ બતાવી હતી. જેથી એન્ટિ રેગિંગ દ્વારા થતા નુકસાનને અને તેને માટે રાખવાની સાવધાનિઓને જાણી શકે સમજી શકે તેમજ યુજીસી અને વિશ્વવિદ્યાલય જેવી શૈક્ષણિક સંસ્થાઓની ઝુંબેશ અને જાગૃતિ પ્રવૃત્તિઓથી પરિચિત થાય. એવો આશય રહેલ છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમને અંતે સૌ વિદ્યાર્થી અભ્યાસ પ્રવૃત્તિમાં જોડાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. હેતલ ચૌધરીએ કર્યું હતું.

## ગદ્યસભા–પદ્યસભાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગ દ્વારા ગદ્યસભા–પદ્યસભા અંતર્ગત તા. ૦૨/૦૮/૨૦૨૫ના રોજ ઓગસ્ટ માહમાં આવતા પર્વની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે ૧૫મી ઓગસ્ટ, જન્માષ્ટમી, રક્ષાબંધન વગેરે જેવા તહેવારોને સાંકળીને વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. ભાગ્યશ્રી અને ધનશ્રી દ્વારા પ્રસ્તુત પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ થયો હતો. આ કાર્યક્રમમાં એમ.એ.સેમ.–૧ અને એમ.એ.સેમ.–૩નાં વિદ્યાર્થીઓ દ્વારા યશવંત મહેતાની કૃતિનું વાચિકમ, મણિલાલ કપૂરીયના કાવ્યની સમીક્ષા સાથે રજૂઆત કરી હતી. તેમજ કૃષ્ણ ભકિતના ભજનો, દેશભકિત–દેશપ્રેમનાં ઉત્તમ ગીતો અને ભાઈ–બહેનનો સ્નેહ પ્રગટ કરતાં ગીતોની સુંદર પ્રસ્તુતિ થઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કાર્યક્રમને માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેમ–૩ના વિદ્યાર્થી મિતુલ અને વિશાલ દ્વારા થયું હતું. આભારવિધિ સેમ–૧ની વિદ્યાર્થીની આસ્થાએ કરી હતી.




## Department of Bioscience

## જન્માષ્ટમીની ઉજવણી



વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ બાયોસાયન્સ વિભાગમાં જન્માષ્ટમીના પાવન પર્વની ૧૪ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ખૂબ જ ઉમંગ અને ભકિતભાવ સાથે ઉજવાયો. આ પ્રસંગે વિભાગને ફૂલ, રંગોળી અને પરંપરાગત સુશોભનોથી સુંદર રીતે શણગારવામાં આવ્યો, જેનું આયોજન અને અમલીકરણ સંપૂર્ણપણે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સુંદર રીતે શણગારેલી બાલ કૃષ્ણની ઝૂલાની વિધિથી કરવામાં આવી. ઉજવણીનું મુખ્ય આકર્ષણ મટકી ફોડ સમારોહ રહ્યો, જેમાં ઉત્સાહભેર વિદ્યાર્થીઓએ ભાગ લીધો. વિદ્યાર્થીઓએ સુંદર નૃત્ય પ્રસ્તુતિઓ અને ગરબા રજૂ કરીને માહોલને વધુ આનંદમય બનાવી દીધો. વિભાગના તમામ પ્રોફેસરોએ આરતીમાં ભાગ લીધો અને બાલ કૃષ્ણને ઝુલાવ્યા. વિદ્યાર્થીઓ અને સ્ટાફના સંયુક્ત પ્રયાસોથી આ ઉજવણી ધાર્મિક અને સાંસ્કૃતિક રંગોથી છલકાતી બની. કાર્યક્રમ હર્ષોલ્લાસભેર પૂર્ણ થયો અને સૌનાં મનમાં અમિટ યાદો છોડી ગયો.

## Department of Physics

### સ્વાગત સમારોહનું આયોજન







તા. ૦૫/૦૮/૨૦૨૫ મંગળવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતેનાં ભૌતિકશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા એમ.એસ.સી. સેમેસ્ટર–૧નાં વિદ્યાર્થીઓ માટે સ્વાગત સમારોહનું આયોજન એમ.એસ.સી. સેમેસ્ટર–૩નાં વિદ્યાર્થીઓ ધ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપપ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતાં. જેમણે કેન્યાથી આવેલ વિદેશી વિદ્યાર્થીનું સન્માન પુસ્તક અને વિશ્વવિદ્યાલય પ્રતિક સ્ટોલ ભેટ સ્વરૂપે આપીને કર્યું હતું. ત્યારબાદ કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓને અભ્યાસમાં શ્રેષ્ઠતા માટે પ્રેરણાદાયક સંબોધન આપ્યું તેમજ ૨૧મી સદીનાં વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જોડાયેલા પડકારોને ધ્યાનમાં રાખીને Multidisciplinary Education તરફ આગળ વધવા માટે માર્ગદર્શન પુરું પાડયું હતું. કાર્યક્રમ દરમિયાન વિભાગાધ્યક્ષ ડૉ. આઈ.બી.પટેલ અને અન્ય અધ્યાપકો દ્વારા અભિનંદન અને પ્રેરણાદાયક વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ હાજર સભ્યો માટે ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભોજન પછી રમતો અને વિવિધ સંસ્કૃતિક કાર્યક્રમો વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## Department of Library & Information Science

### રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણી યોજાયો



તા. ૧૩/૦૮/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સમાજવિજ્ઞાન ભવન ખાતે સ્થિત ગ્રંથાલય અને માહિથી વિજ્ઞાન વિભાગમાં રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસની ઉજવણીનાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. યોગેશ એન. વાંસિયા અને અધ્યાપકો તરીકે ફરજ પૂરી પાડતા ડૉ. દિગ્વિજયસિંહ ચૌહાણ, ડૉ. હરિભાઈ ટંડેલ, ડૉ. તૃપ્તિબેન વાંસિયા, ડૉ. કિષ્ના શાસ્ત્રી, ડૉ. જયદીપ ભાઈ વ્યાસ, શ્રી નવનીતભાઈ પટેલ, શ્રી પંકજભાઈ ગામીત અને શર્મા પાયલબેન હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમનું સંચાલન M.L.I.Sc સેમ–૧ નાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટય દ્વારા કરવામાં આી હતી. ત્યારબાદ વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. યોગેશ વાંસિયા દ્વારા નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને વિભાગ અને વિશ્વવિદ્યાલયનો પરિચય આપી શૈક્ષણિક પ્રવૃત્તિ સિવાય અન્ય ઇત્તર પ્રવૃત્તિઓમાં જોડાવા અંગે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું. કાર્યક્રમને આગળ વધારતા ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના અધ્યાપક ડૉ. દિગ્વિજયસિંહ ચૌહાણ પ્રસ્તુત દિવસનું મહત્ત્વ અને એસ.આર.રંગનાથનના જીવન અને કારકિર્દી વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં B.L.I.Sc અને M.L.I.Sc.ના વિદ્યાર્થીઓ દ્વારા ડૉ. એસ.આર. રંગનાથનનાં જીવનચારિત્ર્ય વિષે અને એક ઉત્તમ ગ્રંથપાલ બનવા માટે જરૂરી ગુણ વિષે ચર્ચા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ગ્રંથપાલ દિવસ નિમિત્તે ઉજવણી અર્થે કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## Department of Public Administration

### પોસ્ટર અને સ્લોગન લેખન સ્પર્ધા સાથે આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના લોક પ્રશાસન વિભાગ દ્વારા તા. ૧૨/૦૮/૨૦૨૫ના રોજ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલયના 'વિકસિત ભારત યુવા વર્ચ્યુઅલ કાર્યક્રમ' અંતર્ગત, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા મિરાન્ડા હાઉસ, નવી દિલ્હીના સહયોગથી આંતરરાષ્ટ્રીય યુવા દિવસના આયોજનમાં વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમજ 'દેશભક્ત હીરો' વિષય પર પોસ્ટર નિર્માણ અને સ્લોગન લેખન સ્પર્ધાનું આયોજન કરી આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ઉજવ્યો.

કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જન્માવી અને તેમને દ્રશ્ય કલાના અસરકારક શબ્દો દ્વારા પોતાની સર્જનાત્મકતા વ્યક્ત કરવાનો અવસર પૂરો પાડવાનો હતો. ભાગ લેનારાઓએ ભારતના મહાન સ્વતંત્રતા સેનાનીઓ અને દેશભક્ત નેતાઓને જીવંત રંગો, શક્તિશાળી સંદેશા અને નવીન ડિઝાઈન દ્વારા રજૂ કર્યા, જેમાં સાહસ, એકતા અને બલિદાન જેવા આદર્શો અભિવ્યક્ત થયા. વિદ્યાર્થીઓની કૃતિઓમાં માત્ર કલા કુશળતા જ નહીં, પરંતુ રાષ્ટ્રના ગૌરવશાળી નાયકો પ્રત્યેનો ઊંડો ભાવનાત્મક જોડાણ પણ ઝળક્યો. અનેક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓમાંથી પ્રથમ સ્થાન કિશનને, બીજું સ્થાન કૃષ્ણાને અને ત્રીજું સ્થાન ભૂમિ તથા પ્રકૃતિને સંયુક્ત રીતે પ્રાપ્ત થયું. બાકીના તમામ ભાગ લેનારાઓની સર્જનાત્મકતા અને ઉત્સાહ માટે પણ પ્રશંસા કરવામાં આવી. વિભાગે માર્ગદર્શન અને પ્રોત્સાહન માટે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને માન. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. કાર્યક્રમનું સંચાલન ડૉ. મધુ એમ. થવાણી, વિભાગીય સંયોજક દ્વારા કરવામાં આવ્યું, જેમાં શ્રીમતી મમતા મીના, ડૉ. દીપિકા ગુપ્તા, ડૉ. સ્વાતિ દેસાઈ, ડૉ. મમતા ભક્કડ અને ડૉ. નિલમ પટેલના સમર્પિત સહકારનું યોગદાન રહ્યું.

આ પ્રસંગે સમાજશાસ્ત્ર વિભાગના ડૉ. મોસમ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપી અને સમજાવ્યું કે દેશભક્તિને વર્તનના એક ભાગ તરીકે પણ જોવામાં આવી શકે છે. આ ઉજવણી માત્ર સ્પર્ધા પૂરતી ન રહી, પરંતુ દેશભક્તિના ભાવને સમર્પિત જીવંત શ્રદ્ધાંજલિ સાબિત થઈ, જેણે યુવાનોને ભારતના નાયકોના વારસાને આગળ ધપાવવા માટે પ્રેરિત કર્યા.

### ધ્યાનચંદના જન્મદિવસની ઉજવણી નિમિત્તે વિવિધ રમતગમતના કાર્યક્રમનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના લોકપ્રશાસન વિભાગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ રમત-ગમત સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મેજર ધ્યાનચંદના જીવન અને સિદ્ધિઓ પર વકતવ્યથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મેજર ધ્યાનચંદના યોગદાન અને ભારતીય હોકીમાં તેમના અમૂલ્ય પ્રદાન વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ ઉપરાંત, આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ વધારવા માટે કેરમ, બેડમિન્ટન, ટેબલટેનિસ, ક્રિકેટ અને ચેસ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાએ

વિદ્યાર્થીઓને વ્યૂહાત્મક વિચારસરણી અને ધ્યાન કેન્દ્રિત કરવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડયું હતું. આ પ્રસંગે વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. મધુ એમ. થવાણીએ વિદ્યાર્થીઓને રમતગમતથી એકાગ્રતા વધે તેમજ શારીરિક અને માનસિક સવસ્થ્ય માટે નિયમિત રમતગમતની પ્રવૃત્તિઓ કરવા સમજાવ્યું હતું. વિભાગના અધ્યાપકોએ વિદ્યાર્થીઓના ઉત્સાહની પ્રશંસા કરી અને ભવિષ્યમાં આવા વધુ કાર્યક્રમોનું આયોજન કરવાની ખાતરી આપી હતી. આ ઉજવણીએ મેજર ધ્યાનચંદને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સાથે વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે જાગૃતિ અને રસ વધાર્યો હતો.

## Department of Sociology

### સમાજશાસ્ત્ર વિભાગના છાત્રો દ્વારા લાઈબ્રેરીની મુલાકાત




વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં તારીખ ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ને મંગળવારના રોજ એમ.એ. સેમેસ્ટર–૧ના વિદ્યાર્થીઓ દ્વારા લાઈબ્રેરી ઓરિએન્ટેશન કાર્યક્રમ અંતર્ગત વિશ્વવિદ્યાલયની સેન્ટ્રલ લાઈબ્રેરીની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાતમાં ઇન્ચાર્જ ગ્રંથપાલ પારૂલબેન પટેલ અને ગ્રંથાલયના અન્ય કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયની મધ્યસ્થ ગ્રંથાલયથી માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને ગ્રંથાલયના વાંચન વિભાગ, રેફરન્સ બુક વિભાગ, અપ્રાપ્ય પુસ્તકના વિભાગ સાથે ઇ–રિસોર્સનો ઉપયોગ કેવી રીતે કરવો? તેમજ સૌલ સોફટવેર પરથી પુસ્તક શોધવા અંગેની વિગતવાર સમજૂતી આપવામાં આવી હતી. આ સેન્ટ્રલ લાઈબ્રેરીની મુલાકાતમાં વિદ્યાર્થીઓની સાથે વિભાગના વડા. ડૉ. એમ.એન.ગાયકવાડ તેમજ વિભાગના અધ્યાપકો પણ સહભાગી બન્યા હતા. આ મુલાકાતમાં વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### સમાજશાસ્ત્ર વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા આદિવાસી સંસ્કૃતિ પર વ્યાખ્યાન યોજાયું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. સુમીરભાઈ દામ્યાભાઈ ગામીત દ્વારા આદિવાસી સંસ્કૃતિ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં પૃથ્વીની અજૈવિક અને જૈવિક તત્વો આ તત્વો એકબીજા સાથે પરસ્પર આધારિત છે. સમગ્ર જીવસૃષ્ટિની ઉત્પતિ, આદિમ જીવનશૈલીથી ખેતી અને પશુપાલન સાથે આદિવાસી જીવનશૈલી અંગે માહિતી અને કુદરતી આપત્તિઓને કારણે પ્રાકૃતિક ધર્મની ઉત્પતિ રીતે થઈ તે વિશેનો માહિતી આપી હતી. સાથે આદિવાસી સંસ્કૃતિની ઉત્પતિ અને તેના મૂળ પરંપરાઓ, રિવાજોની, રૂઢિઓ વગેરે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. સાથે સંસ્કૃતિક સંકુલ, સાંસ્કૃતિક પ્રતીમાન અને સંસ્કૃતિક ક્ષેત્ર વિષે વિસ્તૃત માહિતી આપી હતી. સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓને આદિવાસી સંસ્કૃતિના વિવિધ પ્રાસંગિક વિષયો પર વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરી કરી હતી. સમગ્ર કાર્યક્રમનો સંચાલન ડૉ. જીતેન્દ્ર વસાવા અને પ્રા. પરેશ સાળવેએ તથા આભારવિધિ ડૉ. દિક્ષિતાબેન પટેલે કરી હતી. કાર્યક્રમમાં વિભાગના સૌ અધ્યાપકોએ સહયોગ આપ્યો હતો.




### શિક્ષણ અને સંશોધનમાં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય પર વ્યાખ્યાન યોજાયું



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં Sociological Perspectives in Teaching and Research પ્રો. (ડૉ) જયપ્રકાશ એમ. ત્રિવેદી (નિવૃત અધ્યાપક અને અધ્યક્ષ સમાજશાસ્ત્ર વિભાગ, એસ.પી.વિશ્વવિદ્યાલય વિદ્યાનગર)નું વ્યાખ્યાન યોજાયું. જેમાં સમાજશાસ્ત્રનો ઉદભવ, વર્તમાન સમયમાં સમાજનો ખ્યાલ, સામાજિક આંતરક્રિયામાંથી સામાજિક સંબંધોનો ઉદભવ કઈ રીતે થયો. સામાજિક સંબંધોમાંથી સમૂહ/જૂથની રચના રચાય છે. સમૂહ/જૂથને ટકાવી રાખવા માટે નિયમો/ધોરણો બનાવે છે. તેમાંથી સામાજિક માળખું બને છે અને સામાજિક ધોરણોમાંથી સંસ્થાની બનતી હોય છે અને તેમાંથી સામાજિક માળખું બને છે. ટાલકોટ પારસન્સ આધારે AGILના આધારે સમાજની જરૂરિયાત આધારે વિવિધ સંસ્થાઓ રચાતી હોય છે. એમ.એન.શ્રીનિવાસ આપેલ પરસંસ્કૃતિકરણની ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓને સંશોધન

માટે સમાજશાસ્ત્રના ખ્યાલો અને સિદ્ધાંતો વિષે જ્ઞાન હોવું ખૂબજ જરૂરી છે. જેમાં વસ્તુલક્ષી, વાસ્તવિક પરિસ્થિતિ શું? અને શા માટે? જેવા પ્રશ્નોનો ઉદ્‌ભવ અને સમાજની ઘટના/સમસ્યાને વાસ્તવિક ઘટના સાથેના સંબંધોને પરસ્પર શું સંબંધ છે? તે સમજવું જરૂરી છે સમાજશાસ્ત્રીય વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ આવશે તો સમાજની ઘટના/સમસ્યાનો અભ્યાસ કરી શકશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સંશોધન વિષે ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનો સંચાલન ડૉ. મોસમ ત્રિવેદી અને ડૉ. જીતેન્દ્ર વસાવાએ કર્યું હતું. આભારવિધિ ડૉ. દિક્ષિતાબેન પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં વિભાગના સૌ અધ્યાપકોએ સહયોગ આપ્યો હતો.

## વિદ્યાર્થીઓ દ્વારા સુરતના ઐતિહાસિક કિલ્લાની મુલાકાત





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ સુરતના ઐતિહાસિક કિલ્લાની મુલાકાત લીધી. જેમાં કિલ્લાની ઐતિહાસિક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ વિદ્યાર્થીઓને બતાવવામાં આવી. ડોક્યુમેન્ટ્રી ફીલ્મ ઉપરાંત કિલ્લામાં રાજા–રજવાડાઓના સમયની ઐતિહાસીક સંસ્કૃતિલક્ષી તસ્વીરો, નકશાઓ, વણાટકામ, મૂર્તિઓ, લેખો–શિલાલેખો, કાષ્ટકલા, ચલણી સિક્કાઓ અને નોટો, વિવિધ દેશોની પોસ્ટ ટીકીટો તેમજ ચીનના માટીના વાસણો, હાથીદાંતની બનાવટો, યુદ્ધ સમયના શાસ્ત્રો, બ્રિટીશ શાસન સમયનું દ્રષ્ટાંતરૂપ ન્યાયાલય વગેરેથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ મુઘલ, પોર્ટુગીઝ, ડચ અને બ્રિટીશ શાસનકાળ દરમિયાન વિવિધ સંસ્કૃતિઓ વિષેની જાણકારીઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જીતેન્દ્ર વસાવા, ડૉ. દીક્ષીતા પટેલ, ડૉ. ગોવિંદ બારૈયા અને પ્રા. પરેશ સાળવેએ સુરતના ઐતિહાસિક કિલ્લાની મુલાકાત કરાવી હતી.

## સમાજશાસ્ત્ર વિભાગમાં મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય રમત ગમત દિવસની ઉજવણી કરાય



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય રમતગમતના દિવસની ઉજવણીના ભાગરૂપે 'વિરાસત–મેજરધ્યાનચંદની ડૉકયુમેન્ટ્રી ફિલ્મ બતાવવામાં આવી હતી. સદર કાર્યક્રમ અંતર્ગત વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત ખુરશી, લંગડીકૂદ જેવી રમતો રમાડવામાં આવી. જેમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંગીત ખુરશીની રમતમાં વિદ્યાર્થીની વર્ષા મહાલા પ્રથમ ક્રમે આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. મધુભાઈ ગાયકવાડ તેમજ તમામ સાથી અધ્યાપક મિત્રો હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. જિતેન્દ્ર વસાવા અને ડૉ. દીક્ષિતા પટેલે કયું હતું. આ કાર્યક્રમમાં વિભાગના અધ્યાપિકા ડૉ. બીના વાઢિયાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

# Department of Statistics

## Alumni Lecture on Topic: 'Navigating the World of Clinical Research'



The Department of Statistics, Veer Narmad South Gujarat University, organized an insightful alumni lecture on 12th August 2025 titled *"Navigating the World of Clinical Research"*. The distinguished speaker for the session was Mr. Milan Bhagat (M. Sc. (Applied Statistics) Batch 2008-10) a proud alumnus of the department, who has established himself in the field of clinical research.

The lecture was attended by 99 students along with 5 faculty members, including the Head of the Department. Mr. Bhagat shared his professional journey and highlighted the vast scope of Clinical Research Organizations (CROs). He explained the crucial role statisticians play in clinical trials, regulatory processes, and drug development studies. His talk also shed light on the emerging opportunities in the industry, skill requirements, and global demand for trained professionals in this sector. The session was highly interactive, with students enthusiastically participating in the Q&A round. They gained practical insights into career building, industry expectations, and the importance of continuous learning. The department expressed sincere gratitude to Mr. Milan Bhagat for his valuable time and for guiding the students toward promising career paths in clinical research. The lecture served as both an inspirational and informative experience, strengthening the connection between alumni and the department.

## STATATHON 2025














The Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat, successfully organized STATATHON 2025 on 22nd August 2025, which witnessed enthusiastic participation from both schools and colleges.

A total of 120 participants took part in the event. From standards 8, 9 & 10, there were 10 teams (30 students + 10 teachers = 40 participants); from standards 11 & 12, 11 teams (33 students + 11 teachers = 44 participants); and at the college level, 18 teams from 12 colleges (36 students) participated.

The Inaugural Function commenced with the University Song, followed by the felicitation of all invitees and the Chief Guest. Dr. A. J. Rajyaguru, Professor and Head of the Department of Statistics, delivered an overview of the program and highlighted the remarkable contributions of Prof. C. R. Rao to the field of Statistics. The Chief Guest, Mr. Mehul Patel (District Statistical Officer & Deputy Director, Gujarat Statistical Services, Class–1, District Panchayat Office, Bharuch), addressed the gathering with an inspirational speech, motivating students and emphasizing the significance of statistics across various government sectors.

Competitions were conducted at three levels – School (8, 9 & 10), Higher Secondary (11 & 12), and College level. Winners in each category were awarded trophies, medals, and certificates in recognition of their outstanding performance.

Competitions were conducted at three levels – School (8, 9 & 10), Higher Secondary (11 & 12), and College level. Honourable Vice Chancellor Dr. K. N. Chavda Sir graced the occasion with his

presence and distributed trophies to the winning teams.

Following school/college where winners in each category were awarded trophies, medals, and certificates in recognition of their outstanding performance

- School Level (8th, 9th & 10th):
  1st – Baps Swaminarayan Vidyamandir, Surat
  2nd – I.G. Desai Vidhyalay, Surat
  3rd – Reliance Foundation School (English Medium), Surat
- Higher Secondary Level (11th & 12th):
  1st – Sheth Shree P. H. Bachkaniwala Vidhyamandir, Surat
  2nd – N. M. T. Jariwala English Medium Girls School, Surat
  3rd – I. G. Desai Vidhyalay, Surat
- College Level:
  1st – Shree J. B. Dharukawala B. Com (English Medium) Additional Division (S.F.) for Women's, Surat
  2nd – Sheth C. D. Barfiwala College of Commerce, Surat
  3rd – J. B. Dharukawala Mahila Arts and Commerce College, Surat

The Department also expressed gratitude to its alumni cum judges – Ms. Megha Bansal, Ms. Niharika Navlakha, Mr. Sahil Merai, Mr. Gaurav Bhamre, Mr. Rajeev Yadav, and Ms. Krinal Malaviya – for devoting their time and expertise in evaluating the participants and guiding them.

Dr. Shital Patel, Organizing Secretary, extended a heartfelt Vote of Thanks to all dignitaries, guests, teachers, alumni, and students whose collective efforts contributed to the success of the event.

The event was marked by active engagement, knowledge-sharing, and a celebration of the vital role of statistics in academic, professional, and societal growth.

## NATIONAL SPORTS DAY 2025




The Department of Statistics, Veer Narmad South Gujarat University, celebrated *National Sports Day 2025* on **29th August 2025** at the Department premises in honor of hockey legend Major Dhyan Chand. The programme aimed to promote physical fitness, teamwork, discipline, and a healthy competitive spirit among students.

Fun and competitive events such as **Limbu-Chamchi, Musical Chairs, and Kho-Kho** were organized separately for male and female participants, drawing enthusiastic participation. A total of **49 students participated in Limbu-Chamchi**, **49 in Musical Chairs**, and **32 in Kho-Kho**. The events were conducted under the supervision of **Ms. Disha Bharodiya** and **Ms. Krinal Malaviya**.

Winners were declared in each category. **Kumbhare Vaishnavi (MAS-III)** and **Singh Sachin (MS-III)** won *Limbu-Chamchi,* while **Jagani Jahanvi (MAS-III)** and **Patel Sahilkumar (MAS-III)** emerged winners in *Musical Chairs*. In Kho-Kho, spirited performances led to victories for both male and female student teams. (MS – M.Sc. (Statistics) , MAS – M.Sc. (Applied Statistics).

The celebration successfully highlighted the importance of sports alongside academics and strengthened the bond between students and faculty.

## Department of Youth Welfare & Physical Education

### ૨૧ દિવસીય સમર ફિટનેસ કોચિંગ કેમ્પ–૨૦૨૫

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા છેલ્લા ૨૦ વર્ષોથી વિશ્વવિદ્યાલયના અલગ અલગ રમતના ખેલાડીઓ માટે ૨૧ દિવસય સમર ફિટનેસ કેમ્પનું આયોજન તા. ૨૧/૦૫/૨૦૨૫ થી ૧૦/૦૬/૨૦૨૫ દરમિયાન કરવામાં આવ્યું હતું. ભારતની માત્ર બે વિશ્વવિદ્યાલય છે કે જે ખેલાડીઓ માટે સમર ફિટનેસનું કોચિંગ કૅમ્પનું આયોજન કરે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને મદ્રાસ વિશ્વવિદ્યાલય. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની રમત ગમતમાં ગુજરાત ખાતે એક આગવી ઓળખ છે. જેમાં વિશ્વવિદ્યાલયના ખેલાડીઓ કે જે સ્ટેટ લેવલ કે નેશનલ લેવલ પર વિશ્વવિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરે છે તેવા ૧૨૦ ખેલાડી ભાઈઓ અને બહેનોને ૨૧ દિવસ માટે ફિટનેસ ટ્રેનિંગ વિશ્વવિદ્યાલય પરિસરમાં આપવામાં આવે છે. જેમાં તેઓને સવારે ૬ વાગ્યાથી ૯ વાગ્યા સુધી સવારનું ટ્રેનિંગ સેશન હોય છે અને સાંજનું સેશન ૫:૩૦ વાગ્યાથી શરૂ થઈ ૭:૩૦ વાગ્યા સુધીનું હોય છે. ૨૧ દિવસના સમર કેમ્પમાં ખેલાડીઓને કેટલા વાગે ઉઠવું, કેટલા વાગે પ્રેક્ટિસ કરવી, કેટલા વાગે બ્રેકફાસ્ટ કરવો, કેટલો અને કેવો બ્રેકફાસ્ટ કરવો, કેટલા વાગે ડિનર લેવું કેવું અને કેટલું વગેરે જેવી તેઓને વિશ્વવિદ્યાલયમાં ટ્રેનિંગ આપવામાં આવે છે. વિશ્વવિદ્યાલય દ્વારા ખેલાડીઓને રહેવાની અને જમવાની સંપૂર્ણ સગવડ નિશુલ્ક પૂરી પાડવામાં આવે છે અને તેથી જ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું રમત ગમતમાં આગવું નામ

છે. સમર ફિટનેસ કોચિંગ કૅમ્પ દરમિયાન ખેલાડીઓ માટે નિષ્ણાંત દ્વારા બૌદ્ધિક સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સદર કેમ્પમાં ભાગ લેનાર ખેલાડીઓને ગણવેશ અને સર્ટિફિકેટ આપવામાં આવે છે.











સમર ફિટનેસ કોચિંગ કૅમ્પ દરમિયાન ખેલાડીઓ માટે બૌદ્ધિક સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નિષ્ણાંત રવિ મહેતા દ્વારા લેકચર આપવામાં આવેલ હતું. સદર કેમ્પમાં તા. ૦૭/૦૬/૨૦૨૫ના રોજ ડૉ. વિકાસભાઈ પ્રજાપતિ દ્વારા નેશનલ એથીકસ અને સ્પોર્ટસ કરીયર પર લેકચર આપવામાં આવ્યું હતું.

તા. ૯–૬–૨૦૨૫ના રોજ ક્રિડાભરતીના અધિકારીશ્રી મીલીંગ દાન્ગેજી દ્વારા લેકચર આપવામાં આવેલ હતું. ૨૧ દિવસીય સમર ફીટનેશ કોચિંગ કેમ્પની પૂર્ણાહૂતિના કાર્યક્રમમાં કુલપતિશ્રી, કુલસચિવશ્રી, વિભાગના ઇ.ચા. નિયામકશ્રી અને કોચ દ્વારા ભાગ લેનાર ખેલાડીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. ખેલાડીઓ પાસેથી કેમ્પ દરમિયાન થયેલ અનુભવ વિશે પ્રતિભાવ પૂછવામાં આવ્યો હતો. તમામ ભાગ લેનાર ખેલાડીઓને ગણવેશ અને સર્ટિફિકેટ આપવામાં આવેલ હતા.











## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### સંસ્કૃતિક ઉત્સવ–૨૦૨૫ની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ભારતીય જ્ઞાન પરંપરા અંતર્ગત 'સંસ્કૃતિક ઉત્સવ–૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થના કરી, દીપપ્રાગટ્ય કરી, ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈ મેડમએ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું અને તેઓએ વિદ્યાર્થીઓનું અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે સુમેળ મળે અને સમૂહમાં કાર્ય કરવાની ક્ષમતાની કેળવણી મળે છે. આ સમગ્ર કાર્યક્રમ NEP-2020 અંતર્ગત કરવામાં આવ્યો હતો. આ ઉત્સવ પ્રાધ્યાપક ડૉ. મયંક વી. સોઢાના સહયોગથી કૉલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનીઓ દ્વારા આયોજન થયું હતું કે જેમાં સંગીત, નૃત્ય, ડીબેટ (ભારતીય સાંસ્કૃતિક વિષયો પર ચર્ચા) પાર્ટનર યોગા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં ૮૨ વિદ્યાર્થીનીઓએ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે ડૉ. ઝંખના પરમાર, ડૉ. ચિરાગ સિદ્ધપુરિયા, પ્રો. ક્રિષ્ના દેવાની, પ્રો. ભૂમિ મિસ્ત્રી તેમજ ઝેડ.એસ.પટેલ કૉલેજ ઓફ મૅનેજમેન્ટના પ્રો. બરખા દેસાઈ, હાજર રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

### રક્તદાન શિબિર

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, એન.એસ.એસ. વિભાગ, આઈ.ક્યુ.એ.સી. અમરોલી મેડીકલ સર્કલ, ફેમિલી ફિઝીશ્યન એસોસિએશન, લાયન્સ કલબ સુરત ક્રિસ્ટલ વિભાગના સંયુક્ત ઉપક્રમે ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૦૧–૦૮–૨૦૨૫ના શુક્રવારના રોજ શૈક્ષણિક વર્ષ:૨૦૨૫–૨૬માં 'પ્રથમ રક્તદાન શિબિર'નું આયોજન થયું હતું. મુખ્ય મહેમાન તરીકે વાડિયા વુમેન્સ કૉલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ ડૉ. અશોકભાઈ એમ.દેસાઈ હાજર રહ્યા હતા. અમરોલી મેડીકલ સર્કલમાંથી ડૉ. ભવ્યેશ સોલંકી, ડૉ. રાજેશ પટેલ, ડૉ. વિનય પંડયા, ડૉ. વિપુલ પ્રજાપતિ અને લાયન્સ કલબ સુરત ક્રિસ્ટલનાં પ્રેસીડન્ટ ભૂમીબેન, પાસ્ટ પ્રેસીડન્ટ અરુણાબેન, ચાર્ટર પ્રેસીડન્ટ રંજુબેન કાબરા તથા સુરત રક્તદાન કેન્દ્ર અને રીસર્ચ સેન્ટરના ડૉ. કૃતિબેન ડુમસવાલા, ફેમિલી ફીજીશીયન એસોસીએશન પ્રેસીડન્ટ ડૉ. વિનોદરાય પટેલ પણ હાજર રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. નિહારિકાબેન જોષી, પ્રા. પંકજભાઈ નાયકા અને પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા તથા NSS સ્વયંસેવકોએ કર્યુ હતું. આ શિબિરમાં જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ તથા સ્નેહલભાઈ હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફસભ્યોએ પણ ઉત્સાહભેર રક્તદાન કરી ૫૪ રક્ત બેગ એકત્ર થઈ હતી. રક્તદાતાઓને સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કૉલેજનાં શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ. સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.



### રાજા રવિ વર્મા આંતર કૉલેજ ચિત્ર સ્પર્ધા



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ,અમરોલીમાં તા. ૦૧/૦૮/૨૦૨૫ને શુક્રવારના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ "રાજા રવિ વર્મા આંતર કૉલેજ ચિત્ર સ્પર્ધા" આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે ડીસ્ટ્રીકટ બેન્કના મેનેજર પારૂલબેન હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. વણઝારા સંજનાએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૫૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહેમાનનો પરિચય પ્રા. ડૉ. પરેશભાઈ જે. રબારીએ તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. જીતેન્દ્ર ડી. વાછાણીએ તથા પ્રા. બિનાબેન એન. રાવલે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે પી.પી.સવાણી કૉલેજની વિદ્યાર્થીની તીષા પટેલ, દ્વિતીય ક્રમે એસ.ડી. જૈન કૉલેજનો વિદ્યાર્થી પાલ સાંધાણી અને તૃતીય ક્રમે પી.પી.સવાણી કૉલેજની વિદ્યાર્થીની પરમાર મીમાંશાબેન તથા ટી.એન્ડ ટી.વી. કૉલેજની વિદ્યાર્થીની ખુશી એચ. પટેલ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ઈવેન્ટ મૅનેજમેન્ટ કોર્ષની વિદ્યાર્થીની વરના કૃપા અને રાઠોડ કૃપાલી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. બિનાબેન એન. રાવલ દ્વારા કરવામાં આવી હતી.

## સરદાર વલ્લભભાઈ પટેલ આંતર કૉલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ,અમરોલીમાં તા. ૦૪–૦૮–૨૦૨૫ને સોમવારના રોજ ઈ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ સરદાર વલ્લભભાઈ પટેલ આંતર કૉલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે હાર્દિકભાઈ જે. કાકડિયા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. બાંહમનીયા અસ્મિતાએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ– ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહેમાનનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. મિલનભાઈ આર. તલસાનિયા દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. છાયાબેન યુ. નાયકે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે સર કે.પી.કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી તુફેલ શેખ, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ.આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી રીમિત જોટાણીયા અને તૃતીય ક્રમે ઉધના સિટીઝન કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી રાજ વિશ્વાસ પટેલ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. રાઠોડ મીનલ, કુ. ડાભી સેજલ દ્વારા અને આભારવિધિ પ્રા. ડૉ. રીતુ આર. અગ્રવાલ દ્વારા કરવામાં આવી હતી.

## એન્ટી રેગિંગ કાર્યક્રમ સફળતાપૂર્વક ઉજવાયો



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં ઇ.ચા.પ્રિ.ડૉ.સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ "એન્ટી રેગિંગ કાર્યક્રમ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં એન્ટી રેગિંગ અંગે જાગૃતિ લાવવી અને શિસ્તપૂર્ણ શૈક્ષણિક વાતાવરણ બનાવવાનો રહ્યો હતો. પ્રાધ્યાપક બિંદુ ઠાકોરની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સુમેળભર્યું સંચાલન ડૉ. રાજ ડુમસીયાએ કર્યું હતું. મુખ્ય વકતા તરીકે બકુલકુમાર પરજિયાએ હાજરી આપી હતી. તેમણે રેગિંગના કાનૂની અને સામાજિક પરિણામો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. અંતે દરેકે વિશ્વાસ વ્યકત કર્યો કે કૉલેજ કેમ્પસ રેગિંગમુકત રહેશે અને દરેક વિદ્યાર્થી માટે સુરક્ષિત રહેશે.

## નવર્સજન આંતર કૉલેજ મહેંદી સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં તા. ૦૬/૦૮/૨૦૨૫ને બુધવારના રોજ ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ "નવસર્જન આંતર કૉલેજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમેન્ટ બી.બી.એ.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતીબેન મહેતા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. શાહ નુપુરે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્‌બોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૫૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહેમાનનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. રોહિતભાઈ ડી. ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. નેહાબેન વી. ઉપાધ્યાયે સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે જે.બી.ધારૂકાવાલા કૉલેજની વિદ્યાર્થી મિતલ ગોસ્વામી, દ્વિતીય ક્રમે સુટેક્ષ બેંક કૉલેજની વિદ્યાર્થીની ઋષિતા નાકરાણી અને જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની ગોપી વેગડ અને તૃતીય ક્રમે અખંડઆનંદ કૉલેજની વિદ્યાર્થીની કૌશિકા વાઘેલા, એસ.ટી.એન્ડ ડી. એમ.ટી. કૉલેજની વિદ્યાર્થીની રિદ્ધિ ઘોઘારી તથા એસ.ટી.પી. આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની મજીદા પેથાની વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. આસ્થા મુળિયા, કુ. શોભા પરમાર, કુ. હની ટેલર, કુ. હિસ્તીશા તુમ્બડીયા દ્વારા અને આભારવિધિ પ્રા. સ્વાતિ એમ. સુરતી દ્વારા કરવામાં આવી હતી.

## કે.સી.જી દ્વારા ફીનીશીગ સ્કુલ અંતર્ગત ૨૦ દિવસીય સર્વાંગી વિકાસ તાલીમ કાર્યક્રમનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ જ્ઞાન કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) દ્વારા ફીનીશીગ સ્કુલ અંતર્ગત ૨૦ દિવસીય સર્વાંગી વિકાસ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બીજા બેચમાં કુલ ૪૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમનો હેતુ જીવન કૌશલ્યો, સોફ્ટ સ્કિલસ અને સંચાર ક્ષમતાનો વિકાસ કરવો હતો. શ્રીમતી દિપ્તિમયી સ્વાઈન આત્મજાગૃતિ, ટીમ વર્ક, લક્ષ્ય નિર્ધારણ, વિવેચનાત્મક વિચારો અને તણાવ વ્યવસ્થાપન પર જીવન કૌશલ્યનાં સત્રો લીધા, શ્રીમતી પિંકી કુમારીએ અંગ્રેજી અને સૉફ્ટ સ્કિલ્સના ભાગરૂપે શબ્દભંડાર, વાતચીત કૌશલ્ય, ઉચ્ચારણ અને અસરકારક સંચાર પર તાલીમ આપી હતી. કાર્યક્રમમાં ગ્રુપ ચર્ચા, રોલ પ્લે, પ્રેઝન્ટેશન, મૉક ઇન્ટરવ્યુ અને સર્જનાત્મક લેખન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો, જેના પરિણામે વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ, સંચાર તથા વ્યકિતગત સંબંધ કૌશલ્યોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો. તાલીમકારોએ ભાગ લેનાર વિદ્યાર્થીઓના ઉત્સાહ અને શિસ્તની પ્રશંસા કરી. કૉલેજ તરફથી KCG અને તાલીમકારોને ૨૧મી સદી માટે આવશ્યક કૌશલ્યો આપવાના યોગદાન માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## પીએચ.ડી.



જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજમાં કાર્યરત કોમર્સ/સ્ટેટેસ્ટિકસ વિષયના એડહોક ફેકલ્ટી રોહિતભાઈ ડી. ચૌહાણ દ્વારા રજૂ કરેલા મહાશોધ નિબંધ A Statistical Analysis of Migrant Diamond Workers in Surat City : From the Perception of Population & Socio-Economic Condition વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયે માન્ય રાખી, તેમને કોમર્સ/સ્ટેટેસ્ટિક્સ વિષયમાં પીએચ.ડીની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના સ્ટેટેસ્ટિકસ વિભાગના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ બદલ અમરોલી પરિવાર અને જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અને સ્ટાફ સભ્યોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ઉજવવામાં આવી



તા. ૧૩/૦૮/૨૦૨૫ને બુધવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'શ્રી કૃષ્ણ જન્માષ્ટમી' ઉજવવામાં આવી. આ પવિત્ર પર્વની ઉજવણીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા જેમ કે, કૃષ્ણાકથા રસપાન, માટલી શણગાર, દેશભકિત ગીતો, મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કૉલેજના કેમ્પસમાં સવારે ૯:૦૦ વાગ્યે શરૂ કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. કૃષ્ણકથા રસપાન કાર્યક્રમનું માર્ગદર્શન પ્રા.સુરભીબેન આર. કાછીયાએ આપ્યું હતું. આ રીતે વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને ટીમ વર્કના મૂલ્યોનો સંચાર કરવામાં આવ્યો. આ શુભ અવસરે કૉલેજનું આખું પરિસર શ્રીકૃષ્ણના ભકિતમય માહોલથી ગૂંજતું રહી ગયું હતું. આ સમગ્ર ભકિતમય

કાર્યક્રમનું આયોજન જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ સંસ્કૃતિક સમિતિ, NSS તેમજ NCC વિભાગના સહયોગથી કરવામાં આવ્યું હતું. સર્વેનાં સંકલિત પ્રયાસો હેઠળ વિવિધ સંસ્કૃતિક અને ભકિતસભર પ્રવૃત્તિઓનો સુંદર સમાવેશ કરવામાં આવ્યો હતો, જે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના તથા ધાર્મિક અને સંસ્કૃતિક જાગૃતિ ફેલાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ સાબિત થયો.

## ૭૯મો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અને ધ્વજવંદન કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરત કૉલેજના પટાંગણમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૨૫ને શુક્રવારના રોજ "હર ઘર તિરંગા હર ઘર સ્વછતા" અંતર્ગત ૭૯માં સ્વતંત્રતા દિન નિમિત્તે સવારે ૦૮:૩૦ કલાકે અમરોલી કૉલેજના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના એસોસિએટ પ્રોફેસર ડૉ. રૂસ્તમ એન. સદરી અને ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી.ના સુબેદાર મેજર અશોકભાઈ ઠાકોરના વરદ્દહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમને ઓનલાઈન રાખી YouTube અને Instagramના માધ્યમથી વિદ્યાર્થી અને જાહેર જનતા સુધી લાઈવ પ્રસારણ દ્વારા ૭૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખૂબ મોટી સંખ્યામાં જાહેર જનતા લાઈવ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાઈ ધ્વજવંદન કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી અનુજભાઈ શાહ, એસ.પી.બી. સ્કુલના આચાર્યશ્રી કેયુરભાઈ, ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી.ના હવલદાર રોશન પોડયાલ, સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી સ્ટાફ સભ્યો સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે NCC CTO પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા અને પ્રા. તરુણા મોદીના માર્ગદર્શન હેઠળ SUO મીતા પુમભાડીયા, JOU તન્વી રાજોડીયા અને નેહા ગોંડલીયાની રાહબરી હેઠળ એન.સી.સીની વિદ્યાર્થીનીઓએ ભવ્ય પરેડ કરી હતી. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી.ના સુબેદાર મેજર અશોકભાઈ ઠાકોરે રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતની ભૂમિકા વિશે, દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા. ડૉ. રૂસ્તમ એન.સદરીએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહે પ્રસંગોચિત ઉદ્દબોધન કરી યુવા વિદ્યાર્થીઓને જીવન જીવવાનો સાચો રાહ બતાવ્યો હતો. ડૉ. રાજ ડુમસિયાનાં માર્ગદર્શન હેઠળ કૉલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા દેશભકિત ગીત ડાન્સ રજૂ કરવામાં આવ્યા હતા. જીલ તરપદા દ્વારા વાંસળીના સૂરે, અને ઋષભ વાલોદરિયાએ ગિટાર દ્વારા દેશભકિત ગીત રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં બી.એ., બી.કોમ, એમ.એ, એમ.કોમ., કૉલેજના સ્પોર્ટ્સના અને એન.એસ.એસના વિદ્યાર્થીઓ સમગ્ર સંકુલના શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ સહિત વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીગણ હાજર રહ્યા હતા. "હર ઘર તિરંગા હર ઘર સ્વછતા" અંતર્ગત તિરંગા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ આનંદભાઈ ગજ્જરએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા, પ્રા. નિહારીકાબેન જોષી, પ્રા. ડૉ. મયંકભાઈ સોઢા અને NCC CTO પ્રા. ડૉ. સોનલબેન જરીવાલા, શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણે સુંદર સહકાર આપ્યો હતો.

## વીર ભગતસિંહ આંતર કૉલેજ દેશભક્તિ સ્પર્ધા



તા. ૧૪/૦૮/૨૦૨૫ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ "વીર ભગતસિંહ આંતર કૉલેજ દેશભક્તિ સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. શાહ નુપુરે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિષે માહિતી પ્રા. વિજયભાઈ ચૌધરીએ આપી હતી. મહેમાનનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. બિંદુબેન એ ઠાકોર દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. ચિરાગ સિદ્ધપુરીયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની હેપ્પી પ્રજાપતિ, દ્વિતીય ક્રમે જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની રવિના ગોહિલ અને શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની દામિનિબેન સોલંકી, તૃતીય ક્રમે સી.કે.પીઠાવાલા કૉલેજનો

વિદ્યાર્થી નેવિલ દેવારકાર જે. બી.ધારૂકાવાલા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની માધવી ગોસ્વામી વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. અર્પિતા એન. નિમાવત, પ્રિયા જે. હરસોરા, નિરાલી જે. જાની, તુલસી એચ. પરમાર દ્વારા અને આભારવિધિ પ્રા. ચિરાગ કે. સીધ્ધપુરીયાએ કરી હતી.

## સાંપ્રત' આંતર કૉલેજ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન



તા. ૧૯–૦૮–૨૦૨૫ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સાંપ્રત પોસ્ટર મેકિંગ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે નવયુગ કોમર્સ કૉલેજના ડૉ. મેહુલ બી. શાહ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. શાહ નુપુરે પ્રાર્થનાથી કરી હતી. સમગ્ર વાતાવરણ આનંદ –ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિષે માહિતી પ્રા.ડૉ. રાજ ડુમસીયાએ આપી હતી. મહેમાનનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. ચિરાગ કે.સિદ્ધપુરીયા દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. ડૉ. રાજ ડુમસીયાએ સ્પર્ધકોને સ્પર્ધા વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજની વિદ્યાર્થીની સલોની આર. ખુશવાહા, દ્વિતીય ક્રમે ટી.એન્ડ ટી.વી. ઇન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગ કૉલેજની વિદ્યાર્થીની ક્રિષા એચ. પટેલ, તૃતિય ક્રમે ટી.એન્ડ ટી.વી. ઇન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગ કૉલેજની વિદ્યાર્થીની યશિકા એન. પટેલ, આશ્વાશન ઇનામ આર.વી.પટેલ કૉલેજનો વિદ્યાર્થી શુભમ એમ. કુંજડીયા વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કલસરિયા પૃથ્વી, માંડવીયા ધ્રુવીશા, પરમાર ધારા, ચૌહાણ દ્રષ્ટી, પરમાર રૂપા દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ પ્રા. ડૉ. ચિરાગ કે. સીદ્ધપુરીયા દ્વારા કરવામાં આવી હતી.

## 'પ્રકૃતિ સંવર્ધન' આંતર કૉલેજ પર્યાવરણ વકતૃત્વ સ્પર્ધા

તા. ૨૧–૦૮–૨૦૨૫ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સાંપ્રત પોસ્ટર મેકિંગ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. શાહ નુપુરે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિષે માહિતી પ્રા. ડૉ. ચંદ્રા તાડાએ આપી હતી. મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા.ડૉ. ચંદ્રા તાડા દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. ભરતભાઈ એન. પટેલે સ્પર્ધકોને સ્પર્ધાના નિયમ વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે શાહ એન.એચ.કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની રુકૈયા પારડીવાલા, દ્વિતીય ક્રમે જે.ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી અનુષ ગવાઈ, તૃતીય ક્રમે એમ.ટી.બી કૉલેજની વિદ્યાર્થીની કાવેરી ચૌધરી વિજેતા જાહેર થયા હતા.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની વેકરીયા માનસી, ડોડીયા વૈષ્ણવી, રજોયા તન્વી, સન્ડીસ ખુશી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ પ્રા. ડૉ. ચંદ્રા તાડા દ્વારા કરવામાં આવી હતી.



## શ્રી આનંદશંકર ધ્રુવ આંતર કૉલેજ પુસ્તક સમીક્ષા સ્પર્ધા



તા. ૨૩–૦૮–૨૦૨૫ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'શ્રી આનંદશંકર ધ્રુવ આંતર કૉલેજ પુસ્તકસમીક્ષા સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. પાંડે આંકાક્ષાએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિષે માહિતી પ્રા. કનુભાઈ જી. પટેલે આપી હતી. મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. કનુભાઈ જી. પટેલ દ્વારા આપવામાં

આવ્યો હતો. પ્રા. સુરભીબેન આર. કાછીયાએ સ્પર્ધકોને સ્પર્ધાના નિયમ વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે આર્ટ્સ, સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખોલવડ કૉલેજની વિદ્યાર્થીની નિશા સોલંકી, દ્વિતીય ક્રમે જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની પલક સોલંકી, તૃતીય ક્રમે શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની હાર્વી ભટ્ટ અને જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજનો વિદ્યાર્થી અંકુશ ગવાલ વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાનું સંચાલન ટી.વાય. બી.કોમની વિદ્યાર્થીની પાટીલ સાક્ષી, મિશ્રા મીનાક્ષીએ તથા આભારવિધિ પ્રા. ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ કરી હતી.

## ટી.વાય.બી.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશીપ ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી ખાતે ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ટી.વાય. બી.કોમના વિદ્યાર્થીઓ માટે ઇન્કમ ટેકસ અને જી.એસ.ટી. ક્ષેત્રમાં ઇન્ટર્નશિપ અંગે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે Chartered Accountant Association (CAA), સુરતના પ્રમુખશ્રી હાર્દિકભાઈ કાકડિયાએ વિદ્યાર્થીઓને ઇન્કમ ટેકસ અને જી.એસ.ટી. ક્ષેત્રમાં ઉપલબ્ધ ઇન્ટર્નશીપ તેમજ ભવિષ્યની કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. રાજ ડુમસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રા.ડૉ. ચિરાગ સિદ્ધપુરિયાએ સંકલનની ભૂમિકા નિભાવી હતી.

## સ્વ. પ્રિ.જે.બી.શાહ પુરસ્કૃત ચં.ચી.મહેતા આતંર કૉલેજ એકપાત્રીય અભિનય સ્પર્ધા





તા.૨૬/૦૮/૨૦૨૫ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ "સ્વ. પ્રિ. જે.બી. શાહ પુરસ્કૃત ચં.ચી.મહેતા આંતર કૉલેજ એકપાત્રીય અભિનય સ્પર્ધા" નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે સોનલબેન કુલકર્ણી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત એફ.વાય.બી.કોમની વિદ્યાર્થીની કુ. ભાહ્મ્નીયા અસ્મિતાએ પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ.દેસાઈએ પ્રસંગોચિત ઉદબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહ પૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિષે માહિતી પ્રા. નેહા વી. ઉપાધ્યાયએ આપી હતી. મહેમાનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. ડૉ. રાજ એસ. ડુમસિયાએ સ્પર્ધકોને સ્પર્ધાનાં નિયમ વિષે સમજ આપી હતી. જેમાં પ્રથમ ક્રમે જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજની વિદ્યાર્થીની મુન્સી ઇશા, દ્વિતીય ક્રમે એન.એમ.કૉલેજ ઑફ એગ્રીકલ્ચરની વિદ્યાર્થી સમીપ અગ્રવાલ, તૃતીય ક્રમે એન.એમ.કૉલેજ ઑફ એગ્રીકલ્ચરનો વિદ્યાર્થી હાર્દિક કાવડ અને એસ.એસ. અગ્રવાલ કૉલેજની વિદ્યાર્થીની યશ્વી પરમાર વિજેતા જાહેર થયા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની ભંડારી પ્રિયાંસી, ઝીન્ઝાલા પૂર્વી દ્વારા કરવામાં આવ્યું હતું. અને આભારવિધિ પ્રા. છાયાબેન નાયક દ્વારા કરવામાં આવી હતી.

## 'સ્ત્રી સશક્તિકરણ તથા મેન્ટલ હેલ્થ અવેરનેસ' વિષય પર કાર્યક્રમ યોજાયો





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ " "સ્ત્રી સશક્તિકરણ તથા મેન્ટલ હેલ્થ અવેરનેસ" વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી મહેશ પરમાર (જેન્ડર સ્પેશ્યાલિસ્ટ, ડિસ્ટ્રિકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન એન્ડ ચાઇલ્ડ, સુરત), શ્રીમતી શ્રદ્ધા શાહ (DLSA, સુરત જિલ્લા કોર્ટ) દ્વારા સેક્શ્યુઅલ હેરાસમેન્ટ અવેરનેસ, કાનૂની હક્કો, POCSO એક્ટ, તથા સ્ત્રી માટેની સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન

આપયું. તથા શ્રીમતી હેલી ઝોટા (Certified Master Healer, Certified in parenting and engaged in Vipasana meditation) દ્વારા માનસિક સ્વાસ્થ્યની જાળવણી માટે નિયમિત યોગ, કસરત, પોઝીટીવ વિચારસરણી તથા માતા–પિતા, શિક્ષકો સાથે સંવાદ કરવાનું, વિદ્યાર્થીઓને પડતા સામાન્ય પડકારો અંગે ચર્ચા કરી જેમ કે હીલિંગ થેરાપી, ધ્યાનશકિત (પાવર ઑફ મેડીટેશન), પરીક્ષાનો તણાવ, સાથીદારોનું દબાણ, ચિંતાઓ નિરાશા અને અભ્યાસ તથા વ્યકિતગત જીવનમાં સંતુલન સાધવાની મુશ્કેલી વિષે માર્ગદર્શન આપ્યું હતું. પ્રા. છાયા દેસાઈ (CWDC), પ્રા. નેહા ઉપાધ્યાય (સ્ત્રી સશકિતકરણ સેલ), પ્રા. રુસ્તમ સાદરી (એન્ટી–રેગિંગ કમિટી), પ્રા. બિંદુબેન ઠાકોર (Anti-Sexual Harassment), તથા કૉલેજના પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. ઝંખના પરમારએ કર્યું હતું. અને પ્રા. કાજલ પટેલે કાર્યક્રમનું સંકલન કર્યું હતું. કૉલેજના કુલ ૧૮૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ જાગૃતિપ્રેરક અને સ્ત્રી સશકિતકરણ માટે માર્ગદર્શક સાબિત થયો.

## શ્રી આર. એમ. દેસાઈ પુરસ્કૃત વીર નર્મદ આતંર કૉલેજ પાદપૂર્તિ સ્પર્ધા




તા.૨૯/૦૮/૨૦૨૫ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'શ્રી આર. એમ. દેસાઈ પુરસ્કૃત વીર નર્મદ આતંર કૉલેજ પાદપૂર્તિ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કૉલેજના પ્રા. આર.ડી.ઝા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધાની શુભ શરૂઆત ટી.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની કુ. શાહ નુપૂરે પ્રાર્થનાથી કરી હતી. ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપ્યું હતું. સમગ્ર વાતાવરણ આનંદ–ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. જેમાં વિવિધ કૉલેજના કુલ ૦૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધા વિષે માહિતી પ્રા. વિજયભાઈ ચૌધરીએ આપી હતી. મહેમાનનો તથા નિર્ણાયકોનો પરિચય પ્રા. કાજલબેન પટેલ દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રા. પંકજ નાયકાએ સ્પર્ધકોને સ્પર્ધાનાં નિયમ વિષે સમજ આપી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની દેસાઈ વૃંદા, પટેલ પરી, વસાવા ભૂમિ, પ્રજાપતિ પ્રિતી, વસાવા ભૂમિકા, પટેલ જીયા દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ પ્રા. વિમલેશ આર. વસાવા દ્વારા કરવામાં આવી હતી.

## નેશનલ સ્પોર્ટ્સ ડેનું આયોજન





તા.૨૯/૦૮/૨૦૨૫ને શુક્રવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં ઇ.ચા.પ્રિ. ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ 'નેશનલ સ્પોર્ટ્સ ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું. હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં કૉલેજ ખાતે ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે શ્રી બિકાસ ભુયાન, દ્વિતીય ક્રમે નિમિત પટેલ અને તૃતીય ક્રમે ધવલ સેન વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાના અંતે મોમેન્ટો આપવામાં આવ્યું હતું. ડૉ. રૂસ્તમ સદરી દ્વારા મેજર ધ્યાનચંદની જીવન કથની વર્ણવવામાં આવી હતી અને રમત–ગમત પર પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન અને સંકલન ડૉ. રૂસ્તમ સદરી સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## CAAS Internship Programmeનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ

ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૩૧/૭/૨૦૨૫નાં રોજ Chartered Accountants Association Surat (CAAS) Internship સેમિનારનાં મુખ્ય વકતા તરીકે શ્રી સી.એ.હાર્દિક કાકડિયા (Chartered Accountants Association Surat) હાજર રહ્યા હતા. તેમણે ઇન્ટર્નશીપ વિષય પર માર્ગદર્શન આપી. ઇન્ટર્નશીપ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. સેમિનારમાં બી.કોમ.ના કુલ ૪૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સેમિનારનું સંચાલન ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.કોમ કૉ-ઓર્ડિનેટર પ્રા. ભરત બસરાણી અને ડૉ. અનિલા પિલ્લાઈ દ્વારા કરાયું હતું.

## #Dosti અંતર્ગત ગીત, વકતવ્ય, નૃત્ય અને નાટકનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૦૨/૮/૨૦૨૫નાં રોજ #Dosti "Talent with Friend & for Friend" અંતર્ગત ગીત, વકતવ્ય, નૃત્ય અને નાટક જેવી વિવિધ કૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૧ ટીમનાં ૫૮ વિદ્યાર્થીઓએ પોતાના મિત્રો માટે ગીત, વકતવ્ય, નૃત્ય અને નાટક જેવી અનેક કૃતિઓ રજૂ કરી મિત્રોને યાદ કર્યા હતા. કાર્યક્રમનું આયોજન ડૉ. મુકેશ ગોયાણીનાં નેતૃત્વમાં બી.કોમ. કૉ-ઓર્ડિનેટર પ્રા. ભરત બસરાણીનાં માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમિટીનાં સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## પુસ્તક પરિચય શ્રેણી-૪નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૩૧/૭/૨૦૨૫નાં રોજ પુસ્તક પરિચય શ્રેણી-૪નું આયોજન કરાયું હતું. જેમાં બી.કોમ. વિભાગના ૪ વિદ્યાર્થીઓ (૧) જીંજાળા પ્રદીપ - 'ભગવદ્ ગીતા' (૨) ચંપેવાળા પ્રિયાંશી - 'શિવ કા સંકેત', બી.બી.એ. વિભાગનાં વિદ્યાર્થી કાચરીયા રુદ્ર દિલીપભાઈ - 'Rich Dad Poor Dad', બી.સી.એ. (એ.આઈ)ની વિદ્યાર્થીની કામલીયા કાજલ કે. - હું મન છું' તેમજ બી.સી.એ વિભાગના ૨ વિદ્યાર્થીઓ (૧) ઘેવરિયા ઉત્સવ ભાવેશભાઈ-'સૌરાષ્ટની રસધાર ૧' અને (૨) વાઘ અક્ષીત ધર્મેશભાઈ - 'સૌરાષ્ટની રસધાર ૨ તેમણે વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતા અને તેમના વકતવ્ય દ્વારા શ્રોતાઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યોશ્રી ડૉ. સોનલ ભારતી, પ્રા. ડૉ. હેમાદ્રિ ટીકાવાળા, પ્રા.માનસી શાહ, પ્રા. ડૉ. તન્વી ભાલાળા, પ્રા. ડૉ. રાગીણી પ્રસાદ તેમજ સંદીપ પટેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઇન્ટર કૉલેજ ચેસ સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૦૪ થી ૦૬ ઓગસ્ટ, ૨૦૨૫ દરમ્યાન ઇન્ટર કૉલેજ ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ડૉ. યોગેશ એન. વાંસિયા (ડિપાર્ટમૅન્ટ ઓફ સ્પોર્ટ્સ અને યુથ વેલફેર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), ડૉ. આશિષ દેસાઈ (આચાર્ય, સાસ્કમા ઈંગ્લીસ મીડીયમ કોમર્સ કૉલેજ), જીવન જ્યોત ટ્રસ્ટનાં માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ સ્પર્ધાના ઉદ્દઘાટન સમારંભમાં અમુલ્ય યોગદાન આપ્યું હતું. સ્પર્ધાના ચીફ તરીકે શ્રી નિકુંજ દેસાઈ સહાયક નિકુંજ વાઘેલા, રાજેશકુમાર ચૌધરીએ સેવા આપી હતી. સ્પર્ધામાં વિશ્વવિદ્યાલય કુલ ૪૦ કૉલેજમાંથી ૨૨૦ વિદ્યાર્થીઓએ ભાગ

લીધો હતો. ઇન્ટર કૉલેજ ચેસ સ્પર્ધાના અંતમાં ઇ.ચા. આચાર્ય પ્રા. ચિન્ટુભાઈ ઠક્કર (એસ.વી.પટેલ કૉલેજ ઓફ કમ્પ્યુટર સાઇન્સ અને મૅનેજમૅન્ટ કૉલેજ), આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ (ઉધના સીટીઝન કૉલેજ), તેમજ પ્રા. ચિરાગ પટેલ (અધ્યાપક ઉધના કૉલેજ), જીવન જ્યોત ટ્રસ્ટનાં માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે હાજર રહી વિજેતા ટીમની જાહેરાત કરી હતી. ઇન્ટર કૉલેજ ચેસ સ્પર્ધા ચેમ્પિયન ટીમ ડી.આર.બી. અને એન.આઈ.એમ. કૉલેજ ભરથાણા, સુરત અને રનર્સઅપ ટીમ કે.બી.એસ. કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કૉલેજ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. પ્રદીપકુમાર લેંકા, ડૉ. હેતલ ઢીમ્મર તેમજ સ્પોર્ટસ કમિટી દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## વાલી મીટીગનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમા તા. ૦૬ થી ૦૭ ઓગસ્ટ ૨૦૨૫ દરમ્યાન પ્રથમ વર્ષનાં બી.સી.એ., બી.બી.એ., બી.સી.એ. (એ.આઈ), બી.એસસી. ડેટા સાયન્સ, એમ.એસ. આઈટી વિદ્યાર્થીઓની વાલી–શિક્ષક મીટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલી–શિક્ષક મીટીગમાં કુલ ૮૭૬ વાલીઓએ હાજરી આપી હતી. વાલીઓએ વિદ્યાર્થીઓની શૈક્ષણિક નેતૃત્વ, પ્રગતિ, હાજરી, વર્તન અને ભવિષ્યની તૈયારી અંગે શિક્ષકો સાથે વિગતવાર માહિતી પૂરી પાડવાનો હતો. શિક્ષકોએ શૈક્ષણિક અભ્યાસક્રમ, આંતરિક મૂલ્યાંકન અને આગામી સહ–અભ્યાસક્રમ પ્રવૃત્તિઓ માટેની માહિતી વાલીઓને પૂરી પાડવામાં આવી હતી. વાલીઓ દ્વારા સક્રિય રસ લેવામાં આવ્યો અને વિદ્યાર્થીઓના એકંદર શૈક્ષણિક અને વ્યક્તિગત વિકાસ માટે મૂલ્યવાન સૂચનો અને પ્રતિસાદ આપવામાં આવ્યા. વાલીઓ અને શિક્ષકો વચ્ચે સંકલનને પ્રોત્સાહન આપવામાં આ મીટિંગ ખૂબ જ સફળ રહી. તેમને સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી વિદ્યાર્થી માટેની કૉલેજની ઍપ્લીકેશન અંગે માહિતી આપી વિદ્યાર્થી સાથે સાથે વાલી પણ મોબાઈલ ઍપ્લીકેશન ઉપયોગ કરી શકે છે. તે માટે વાલીને પણ મોબાઈલમાં ઍપ્લિકેશન ડાઉનલોડ કરાવીને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે પણ સમજાવવામાં આવ્યું હતું. આ સમગ્ર મિટીગનું સંચાલન પ્રિન્સિપાલ ડૉ. મુકેશ ગોયાણી તેમજ તમામ કૉ–ઑર્ડિનેટરના માર્ગદર્શન હેઠળ બી.સી.એ., બી.બી.એ., બી.સી.એ.,(એ.આઈ), બી.એસ.સી ડેટા સાયન્સ, એમ.એસ.સી.આઈ.ટી. તમામ ફેકલ્ટી તેમજ પી.ટી.એમ. કમિટી દ્વારા સરકારશ્રી તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આદેશ અનુસાર .તો નું આયોજન કરવાની હાંકલ કરવામાં આવી હતી. જેના પર પુરતું ધ્યાન આપી સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

## 'રાખડી રચના' અંતર્ગત રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમા તા. ૦૭/૦૮/૨૦૨૫ ના રોજ 'રાખડી રચના' અંતર્ગત રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૨૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. રાખડી રચના પ્રથમ ક્રમે જેન્સી સુતરીયા, દ્વિતીય ક્રમે હની પટેલ અને તૃતીય ક્રમે હિતીશા સાપરીયા પ્રાપ્ત કર્યો હતો. આ તમામ સ્પર્ધાનું આયોજન કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને સંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## સમૂહ વાંચનઃ મણકો–૧નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ

કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં સમૂહ વાંચનઃ મણકો–૧નું આયોજન કરાયું હતું. જેમાં બી.કોમ અને બી.સી.એ.નાં ૨૯ જેટલા વિદ્યાર્થીઓએ ગ્રંથાલયમાં બેસીને વિવિધ પ્રકારના પુસ્તકોનું વાંચન કર્યું હતું. આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ વિકસાવવાનો હતો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યો શ્રી ડૉ. સોનલ ભારતી, પ્રા.ડૉ. હેમાદ્રિ ટીકાવાળા અને પ્રા. માનસી શાહ, પ્રા. ડૉ.તન્વી ભાલાળા, પ્રા. ડૉ.રાગીણી પ્રસાદ તેમજ સંદીપ પટેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



## રક્ષાબંધનની ઉજવણી



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં વિદ્યાર્થીનીઓ દ્વારા તા. ૦૭–૦૮–૨૦૨૫નાં રોજ અમરોલી અને કોસાડ પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારીને રાખડી બાંધી રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. અમારી કૉલેજની NSS અને NCC કેડેટ્સની વિદ્યાર્થીનીઓએ પોલીસ અધિકારીને રાખડી બંધી અને મીઠાઈ ખવડાવી હતી. આ કાર્યક્રમમાં પોલિસ ઇન્સ્પેકટરસર શ્રી જે.બી.વનાર, પી.એસ.આઈસર શ્રી કામડિયા, હેડ કોન્સ્ટેબલસર શ્રી મેહુલભાઈ અને અર્જુનસર હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. ઓફિસર સી.ટી.ઓ. ડૉ. અનિલા પિલ્લાઈ અને એન.એસ.એસ. ઑફિસર પ્રા. જ્યોતિકા ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઈનામ વિતરણ કાર્યક્રમ





જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીના વિદ્યાર્થીનીઓ દ્વારા તા. ૦૮–૦૮–૨૦૨૫ નાં રોજ ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડૉ. શ્રીધર નિમાવત (આસીસ્ટન્ટ પ્રોફેસર , મહાત્મા ગાંધી ડિપાર્ટમૅન્ટ ઑફ રૂરલ સ્ટડી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), ડૉ. સુનીલકુમાર શાહ (પ્રોફેસર, ડિપાર્ટમૅન્ટ ઑફ ઈંગ્લીસ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય), જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ગિરધર ગોપાલ મુન્દ્રા, માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ અને અનુજભાઈ શાહ, જીવન જ્યોત ટ્રસ્ટની શાળા આચાર્યશ્રી દિલીપભાઈ પરમાર, વિશ્વવિદ્યાલય યુવા મહોત્સવમાં પ્રથમ ક્રમાંક કૃતિ નાટક નિર્દેશક સુનીલ યદુવંશી, સ્કીટના નિર્દેશક શ્રી હેમાંગ વ્યાસ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. ઇનામ વિતરણ કાર્યક્રમને ઉપલક્ષીને ડૉ. શ્રીધર નિમાવત અને ડૉ.સુનિલકુમાર શાહએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ઇનામ વિતરણ કાર્યક્રમમાં ૧ પી.એચ.ડી., ૩૨ યુથ ફેસ્ટીવલ વિનર્સ, ૮ એન.એસ.એસ., ૨૧ એન.સી.સી., ૯ એમ.એસસી.આઈ.ટી., બી.બી.એ, બી.કોમ. બી.સી.એ.નાં ૭૪ વિદ્યાર્થીઓને વિવિધ આંતર કૉલેજ સ્પર્ધામાં વિજેતાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કૉલેજના તમામ કૉ–ઑર્ડિનેટરશ્રીઓ તથા કૉલેજના અધ્યાપકો અને વહીવટી સ્ટાફે હાજર રહી

કાર્યક્રમની શોભા વધારી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ ડૉ. ચક્ષુ શાહ, ડૉ. સુધાધારા સામલ, ડૉ. હિરલ એ. પટેલ અને પ્રા. નયના મિસ્ત્રી દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## વાલી–શિક્ષક મિટિંગનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૧/૦૮/૨૦૨૫ દરમ્યાન પ્રથમ વર્ષનાં બીકોમ. વિદ્યાર્થીઓની વાલી શિક્ષક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલી શિક્ષક મિટિંગમાં કુલ ૩૫૦ વાલીઓએ હાજરી આપી હતી. વાલીઓએ વિદ્યાર્થીઓની શૈક્ષણિક નેતૃત્વ, પ્રગતિ, હાજરી, વર્તન અને ભવિષ્યની તૈયારી વિદ્યાર્થીઓનો અભ્યાસ ક્રમ, આંતરિક મૂલ્યાંકન અને સહ–અભ્યાસ પ્રવૃત્તિઓ માટેની માહિતી વાલીઓને પૂરી પાડવામાં આવી હતી. વાલીઓએ વિદ્યાર્થીઓના એકંદર શૈક્ષણિક અને વ્યકિતગત વિકાસ માટે મૂલ્યવાન સૂચનો કર્યા હતા અને પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. કૉલેજ દ્વારા ચાલવવામાં આવતી કૉલેજની ઍપ્લિકેશન અંગે માહિતી અને તે ઍપ્લિકેશન વિદ્યાર્થી સાથે સાથે વાલીઓને પણ કઈ રીતે ઉપયોગ કરવો જેમાં વિદ્યાર્થીને હાજરી, એસાઈમેન્ટ, ક્લાસ ટાઈમટેબલ, કૉલેજની નોટીસ વગેરેની માહિતી આપવામાં આવી અને વાલીને એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. આ મિટિંગનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને કૉ–ઑર્ડિનેટરના માર્ગદર્શન હેઠળ બી.કોમની કમિટી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## સમૂહ વાંચનઃ મણકો –૨નું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૪/૮/૨૦૨૫ના રોજ 'સમૂહ વાંચનઃ મણકો –૨'નું આયોજન કરાયું હતું. જેમાં બી.બી.એ., બી.સી.એ. તેમજ બી.સી.એ. (એ.આઈ)નાં ૩૯ જેટલા વિદ્યાર્થીઓએ ગ્રંથાલયમાં બેસીને વિવિધ પ્રકારના પુસ્તકોનું વાંચન કર્યું હતું. આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ વિકસાવવાનો હતો. ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન લાઈબ્રેરી કમિટીના સભ્યો શ્રી ડૉ. સોનલ ભારતી, પ્રા.ડૉ. હેમાદ્રિ ટીકાવાળા અને પ્રા. માનસી શાહ, પ્રા. ડૉ. તન્વી ભાલાળા, પ્રા. ડૉ. રાગીણી પ્રસાદ તેમજ સંદીપ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રકતદાન શિબિર




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં ધ વરાછા, કો–ઓપરેટીવ બેંક લીમીટેડ, ઍક્ઝામ શાળા, ક્વોડક્વોન્ટમ પ્રા.લિ., અમરોલી મેડીકલ સર્કલ, અમરોલી પોલીસ સ્ટેશન, સુરત રકતદાન કેન્દ્ર અને સંશોધન કેન્દ્ર, રાષ્ટ્રીય સેવા યોજના (NSS), ફેમીલી ફિઝીશયન ઍસોસિયેશન (FPA) સુરત, કાયમી વિદ્યાર્થી મંડળ અમરોલી (BBA, BCA, B.Com)4 સંતોશ વુમન્સ કેર હોસ્પિટલ અને IVF સેન્ટર, એસ.આર.કે. નોલેજ ફાઉન્ડેશન મહેમાન તરીકે શ્રી ભવાનભાઈ બી. નવાપરા (ચેરમેન, ધ વરાછા કૉ–ઓપરેટીવ બેંક લીમીટેડ), શ્રી કાનજીભાઈ ભાલાળા (ડાયરેકટર/બોમ ચેરમેન, વરાછા સહકારી બેંક લિમિટેડ), શ્રી વિજય ડી. ચોવટિયા (બ્રાંચ મેનેજર, અમરોલી બ્રાંચ ધ વરાછા કૉ–ઓપરેટીવ બેંક લીમીટેડ), શ્રી હરેન્દ્રસિંહ તોમર (ફાઉન્ડર એન્ડ સી.ઈ.ઓ., એક્ઝામ શાળા), ડૉ. જીવરાજભાઈ ડાંખરા (ડાયરેકટર ક્વાડ ક્વોન્ટમ પ્રા. લીમીટેડ), ડૉ. શ્રીધર નિમાવત (NSS કૉ–ઑર્ડિનેટર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત), ડૉ. સતીષ પટેલ (સંતોષ વુમન્સ કેર હોસ્પિટલ અને IVF સેન્ટર), ડૉ. પ્રદિપ હનુમંત્રાય પેઠે (પ્રમુખ/ટ્રસ્ટી/સ્થાપક સભ્ય સુરત રકતદાન કેન્દ્ર અને સંશોધન અને કેન્દ્ર), ડૉ. કૃતિ ડુમસવાલા (મેડીકલ ડાયરેકટર સુરત રકતદાન કેન્દ્ર અને

સંશોધન અને કેન્દ્ર), શ્રી નીતેશ આર. મહેતા (પબ્લિક રિલેશન ઑફિસર સુરત રકતદાન અને સંશોધન કેન્દ્ર), ડૉ. કે.એન. શેલાડિયા (આઈ.પી.પી., ફેમિલી ફિઝિશિયન ઍસોસિએશન, સુરત) ડૉ. ભાવ્યેશ સોલંકી (મેમ્બર, અમરોલી મેડીકલ સર્કલ), ડૉ. વિનોદરાય પટેલ (પ્રેસિડેન્ટ, ફેમિલી ફિઝિશિયન એસોસિએશન સુરત), ડૉ. વિનય પંડયા (પ્રેસિડેન્ટ, અમરોલી મેડીકલ સર્કલ), શ્રી જસાણી (પીએસઆઈ, અમરોલી પોલીસ સ્ટેશન), સુરેશ બલર, ડૉ. મેહુલ ભાવસાર (બંસરી હોસ્પિટલ), જીવન જ્યોત ટ્રસ્ટ, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ રક્તદાન શિબિરમાં વિદ્યાર્થીઓ તથા કૉલેજના સ્ટાફ સભ્યો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. રકતદાન શિબિરના અંતે કુલ ૨૨૮ જેટલી બોટલનું રકતદાન મળ્યું હતું. આચાર્યશ્રીએ તમામ રક્તદાતાનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી અને બી.સી.એ. કૉ–ઑર્ડિનેટર ડૉ. જૈમીન શુકલા, વિરલ પોલીસવાલા, બી.કોમ.કૉ–ઑર્ડિનેટર ડૉ. ભરત બસરાની, બી.બી.એ. કૉ–ઑર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નીલેશ પટેલ, બી.એસ.સી.ડેટા સાઈન્સ કૉ–ઑર્ડિનેટર પ્રા. હિતેશ પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. પ્રદીપકુમાર લેન્કા, પ્રા. જ્યોતિકાબેન ટેલર તથા NSSના સ્વયંસેવકો તથા તમામ સ્ટાફના સહકારથી સફળતાપૂર્વક યોજી શકાયો હતો.

## ૭૯ સ્વતંત્રતા દિવસની ઉજવણી




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૫/૮/૨૦૨૫ના રોજ ૭૯માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રસંગે મુખ્યઅતિથિ તરીકે શ્રી રાકેશ એચ. દુધાત (ફાઉન્ડર અને સી.એમ.ડી. – શ્રી હરી ગ્રુપ, ઇન્ડિયા) હતા. તેમજ જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્‌મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્‌મંત્રીશ્રી અનુજભાઈ શાહ, છાપરાભાઠા કેમ્પસ શાળાના આચાર્યશ્રી અંજલીબેન જાની તેમજ શાળા/ કૉલેજનો શૈક્ષણિક સ્ટાફ અને વહીવટી સ્ટાફ હાજર રહ્યા હતા. કૉલેજની એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓએ પરેડ કરી મહેમાનશ્રીઓએ ધ્વજવંદન માટે આમંત્રીત કર્યા હતા. શ્રી રાકેશ એચ. દુધાત દ્વારા ધ્વજરોહાણ કાર્ય બાદ સ્વતંત્રતા પર્વ નિમિત્તે પ્રસંગોચિત ઉદ્‌બોધન આપ્યું હતું. કૉલેજ અને શાળાનાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત વિવિધ કૃતિઓ રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ ટીચર/કોચ ડૉ. પ્રદીપકુમાર લેન્કા તેમજ સમગ્ર સ્ટાફગણના સહકારથી સ્વતંત્રતા દિવસની ઉજવણી થઈ હતી.

## સેમીનાર



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૮/૮/૨૦૨૫ના રોજ વિદ્યાર્થીઓ માટે સરકારી ગ્રાન્ટ અને ભંડોળ માટે સ્ટાર્ટ અપ આઈડિયાને કેવી રીતે રજૂ કરવી તે અંગેનો માર્ગદર્શન મળી રહે તે માટેનો સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મુખ્ય વકતા તરીકે શ્રીમતી સોહા કાપડીયા (Founder of TCS) એ સરકારી ગ્રાન્ટ, ભંડોળ, લોન અને સ્ટાર્ટ અપ પિચ ડેક કેવી રીતે બનાવવું તે અંગે માર્ગદર્શન આપ્યું અને રોકાણકારો પાસેથી ભંડોળ મેળવવા માટે બજાર સંશોધન મુખ્ય સાધન છે તે પર ભાર મૂકયો. તેમણે સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને SSIP વિશેની માહિતી આપી હતી. આ ઉપરાંત શ્રીમતી સોહા કાપડિયાએ પ્રખ્યાત ટી.વી.શો શાર્ક ટેન્ક વિશે મહત્વપૂર્ણ માહિતી આપી. આ સેમીનારમાં BBA. BCA, B.Com, B.Sc. Data Science, M.Sc. ITના કુલ ૯૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમને સ્ટાર્ટઅપ ઉમેદવારો માટે નવી તકો વિશે તૈયાર કર્યા હતા. સેમીનારનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, બી.બી.એ. કૉ–ઑર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નિલેશ પટેલ, SSIP, IIC અને ઉદ્યોગસાહસિક સેલનાં માર્ગદર્શન હેઠળ ડૉ. સોયેબ મેમન, ડૉ. પ્રીતિ ટેલર, શ્રી રાકેશ પટેલ, ડૉ. મોહમ્મદ અલી મોમિન, ડૉ. વિશ્વનાથ બોરસે, શ્રી હિતેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પુસ્તક પરિચય શ્રેણી–૫નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૧/૮/૨૦૨૫નાં

રોજ પુસ્તક પરિચય શ્રેણી–૫ નું આયોજન કરાયું હતું. જેમાં બી.કોમ વિભાગના ૪ વિદ્યાર્થીઓ (૧) ગોહિલ રામ – દ્રૌપદી સ્વયંને શોધવા નીકળેલી સ્ત્રીની કથા (૨) શાહ ધાર્મીક – સવાલ જિંદગી કે (૩) વડગામા યશ – મિલિનયન્સ અને (૪) કથીરિયા હેત – સૌરાષ્ટ્રની રસધાર, બી.બી.એ. વિભાગનાં વિદ્યાર્થી વાલાની જીતકુમાર સી. – Atomic Habits, બી.સી.એ. (એ.આઈ)ના વિદ્યાર્થી કેલર ઈર્શાદ એચ. – The Quest For Artificial Intelligence તેમજ બી.સી.એ. વિભાગના ૨ વિદ્યાર્થીઓ (૧) વિકરીયા આર્ચિ જે. – (૧) The Source...Power of Happy Thoughts, રાઠોડ જાનવી બી. (૨) The Alchemist તેમણે વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતા અને તેમના વકતવ્ય દ્વારા શ્રોતાઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાળીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યોશ્રી ડૉ. સોનલ ભારતી, પ્રા. ડૉ. હેમાદ્રિ ટીકાવાળા અને પ્રા. માનસી શાહ, પ્રા. ડૉ. તન્વી ભાલાળા, પ્રા. ડૉ. રાગીણી પ્રસાદ તેમજ સંદીપ પટેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



## સ્ટાર્ટઅપ આઈડિયા પીચીંગ સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૫/૮/૨૦૨૫નાં રોજ બી.બી.એ., બી.સી.એ.,(રેગ્યુલર અને એઆઈ), બી.કોમ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), બી.એસસી/એમ.એસ.સી.–આઈ.ટી.ના વિદ્યાર્થીઓ માટે સરકારી ગ્રાન્ટ કકય. મેળવવા માટે 'સ્ટાર્ટ અપ આઈડિયા પીચીંગ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. પ્રાથા ઝાલા (આસિસ્ટન્ટ પ્રોફેસર, DBIM VNSGU) અને શ્રી આયુષ વાગવાણી (HOD, Lexicon Legal) તરીકે હાજર રહ્યા હતા. આ સ્પર્ધામાં કુલ ૧૭ ટીમનાં ૩૦ વિદ્યાર્થીઓએ દ્વારા સર્જનાત્મક અને નવીન પ્રકારના આઈડિયા જેવા કે, Rolling Zayka, Refab, Campus AI, Charge on, Startguru, Gramgas, Battery Solution, Eva Health વગેરે જેવા પ્રોડક્ટસ પર આઈડિયા અને પ્રોટોટાઈપ રજૂ કરવામાં આવ્યા હતા. કૃતિઓમાં પ્રથમ ક્રમે એસ.વાય. બી.સી.એ.નો વિદ્યાર્થી યશ પીઠાવા, બીજા ક્રમે એફ.વાય. બી.બી.એ.ના વિદ્યાર્થી હસતી ભાલોડીયા અને આર્યન જોગાણી, ત્રીજા ક્રમે એસ.વાય.બી.બી.એનાં વિદ્યાર્થીઓ અભય રાઠોડ રહ્યા હતા. હવે પછી તમામ વિદ્યાર્થીઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના SSIP સેલમાં પોતાના આઈડિયા રજૂ કરવા જશે. આ સ્પર્ધાનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, બી.બી.એ. કૉ–ઑર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નિલેશ પટેલ, બી.એસ.આઈ.ટી. કૉ–ઓર્ડિનેટર પ્રા. હિતેશ પટેલ, SSIP, IIC અને ઉદ્યોગસાહસિક સેલનાં માર્ગદર્શન હેઠળ ડૉ. સોયેબ મેમન, ડૉ. પ્રીતિ ટેલર, શ્રી રાકેશ પટેલ, ડૉ. મોહમ્મદ અલી મોમિન, ડૉ. વિશ્વનાથ બોરસે, MOC તરીકે મિસ. ઈસા દેસાઈ તથા સ્ટાર્ટ કલબનાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સમૂહ વાંચન : મણકો–૩



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૮/૮/૨૦૨૫ના રોજ 'સમૂહ વાંચનઃ મણકો –૩'નું આયોજન કરાયું હતું. જેમાં બી.કોમ, બી.બી.એ. અને બી.સી.એ.નાં ૭૪ જેટલા વિદ્યાર્થીઓએ ગ્રંથાલયમાં બેસીને "શ્રીમદ્ ભગવદ્ ગીતા" પુસ્તકનું વાંચન અને શ્લોકનું લેખન કાર્ય કર્યુ હતું. આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓને ભારતીય જ્ઞાન અને સંસ્કૃતિની નજીક લાવવાનો હતો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરી કમિટીના સભ્યો શ્રી ડૉ. સોનલ ભારતી, પ્રા.ડૉ. હેમાદ્રિ ટીકાવાળા અને પ્રા. માનસી શાહ, પ્રા. ડૉ. તન્વી ભાલાળા, પ્રા. ડૉ. રાગીણી પ્રસાદ તેમજ સંદીપ પટેલ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## થાળી ડેકોરેશન અને કલે મોડેલિંગમાંથી Eco Friendly ગણપતિ બનાવવાની સ્પર્ધાનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંતર્ગત તા. ૨૮/૦૮/૨૦૨૫ ના રોજ ગણેશ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે આરતી થાળી ડેકોરેશન અને કલે મોડેલીગમાંથી Eco Friendly ગણપતિ બાપા બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રી રાકેશભાઈ ડી. ટેલર અને શ્રીમતી વેગડ રાધા દિપકભાઈ હાજર રહ્યા હતા. સ્પર્ધામાં કુલ ૪૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યું હતું. થાળી ડેકોરેશન સ્પર્ધામાં કુલ ૪૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યું હતું. થાળી ડેકોરેશન સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે પટેલ હની અને તુલાશી વારલુ માંડલવાર, બીજા ક્રમે પરમાર પીનલ અને પીયુ પી બિશ્વાસ અને ત્રીજા ક્રમે જાગાણી ઋતુ અને ચક્રાવતી દિવ્યા હરેન્દ્રભાઈ રહ્યા હતા. જ્યારે કલે મોડેલીગમાંથી Eco Friendly ગણપતિમાં વિજેતા તરીકે પ્રથમ ક્રમે વઘાસીયા ક્રિષ્ના, બીજા ક્રમે શુભમ કુંજડીયા અને ત્રીજા ક્રમે પ્રજાપતિ માનસી રહ્યા હતા. વિજેતાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## બ્રોન્ઝ મેડલ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતની ઇન્ટર કૉલેજ તાઈકવૉન્ડો ટુર્નામેન્ટ તા. ૨૬/૦૮/૨૦૨૫ના રોન પી.આર.બી. કૉલેજ આર્ટસ બારડોલી ખાતે યોજાયેલ હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બૅંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી, એફ.વાય. બી.બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી સંતોકી પાર્થએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરવા બદલ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, સ્પોર્ટ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર તેમજ સમગ્ર સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અભિનંદન પાઠવે છે.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### 'રાખી મેકિંગ' સ્પર્ધા



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં "રાખી મેકિંગ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સુંદર આકર્ષક રાખડી બનાવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. તેજલબેન ટંડેલ અને મોહિનીબેન પટેલ કર્યું હતું તથા નિર્ણાયક તરીકે પ્રા. ભાવેશ પચ્ચીગર અને પ્રા. પાયલબેન કેવત એ સેવા આપી હતી. આ સ્પર્ધામાં આનંદી ડી. વિરગામ્યા એફ.વાય.બી.કોમ(ગુજરાતી માધ્યમ) પ્રથમ ક્રમે, અંજલી જે. વર્મા એફ.વાય.બી.કોમ (ગુજરાતી માધ્યમ) બીજા ક્રમે, લબાના હરપ્રીત એફ.વાય.બી.કોમ (અંગ્રેજી માધ્યમ) ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના તમામ સભ્યોએ ફાળો આપ્યો હતો અને સ્પર્ધકો દ્વારા તૈયાર કરવામાં આવેલ રાખીને નેવી ઓફિસરોને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

## વિશ્વ યુવાદિન નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં તા. ૧૨/૦૮/૨૦૨૫ મંગળવારના રોજ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાના નેતૃત્વ હેઠળ એન.એસ.એસ.ના ઉપક્રમે વિશ્વ યુવા દિન પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈને આ

સ્પર્ધાને સફળ બનાવી હતી. દરેક વિદ્યાર્થીઓએ વિષયને અનુરૂપ પોતાના વકતવ્ય રજૂ કર્યા હતાં. આ સ્પર્ધામાં કૉલેજના વરિષ્ઠ પ્રા. વર્ષાબેન રાણા હાજર રહ્યા હતા. અને એમણે પણ પોતાના શબ્દો થકી ખરેખર આજના યુવાનો દેશનું ભવિષ્ય કઈ રીતે સાકાર કરી શકે એ વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ સ્પર્ધાનું સમગ્ર સંચાલન પ્રા. હરમીતસિંગ સરદારે કર્યું હતું. આ સ્પર્ધાના પ્રથમ વિજેતા મિશ્રા રિદ્ધિ (એસ.વાય.બી.કોમ), દ્વિતીય વિજેતા પટેલ દિયા (ટી.વાય.બી.કોમ.ઈંગ્લીશ મીડીયમ) અને તૃતીય વિજેતા રાજપુરોહિત પ્રિયંકા (એસ.વાય. બી.કોમ) રહ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા પ્રા. તેજલબેન ટંડેલ અને પ્રા. મોહિનીબેન પટેલે ભજવી હતી. આ કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. દીપીકાબેન લાડે કરી હતી. અને સૌના માર્ગદર્શનથી આ સ્પર્ધા સફળ થઈ.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં તિરંગા યાત્રાનું આયોજન




બીલીમોરા નગરપાલિકા અને બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શાળા કૉલેજના સંયુકત ઉપક્રમે તા. ૧૨/૦૮/૨૦૨૫ના રોજ કૉલેજ કેમ્પસથી સ્ટેશન રોડ થઈ શિવાજીની પ્રતિમા સુધી યોજાયેલ તિરંગા યાત્રામાં એ.વી. પટેલ કોમર્સ કૉલેજના એન.સી.સી. કેડેટ્સ એન.એસ.એસ. સ્વયંસેવકો તેમજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સમગ્ર રૂટ ઉપર પ્રજાજનોમાં સ્વતંત્રદિનની ઉજવણી અંગેના ઉત્સાહનો નવસંચાર કર્યો હતો.

## 'દેશભક્તિ ગીત' સ્પર્ધા



સ્વતંત્રતાપર્વ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં તા. ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ "દેશભક્તિ ગીત" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇ.ચા.આચાર્ય ડૉ. સોનલબેન વાસાવાના નેતૃત્વ હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં રેલાયેલા દરેક સૂર, દરેક પંકિત, માત્ર ગીત ન હોય, એ આપણા દેશ પ્રત્યેની લાગણીઓના રંગ હતા. સંગીતે આજે આપણને ફરી યાદ અપાવ્યું કે દેશભક્તિ એ માત્ર શબ્દ નહી પણ આપણા હૃદયની ધડકન છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. પાયલબેન કેવત અને પ્રા. શીતલબેન ટંડેલે કર્યું હતું તથા નિર્ણાયક તરીકે પ્રા. પ્રિયાબેન ટંડેલ અને પ્રા. હરમિતસિંગ સરદારે સેવા આપી હતી. આ સ્પર્ધામાં ગરાણિયા ટીશા ટી.વાય. બી.કોમ.પ્રથમ ક્રમે, પટેલ યશ્વી એસ.વાય.બી.કોમ. બીજા ક્રમે, તેમજ પટેલ શ્રેયા ત્રીજા ક્રમ પ્રાપ્ત કર્યો હતો. અંતે પ્રોગ્રામ ઓફિસર ડૉ. ભાવેશ પચ્ચીગર દ્વારા આભારવિધિ કરાઈ હતી.

## 'તિરંગા પોસ્ટર મેકિંગ' સ્પર્ધા



અત્રેની બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરા ખાતે તા. ૧૩/૦૮/૨૦૨૫ને બુધવારે સાંસ્કૃતિક કમિટી અને રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત જુદી જુદછ સંસ્થાઓ માટે 'તિરંગા પોસ્ટર મેકિંગ સ્પર્ધા'નું આયોજમ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં કેમ્પસની તમામ સંસ્થાના વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહી પોતાનો રાષ્ટ્રપ્રેમની ભાવના કાગળ પર રંગી હતી. આ સ્પર્ધા બે વિભાગમાં વહેંચવામાં આવી હતી. વિભાગમાં પ્રથમ વિજેતા શ્રેયાશ ડી. પટેલ (એલ.એમ.પી.એકસરીમૅન્ટલ સ્કૂલ), દ્વિતીય વિજેતા યશ્વી જે. લાડ(બી.એસ.પટેલ સ્કૂલ), તૃતિય વિજેતા લહેર જે. કોન્ટ્રાકટર રહ્યા હતા જ્યારે વિભાગ–બમાં પ્રથમ વિજેતા નીલી બી. પટેલ (બી.એસ. પટેલ સ્કૂલ), દ્વિતીય ક્રમે પ્રિયંકા બી. ટંડેલ અને તૃતીય વિજેતા સંપ્રિતકૌર એમ. સરદાર રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. વર્ષાબેન રાણાએ કર્યુ હતું. ભગીની સંસ્થાના આચાર્ય અને શિક્ષકોની ઉપસ્થિત એ સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. નિર્ણાયક તરીકે ડૉ. ભાવેશ પચ્ચીગર અને ડૉ. હિતેશ શર્માએ મહત્વની ભૂમિકા ભજવી હતી. પ્રા. પૂજા વાઘેલાએ આભારવિધિ કરી કાર્યક્રમંને પૂર્ણ જાહેર કર્યો હતો.

## 'વર્ષા ગીત' સ્પર્ધા



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજ બીલીમોરામાં 'વર્ષા ગીત' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આજે અહીં વાગેલા દરેક સૂર, દરેક પંકિત, માત્ર ગીત નહોતા એ તો આપણા ઋતુઓ પ્રત્યેની લાગણીઓના રંગ હતા. સંગીતે આજે આપણને ફરી યાદ અપાવ્યું કે ઋતુ એ માત્ર શબ્દ નથી, તે તો આપણા હૃદયની ધડકન છે. ઈ.ચા. આચાર્ય શ્રી ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું સંચાલન પ્રો. પ્રિયાબેન ટંડેલે કર્યું હતું તથા નિર્ણાયક તરીકે પ્રા. પુજા વાઘેલા અને પ્રા. પાયલ કેવતેએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં પટેલ યશ્વી એસ.વાય.બી.કોમ. પ્રથમ ક્રમે, પટેલ યશ ટી.વાય. બી.કોમ. બીજા ક્રમે, તેમજ પટેલ ટ્વીષા એસ.વાય.બી.કોમ ત્રીજા ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના તમામ સભ્યોએ અમૂલ્ય ફાળો આપ્યો હતો.

## કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન



એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં ગુજરાત સરકારના આદેશ મુજબ તા. ૩૦/૦૮/૨૦૨૫ શનિવારના રોજ ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીના ૧૦૦માં જન્મ જયંતી વર્ષની ઉજવણી અંતર્ગત કાવ્ય પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધાનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ અને કવિ અટલબિહારી વાજપેયીજીના કાવ્ય પર પોતાની આકર્ષક રજૂઆત કરી આ સ્પર્ધાને સફળ બનાવી હતી. આ સ્પર્ધાનું સમગ્ર સંચાલન પ્રા. હરમિસિંગ સરદારે કર્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. પૂજાબેન વાઘેલા અને પ્રા. દિવ્યાબેન કશ્યપે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધાના પ્રથમ વિજેતા દુબે આંચલ.એસ. (ટી.વાય. બી.કોમ) દ્વિતીય ક્રમે નાયક રાજ એન. (એફ.વાય.બી.કોમ) અને તૃતીય ક્રમે નીરાયન નિરાલી પી. (ટી.વાય.બી.કોમ) રહ્યા હતા. જેમને સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રા. હરમિતસિંગ સરદારે કરી હતી. અને સૌના માર્ગદર્શન હેઠળ સ્પર્ધા પૂર્ણ થઈ.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

## 'ટેલેન્ટ શો'નું આયોજન




નવયુગ કોમર્સ કૉલેજ સુરત ખાતે તા. ૦૫/૦૮/૨૦૨૫ મંગળવારના રોજ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્કૃતિક સમિતિ દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓ માટે 'ટેલેન્ટ હન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તૃત્વ સ્પર્ધા, પોસ્ટર મેંકિંગ, ગીત, ડાન્સ, રીલ, મેકિંગ જેવી વિવિધ સ્પર્ધા યોજવામાં આવેલી જેમાં અનેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે વિજેતાઓને આચાર્યશ્રીના હસ્તે ઇનામ આપવામાં આવ્યા અને આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિવિધ સ્પર્ધામાં કૉલેજના સમગ્ર અધ્યાપકોએ નિર્ણાયક તરીકે ફરજ બજાવી હતી અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. બિંદુબેન શાહ અને ડૉ. નયના સુરેજા દ્વારા કરવામાં આવ્યું હતું ઈનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન ડૉ. બ્રિજેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીશ્રી યુગ સેલરની તરણ સ્પર્ધામાં સિધ્ધી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ તરણ સ્પર્ધા ભાઈઓની યોજાય હતી, આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડી શ્રી યુગ સૈલરએ તરણ સ્પર્ધામાં (૧) ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલ ૦૫.૦૯.૫૪ સેકન્ડમાં પૂરી કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો (૨) ૮૦૦ મીટર ફ્રી સ્ટાઈલ ૧૧.૦૦.૩૪ .સેકન્ડમાં પૂર્ણ કરી ગોલ્ડ મેડલ (૩) ૧૫૦૦ મીટર ફ્રી સ્ટાઈલ ૨૩.૦૩.૪૭ સેકન્ડમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ (૪) ૫૦ મીટર બેક સ્ટ્રોક ૦૦.૩૪.૩૧ સેકન્ડમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ (૫) ૧૦૦ મીટર બેક સ્ટ્રોક ૦૧.૨૦.૯૩ સેકન્ડમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ, (૬) ૨૦૦ મીટર બેક સ્ટ્રોક ૦૨.૪૮.૩૧ સેકન્ડમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ, (૭) ૫૦ મીટર બટરફલાઈ સ્ટ્રોક ૦૦.૩૦.૦૨ સેકન્ડમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ (૮) ૧૦૦ મીટર બટરફલાઈ સ્ટ્રોક ૦૧.૦૬.૯૬ સેકન્ડમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ (૯) ૨૦૦ મીટર બટરફલાઈ સ્ટ્રોક ૦૩.૦૯.૨૭ સેકન્ડમાં પૂર્ણ કરી સિલ્વર મેડલ (૧૦) ૪૦૦ મીટર ઈંડીવિડ્યૂઅલ મેડલે ૦૬.૧૧.૫૯ સેકન્ડમાં પૂર્ણ કરી બ્રોન્ઝ મેડલ, તેમજ શ્રી વન્સ સૈલર, શ્રી નીલ પ્રજાપતિ, શ્રી દર્શન ચોહાણએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. આ ખેલાડીઓને નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ જીમખાના ચેરમેનશ્રી ડૉ. બ્રિજેશભાઈ પટેલ તેમજ રમતગમત અધ્યાપકશ્રી છગનભાઈ અસારિયા તેમજ સમગ્ર કૉલેજ પરિવારે આ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

## નવયુગ કોમર્સ કૉલેજમાં તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન




૧૪ ઓગસ્ટ, ૨૦૨૫ સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ નવયુગ કોમર્સ કૉલેજના એન.એસ.એસ.યુનિટ દ્વારા તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ યાત્રા કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બપોરે ૨:૩૦ કલાકે શરૂ થઈ. તિરંગા યાત્રાની શરૂઆત નવયુગ કોમર્સ કૉલેજથી થઈ અને કારગીલ સર્કલ સુધી લઈ જવામાં આવી. યાત્રામાં કૉલેજના સમગ્ર સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો ધારણ કરી દેશભક્તિના સૂત્રોચ્ચાર કર્યા, જેનાથી સમગ્ર વિસ્તાર દેશપ્રેમની ભાવનાથી ગુંજી ઉઠયો. આ યાત્રા દ્વારા નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ અને એકતાનો સંદેશ પ્રસરી ગયો. આ કાર્યક્રમનું સફળ આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. અંકિતા ઝાડેશ્વરયા, ડૉ. રૂપેશ દવે તથા ડૉ. ધરીત નાયક દ્વારા કરવામાં આવ્યું.

## સ્વાતંત્ર્તા દિવસની ઉજવણી



નવયુગ કોમર્સ કૉલેજ, નવયુગ આર્ટ્સ કૉલેજ અને નવયુગ સાયન્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે એન.એસ.એસ. યુનિટ તથા એન.સી.સી. દ્વારા તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૭:૪૫ કલાકે કૉલેજના કેમ્પસમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત એન.સી.સી.ના વિદ્યાર્થીઓની સુશોભિત પરેડ સાથે થઈ. ત્યારબાદ ધ્વજવંદન નવયુગ સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. અશ્વિનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો પર બે સુંદર નૃત્ય પ્રસ્તુતિઓ આપવામાં આવી, જેને ઉપસ્થિત સૌએ વખાણી. આ પ્રસંગે ત્રણેય કૉલેજના આચાર્યશ્રીઓ, વહીવટી સ્ટાફ, શૈક્ષણિક સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે 'વંદે માતરમ'ના ગાન સાથે કાર્યક્રમ દેશભક્તિની ભાવનાથી અને ઉત્સાહભેર સંપન્ન થયો.

## NSS વિદ્યાર્થીઓ માટે ગેસ્ટ લેકચરનું આયોજન




નવયુગ કોમર્સ કૉલેજના NSS યુનિટ દ્વારા પ્રિન્સિપાલ ડૉ. વિનોદ પટેલના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૦૮/૨૦૨૫ બપોરે ૧:૩૦ થી ૨:૩૦ કલાક દરમિયાન 'ડ્રાય આઈ અને સ્ક્રીન ટાઈમ' વિષય પર ગેસ્ટ લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લેકચર માટે મુખ્ય વકતા તરીકે ડૉ. હેમાંગભાઈ દોશી, નેત્રરોગ નિષ્ણાંત (શેલ્બી હોસ્પિટલ, અમદાવાદ) ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ એડવાન્સ કોર્નિયા રીફ્રેકટીવ સર્જરીમાં ફેલોશીપ યુ.એસ.એ., યુ.કે. તથા નાગરી હોસ્પિટલમાંથી પ્રાપ્ત કરી છે તથા આ ક્ષેત્રમાં ૧૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. વિદ્યાર્થીઓને સંબોધતા ડૉ.

દોશીએ વધતા સ્ક્રીન ટાઈમને કારણે આંખની કાળજી રાખવા માટે ઉપયોગી માર્ગદર્શિકા આપી અને ડિજિટલ યુગમાં સંતુલિત જીવનશૈલી અપનાવવાની સલાહ આપી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ માટે પ્રશ્નોત્તરી સત્ર રાખવામાં આવ્યું, જેમાં ડૉ. દોશીએ વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના સરળ અને વ્યાવસાયિક જવાબ આપી તેમને જાગૃત કર્યા. કાર્યક્રમનું સફળ સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. રૂપેશ દવે અને ડૉ. અંકિતા ઝાડેશ્વરીયા દ્વારા કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓએ પણ સક્રિય રીતે ભાગ લીધો.

## ટેકવોન્ડો સ્પર્ધામાં સિધ્ધી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની આંતર કૉલેજ ટેકવોન્ડો ભાઈઓની સ્પર્ધા બારડોલી કૉલેજ ખાતે યોજાય હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં (૧) શ્રી સોનુ અજયકુમાર સિંઘ ૬૩ કિ.ગ્રામ ગ્રુપમાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. (૨) શ્રી. ખુશાલ સુરેશભાઈ સાતપુતે અંડર ૫૪ કિ.ગ્રામ.ગ્રુપમાં તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. આ ખેલાડીઓને નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વીનોદ એન. પટેલ જીમખાના ચેરમેનશ્રી ડૉ. બ્રીજેશભાઈ પટેલ તેમજ રમતગમતના પ્રા. શ્રી છગનભાઈ અસારિયા તેમજ સમગ્ર કૉલેજ પરિવારે આ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

## રાષ્ટ્રીય રમત–ગમત દિવસની ઉજવણી

તા. ૨૯/૦૮/૨૦૨૫ના રોજ નવયુગ કોમર્સ કૉલેજ સુરત ખાતે મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય રમત ગમત દિવસની ઉજવણી નિમિત્તે પુરુષ અને મહિલા બેડ્મિન્ટન અને બોક્ષિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા હતા. કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલે ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા, રમતગમત માત્ર સ્પર્ધા નથી–તે સ્વાસ્થ્ય, શિસ્ત, ટીમ વર્ક અને રાષ્ટ્રપ્રેમની પ્રેરણા છે. આ રમતોને આપણા જીવનનો ભાગ બનાવીએ અને સ્વાસ્થ્ય ભારત નિર્માણમાં યોગદાન આપીએ, તે બાબતે ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા, આ ખેલાડીઓને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના પ્રા. સી.કે.અસારિયા, પ્રા. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ, પ્રા. ડૉ. કૃણાલ ખેંગાર તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.






## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

## સંસ્થાના ૨૫માં વર્ષના સિલ્વર જ્યુબિલીની ઉજવણી




સંસ્થાના ૨૫માં વર્ષના સિલ્વર જ્યુબિલીની ઉજવણી ના ભાગરૂપે ત્રીજો સેમિનાર તા. ૦૫ મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા HMAI વ્યારા યુનિટના સહયોગથી સફળતાપૂર્વક યોજાયું હતું. આ સેમિનારના મુખ્ય પ્રવક્તા ડૉ. કેતન શાહ, જે તેમના કિલનિકલ અનુભવ અને શૈક્ષણિક કૌશલ્ય માટે જાણીતા હોમિયોપેથ છે. તેમણે આકર્ષક અને માહિતીસભર સત્ર રજૂ કર્યુ હતું, જે ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના પ્રાયોગિક અનુભવ અને રસપ્રદ રજૂઆત માટે ખૂબ વખાણાયું હતું. સેમિનારની શરૂઆત કૉલેજના પ્રિન્સિપાલ તથા HMAI વ્યારા યુનિટના પ્રમુખ ડૉ. જ્યોતિ રાવ દ્વારા હાર્દિક સ્વાગત અને પરિચય પ્રવચન આપવામાં આવ્યું હતું. એકેડેમિક હેડ ડૉ. ભાવિન મોદી દ્વારા ડૉ. કેતન

શાહને બૂકે અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. HMAI વ્યારા યુનિટના ઉપપ્રમુખ ડૉ. પંકજ લાઠિયા અને સેક્રેટરી ડૉ. તુષાર ઢીમર દ્વારા પણ પ્રવકતાનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું અને સંસ્થા તરફથી ભેટ આપીને ઋણસ્વીકાર વ્યકત કર્યો. આ સમગ્ર કાર્યક્રમ ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ યોજાયો હતો તથા સેમિનાર સમિતિના પ્રમુખ ડૉ. અમિતરાય શાહ અને તેમની સમર્પિત ટીમ દ્વારા ખૂબ જ શિસ્તબદ્ધ અને સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યો હતો.

## World Indigenous day celebration 2025




On 8th August 2025, C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara celebrated World Indigenous Day. It is officially known as the International Day of the World's Indigenous Peoples, it is observed every year on 9th August to promote and protect the rights of the indigenous population around the globe. To celebrated the day native tree plantation was carried out in college campus surrounding college mess. Teaching and non teaching staff took part in this celebration. This whole program was planned and carried out by SC-ST committee under guidance of Principal Dr. Jyoti Rao.

## 'નશામુક્ત ભારત અભિયાન' પ્રતિજ્ઞા કાર્યક્રમનો અહેવાલ




તા. ૧૩/૦૮/૨૦૨૫ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ અને રિસર્ચ સેન્ટર દ્વારા 'નશા મુકત ભારત અભિયાન' માટે પ્રતિજ્ઞા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ નશા મુકત ભારત અભિયાન (NMBA)નો ઉદ્દેશ્ય જાગૃતિ, સારવાર, પુનર્વસન અને સમુદાય જોડાણ દ્વારા માદક દ્રવ્યોના દુરુપયોગ સામે લડવાનો છે. કાર્યક્રમના ભાગરૂપે, કૉલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફે ભાગ લીધો અને પ્રતિજ્ઞા લીધી.સમગ્ર કાર્યક્રમ કૉલેજની પ્રવૃત્તિ સમિતિ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

## ૭૯મો સ્વતંત્રતા દિવસ




સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ અને રિસર્ચ સેન્ટર વ્યારા, કાલિદાસ હોસ્પિટલના ટ્રસ્ટી સભ્યો, ટીચિંગ સ્ટાફ, નોન ટીચિંગ સ્ટાફ, હોસ્પિટલ સ્ટાફ અને વિદ્યાર્થીઓ સાથે ભારતના ૭૯માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. સ્વતંત્રતા દિવસના દિવસે હોમિયોપેથિક ફાર્મસી વિભાગના ઍસોસિએટ પ્રોફેસર ડૉ. ભાવના એસ. પટેલ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું, તેમણે ભારતીયોની પ્રગતિ, શિક્ષણ, નવીનતા અને એકતા પર વકતવ્ય આપ્યું. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ આર. રાવે દેશની પ્રામાણિકતા, એકતા અને પર્યાવરણનું રક્ષણ કરવા પર વકતવ્ય આપ્યું અને સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી. કૉલેજના વિદ્યાર્થી મિસ. ઝીલ ત્રિવેદીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ. ચોથા બીએચએમએસના શ્રી કૌશલ ઘેવરિયા મુખ્ય મહેમાનને ધ્વજવંદન કરવા માટે આમંત્રિત કર્યુ. કાર્યક્રમના અંતે બધા મીઠાઈઓ લયને છૂટા પડયા ડૉ. ધ્રુણી ગવળી અને તેમની ટીમના સંયુકત પ્રયાસોથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

## જન્માષ્ટમી ઉજવણી ૨૦૨૫



તા. ૧૯/૦૮/૨૦૨૫ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા

જન્માષ્ટમી ઉત્સવની ઉજવણી કરવામાં આવી. ઉજવણીની શરૂઆત કૃષ્ણપૂજા અને આરતી અને ત્યારબાદ ગરબા સાથે કરવામાં આવી અને ત્યારબાદ છોકરીઓ અને છોકરાઓના એક જૂથે 'મટકીફોડ'માં ભાગ લીધો. તેઓ સંપૂર્ણ ઉત્સાહ સાથે 'જયઘોષ' સાથે મટકી તરફ આગળ વધી રહ્યા હતા. વાતાવરણ આધ્યાત્મિક લાગણીથી ભરેલું હતું. 'મટકીફોડ' પછી પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન ડૉ. ધ્રુણી બિરારી અને એક્ટિવિટી કમિટીની ટીમ દ્વારા કરવામાં આવ્યું.

## ચોથા સેમિનારનું સફળ આયોજન




સંસ્થાના ૨૫માં વર્ષના સિલ્વર જ્યુબિલીની ઉજવણીના ભાગરૂપે ચોથા સેમિનાર તા. ૨૫ મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા HMAI વ્યારાના સંયુક્ત ઉપક્રમ હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેમિનારના વિશિષ્ટ વક્તા તરીકે ડૉ. પૂરવ દેસાઈ, પ્રિન્સિપાલ, જવાહરલાલ નહેરુ હોમિયોપેથીક મેડિકલ કૉલેજ, પારૂલ વિશ્વવિદ્યાલય, બરોડા ઉપસ્થિત રહ્યા હતા. શૈક્ષણિક પ્રખરતા અને ડાયનામિક લીડરશીપ માટે જાણીતા ડૉ. દેસાઈએ પ્રેરણાદાયક અને માહિતીસભર વ્યાખ્યાન આપ્યું હતું. તેમનો સેમિનાર સ્પષ્ટતા, પ્રાયોગિક અભિગમ અને પ્રેરણાત્મક અસર માટે ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ પ્રશંસિત થયો. સેમિનારની શરૂઆત કૉલેજના પ્રિન્સિપાલ તથા HMAI વ્યારા યુનિટના પ્રમુખ ડૉ. જ્યોતિ રાવ દ્વારા ઉષ્માભર્યા સ્વાગત અને પરિચય સાથે કરવામાં આવી હતી. ઉપપ્રમુખ ડૉ. પંકજ લાઠિયા અને ડૉ. સ્વપ્નિલ ખેંગરએ ડૉ. પૂરવ દેસાઈનું બુકે અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કર્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમ ડૉ. જ્યોતિરાવના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ સેમિનારનું સુનિશ્ચિત આયોજન અને સફળ અમલીકરણ સેમિનાર સમિતિના વડા ડૉ. અમિતરાય શાહ તથા તેમની સમર્પિત ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગણેશ ઉત્સવ-૨૦૨૫

તા. ૨૬/૦૮/૨૦૨૫ અને ૩૧/૦૮/૨૦૨૫ દરમિયાન સી.એન.કોઠારી હોમિયોપેથિક કૉલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારામાં ગણેશ ઉત્સવ ખૂબ જ ભકિત અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો. ૨૬/૦૮/૨૦૨૫ ના રોજ અમે ઢોલ અને તાશા સાથે ગણેશ મૂર્તિનું સ્વાગત કર્યું. ઉજવણીની શરૂઆત પરિસરમાં ભગવાન ગણેશની સુંદર રીતે શણગારેલી મૂર્તિની સ્થાપના સાથે થઈ. ઉદ્ઘાટન પરંપરાગત ગણેશ સ્થાપના વિધિ દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યું હતુ, જેમાં વૈદિક મંત્રોચ્ચાર અને પ્રાર્થનાનો સમાવેશ થતો હતો. વિદ્યાર્થીઓ, સ્ટાફ અને સમુદાયના સભ્યોએ પૂરા દિલથી ભાગ લીધો હતો. ઉજવણીના દરેક દિવસે કલા અને હસ્તકલા, આરતી થાળી શણગાર, રંગોળી બનાવવા અને મહેંદી કાર્યક્રમ જેવી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો સમાવેશ થયો હતો. પર્યાવરણને અનુકૂળ મૂર્તિ સ્થાપિત કરીને અને પ્લાસ્ટિક શણગાર ટાળીને પર્યાવરણીય ચેતનાને પ્રોત્સાહન આપવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પહેલથી વિદ્યાર્થીઓ અને સમુદાયમાં ટકાઉ પ્રથાઓ વિશે જાગૃતિ ફેલાઈ. ઉત્સવનું મુખ્ય આકર્ષણ દરરોજ સવાર અને સાંજની આરતી હતી, જે ઊંડી ભક્તિ સાથે કરવામાં આવતી હતી. ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. તા. ૩૦/૮/૨૦૨૫ના રોજ ૧૦૧ દીવા અને રંગોળી સાથે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાપન દિવસે, કેમ્પસમાં સંગીત, નૃત્ય અને 'ગણપતિ બાપ્પા મોરિયા'ના મંત્ર સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં એકતા અને ઉત્સવની ભાવના જાળવી રાખવામાં આવી હતી. ઉજવણીનો અંત વિસર્જન સમારોહ સાથે થયો, જ્યાં શાંતિ, સમૃદ્ધિ અને દરેકના જીવનમાંથી અવરોધો દૂર થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ગણેશ ઉત્સવ માત્ર આધ્યાત્મિક આનંદ જ નહીં પરંતુ બધા સહભાગીઓમાં એકતા, સાંસ્કૃતિક મૂલ્યો અને પર્યાવરણીય જાગૃતિને પણ મજબૂત બનાવ્યો. કાર્યક્રમનું આયોજન ડૉ. ધ્રુણી ગવળી અને ગણેશ વિદ્યાર્થીઓની સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.



## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

## Design Thinking: Idea to Impact ઓનલાઈન/ ઓફલાઈન સર્ટિફિકેટ કોર્ષનું આયોજન

નવસારી અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે ખ્યાતનામ એસ.બી.ગાર્ડા કૉલેજના ઇનોવેશન કલબ અને કરિયર ગાઈડન્સ એન્ડ પ્લેસમેન્ટ સેલ તથા આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે તા. ૨૮/૦૭/૨૦૨૫ તથા તા. ૨૯/૦૭/૨૦૨૫ના રોજ Design Thinking: Idea to Impact, 30 Hours Hybrid

(ઓનલાઈન/ઓફલાઈન) સર્ટિફિકેટ કોર્ષનું આયોજન ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કૉલેજની વિદ્યાર્થીની કુ. પ્રિયાંશી પટેલની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધનમાં આજના યુગમાં માત્ર ભણતર પૂરતું નથી, પણ વિચાર કરવાની રીત પણ એટલી જ મહત્વની છે. Design Thinking એ એવી રીત છે જે નવી રીતે વિચારવા અને જુસ્સાથી કંઈક નવું કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી કરમજિતસિંહ બિહોલા દ્વારા ડિઝાઈન થિંકીંગ પ્રોગ્રામ વિશેનું મહત્વ અને ઉપયોગની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ ઓનલાઈન/ઓફલાઈન સર્ટિફિકેટ કોર્ષમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા ઇનોવેશન કલબના અધ્યક્ષા ડૉ. નેહાબેન હરિયાણી હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ કુ.વૃષ્ટિ પટેલ દ્વારા કરવામાં આવી હતી.



## જંકફૂડને જાકારો વિષય પર નિબંધ સ્પર્ધા



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવી એસ.બી.ગાર્ડા કૉલેજમાં ડિબેટ સમિતિ અને આઈ.ક્યુ.એ.સેલના ઉપક્રમે તા. ૩૦/૦૭/૨૦૨૫ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર ના માર્ગદર્શન હેઠળ "જંકફૂડને જાકરો" વિષય પર "સ્વ.શ્રી ટી.કે. બાટલીવાલા નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધાનો પ્રારંભ કુ. યામિની રાઠોડની સુંદર પ્રાર્થનાથી થઈ હતી. પ્રાસંગિક ઉદ્દબોધનમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા આજના ઝડપી યુગમાં, આપણા જીવનનો એક અભિન્ન ભાગ બની ગયેલા આ જંકફૂડને આપણે શા માટે દૂર કરવું જોઈએ, તે સમજવું ખૂબ જરૂરી છે. જંકફૂડ, જેમ કે ફ્રેન્ચ ફ્રાઈસ, બર્ગર, પિઝા સમોસા વગેરે ખાવામાં ખૂબ સ્વદિષ્ટ લાગે છે, પણ તેનાથી આપણા સ્વાસ્થયને કેટલું નુકસાન થાય છે, આ યુવાનો માટે ખાસ કરીને ચિંતાજનક છે, કારણકે આ ઉંમરે શરીરને સ્વસ્થ રાખવું ખૂબ જ મહત્વનું છે. જંકફૂડના બદલે, આપણે આપણા પરંપરાગત અને પૌષ્ટિક આહારને અપનાવવો જોઈએ તેમજ તાજા ફળો, શાકભાજી, કઠોળ, દૂધ, દહીં અને સલાડનો આપણા રોજીંદા આહારમાં સમાવેશ કરવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પણ આ સ્પર્ધામાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ડિબેટ સમિતિના સભ્યશ્રી ડૉ. ઇશ્વરભાઈ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને નિબંધ સ્પર્ધાના નિયમોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં કુલ ૪૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ દ્રષ્ટિ દિનેશભાઈ (બી.એ. સેમ.૧), દ્વિતીય ક્રમે બોચિયા હેતલ નરેશભાઈ (એમ.કોમ. સેમ.૩) તેમજ તૃતીય ક્રમે ગુજરાતી ઇશા પરસોત્તમભાઈ (બી.કોમ.સેમ.૧) વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે સંસ્કૃત વિભાગના અધ્યાપિકા ડૉ. પુનિતાબેન પટેલે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. ઇશ્વરભાઈ ચૌધરીએ તેમજ આભારવિધિ શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી. વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, અધ્યાપકો, વહીવટી સ્ટાફ, સેવકભાઈઓ અને કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## યુનિવર્સિટીની જીમ્નાસ્ટિક ટીમમાં ગાર્ડા કૉલેજની વિદ્યાર્થીનીની પસંદગી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે તા. ૩૧/૦૭/૨૦૨૫ના રોજ ઇન્ટર વિશ્વવિદ્યાલય જીમ્નાસ્ટિક (ભાઈઓ/બહેનો)ની ટીમ પસંદગીનું આયોજન શેઠ સી.ડી.બરફીવાલા કૉલેજ ઑફ કોમર્સ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કૉલેજના ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગાર્ડા કૉલેજની વિદ્યાર્થીની રિવા અરુપભાઈ કરમાકર (એસ.વાય.બી.કોમ) વિશ્વવિદ્યાલયની જીમ્નાસ્ટિકની ટીમમાં પસંદગી પામી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યું. ટીમ મેનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. ચિરાગ ટંડેલે સેવા આપી

હતી. જીમ્નાસ્ટિકની ટીમમાં પસંદગી થવા બદલ ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. એમ.જે. પટેલ, જીમખાના ચેરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર કૉલેજ પરિવારે અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## ઇન્ટર કલાસ ચેસ ભાઈઓ તેમજ બહેનોની સ્પર્ધા યોજાઇ



એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી આઈ.કયુ.એ.સી. અને જીમખાના સમિતિનાં સંયુકત ઉપક્રમે ઇન્ટર કલાસ ચેસ ભાઈઓ તેમજ બહેનોની સ્પર્ધાનું આયોજન તા. ૦૨/૦૮/૨૦૨૫ના રોજ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે ઉદઘાટન કરી સ્પર્ધાનું મહત્વ સમજાવી સ્પર્ધા ખુલ્લી મુકી હતી. આ સ્પર્ધામાં કૉલેજનાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ જે. પટેલ તેમજ જીમખાના અધ્યક્ષ ડૉ. અરવિંદભાઈ બી. પટેલ ઉપસ્થિત રહી ભાગ લેનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. શ્રી ચિરાગ કે. ટંડેલે ટુર્નામેન્ટનાં નિયમોની સમજ આપી હતી. ભાઈઓની સ્પર્ધામાં પ્રથમ ક્રમે કાસુન્દ્રા નિલ જગદીશભાઈ (બી.કોમ.સેમ.૧) અને દ્વિતીય ક્રમે ભદોરિયા આદિત્યસિંઘ ધર્મવીરસિંઘ (બી.કોમ.સેમ.૩) તથા બહેનોની સ્પર્ધામાં પ્રથમ ક્રમે ટંડેલ અલિના હિતેશકુમાર (બી.કોમ.સેમ.૧) અને દ્વિતીય ક્રમે માંઝી શિવાની મહાદેવ (બી.કોમ.સેમ.૫) વિજેતા થયા હતા. આ સ્પર્ધામાં શ્રી નિપુલ મિસ્ત્રી નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ડૉ. ચિરાગ કે. ટંડેલ તેમજ આભારવિધિ ડૉ. અરવિંદભાઈ બી. પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## રેલ્વે સુરક્ષા બલ અંતર્ગત ટ્રાફિક અવરનેશ પ્રગ્રામ યોજાયો



નવસારીની સુપ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીના રાષ્ટ્રીય સેવા યોજના, રેલ્વે સુરક્ષા બલ અને ડૉ. ધર્મવીરગુર્જરના માર્ગદર્શન અને પ્રેરણાથી તા. ૦૬/૦૮/૨૦૨૫ના રોજ ટ્રાફિક અવેરનેશ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત કુ. સંગીતા રાજભરની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા મુખ્ય મહેમાનશ્રી વિપીનસિંઘ રાણા (ઇન્ચાર્જ આર.પી.એફ. નવસારી)નું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ સાથી કોન્સ્ટેબલ શ્રી વિવેકકુમાર, વિક્રમ વર્મા તથા સંધ્યા ચૌહાણનું પુષ્પગુચ્છ અર્પણ કરી નવાજ્યા હતા. કાર્યક્રમમાં કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધનમાં જીવનના દરેક કાર્યમાં વિવિધક્ષેત્રે સજાગતા અને જાગૃતતા રાખવાની વિદ્યાર્થીઓને હિમાયત કરી હતી. મહેમાનશ્રી વિપીનસિંઘ રાણાએ "ઓપરેશન દોસ્તી" અભિયાન, રાષ્ટ્રની સંપત્તિની સુરક્ષા રાખવાની ભલામણો કરી તેમજ રેલ્વે ક્રોસિંગ કરતી વખતે રાખવાની સાવચેતી વગેરેની વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કુલ ૧૯૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ તથા સમગ્ર પ્રયત્નોથી પાર પડયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી હેતલબેન નાયકે અને આભારવિધિ શ્રી કિશોરભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી. રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

## આદિવાસી સંસ્કૃતિમાં સ્ત્રી સશક્તિકરણ વિષય પર શ્રી નિલમભાઈ પટેલનું વ્યાખ્યાન



નવસારીની એસ.બી.ગાર્ડા કૉલેજના SC/ST Cell અને IQA Cellના સંયુકત ઉપક્રમે ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના અધ્યક્ષપણા હેઠળ તા. ૦૭/૦૮/૨૦૨૫ના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી અંતર્ગત શ્રી નિલમભાઈ પટેલ (સામાજિક કાર્યકર્તા, સંસ્થાપક-લોકમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ ખોબા)નું 'આદિવાસી સંસ્કૃતિમાં સ્ત્રી સશક્તિકરણ' વિષય પર શબ્દથી સમાજ અને સંસ્કૃતિ સુધીની યાત્રાનું વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમની શરૂઆત કુ. સંગીતા રાજભરની સુંદર પ્રાર્થનાથી થઈ હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે ઉપસ્થિત સર્વ મહેમાનોને આવકાર આપ્યો હતો. એમણે પોતાના પ્રવચનમાં ગુરુ દ્રોણ અને એકલવ્યની ગુરુભકિત વર્ણવી આદિવાસી

સમાજના લોકોની તાકાતનો પરિચય કરાવ્યો હતો. આદિવાસી સમાજ અને સંસ્કૃતિને તેઓએ મૂળ ભારતીય પરંપરા તરીકે ઓળખાવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નિલમભાઈ પટેલ, અતિથિ વિશેષશ્રી તરીકે ડૉ. ચેતન પટેલ અને ડૉ. ધર્મેશ પટેલ તથા શ્રી ચંપકભાઈ વાડવા, શ્રી કૌશિકભાઈ ગરાસિયા, ગાર્ડા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. જે.સી. પટેલ, શ્રી રાજકુમાર પટેલ અને શ્રી અજયભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વ મહેમાનોનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી તેમજ ઉપાચાર્યશ્રીએ સન્માન કર્યું હતું. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી અંતર્ગત શ્રી નિલમભાઈ પટેલે 'આદિવાસી સંસ્કૃતિમાં સ્ત્રી સશક્તિકરણ' વિષય પર શબ્દથી સમાજ અને સંસ્કૃતિ સુધીની યાત્રાના વ્યાખ્યાનમાં આદિવાસી સમાજની પરંપરાઓ, રીત–રિવાજો, આર્થિક પાસાઓ, શૈક્ષણિક પાસાઓ, સામાજિક પાસાઓ તેમજ આદિવાસી સમાજની સ્ત્રીઓની સ્થિતિ પર વિશેષ પ્રકાશ પાડયો હતો. આદિવાસી સમાજમાં બાળલગ્ન જેવી કુપ્રથાને રોકવા 'બુધુ પ્રોજેકટ' દ્વારા બાળલગ્ન અટકાવી નાની ઉંમરે માતા બનતી કિશોરીઓને રક્ષણ પુરું પાડી સ્ત્રી સશક્તિકરણ દ્વારા સ્વાસ્થ્ય સમાજની રચના પર ભાર મૂકયો હતો. સાથે સાથે શ્રમદાન, જ્ઞાનદાન અને અર્થદાન દ્વારા સમાજની સેવા કરવાની હાકલ કરી હતી. આ કાર્યક્રમનું આયોજન ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. આશા પટેલ અને આભારવિધિ ડૉ. અરવિંદભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## inancial Literacy કાર્યક્રમનું આયોજન



દક્ષિણ ગુજરાતની નામાંકિત સંસ્થા તરીકેની ઓળખ ધરાવતી એસ.બી.ગાર્ડા કૉલેજ નવસારીના એકાઉન્ટન્સી વિભાગ અને IQACના સંયુક્ત ઉપક્રમે તા. ૦૮/૦૮/૨૦૨૫ના રોજ Investor Awareness Programme for Financial Literacy Specially for Girls કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શુભ શરૂઆત વિદ્યાર્થીની કુ. કોમલ શ્રીમલ્લાની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આજના યુગમાં શિક્ષણમાત્ર શૈક્ષણિક વિષયો પૂરતું સીમિત નથી, પરંતુ જીવનના વ્યવહારુ પાસાઓને પણ આવરી લેવું જરૂરી છે. નાણાકીય સાક્ષરતા એ તેમાંથી જ એક મહત્વપૂર્ણ પાસું છે. તેમણે વિદ્યાર્થીઓને નાની ઉંમરથી જ બચત કરવાની અને નાણાકીય લક્ષ્યો નક્કી કરવાની સલાહ આપી હતી. ઍડહોક પ્રાધ્યાપિકા શ્રીમતી રિદ્ધિબેન લાડ દ્વારા મહેમાનશ્રીઓનો પરિચય આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા મુખ્ય વક્તાશ્રીઓ શહેઝાદ બોદીલાનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ દ્વારા શ્રી અલ્પેશ મિસ્ત્રીનુ પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તાશ્રી શહેઝાદ બોદીલા દ્વારા રોકાણના વિવિધ વિકલ્પો જેવા કે, બેંકની બચત યોજનાઓ, મ્યુચ્યુઅલ ફંડસ્, અને શેર બજાર વિશે સરળ અને રસપ્રદ રીતે સમજૂતી આપી હતી તેમજ તેમણે સાયબર ફ્રોડ અને નાણાકીય છેતરપિંડીથી બચવા માટેની સાવચેતીઓ અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં એકાઉન્ટન્સી વિભાગના અધ્યાપકોએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા તેમજ કાર્યક્રમમાં એમ.કોમ.ની કુલ ૮૭ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એડહોક પ્રાધ્યાપિકા દિવ્યા લહામગે તેમજ આભારવિધિ કુ. જીનલ નાયકા દ્વારા કરવામાં આવી હતી. ગાર્ડા કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ કાર્યક્રમની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આજના સમયમાં માત્ર શૈક્ષણિક સફળતા પૂરતી નથી, પણ સાથે સાથે આર્થિક રીતે સ્વાવલંબન પણ અત્યંત જરૂરી છે. આજની યુવતીઓ ભવિષ્યની માતાઓ, શિક્ષિકા, મેનેજર અને નેતા બનશે. જો આજે તેઓ આર્થિક રીતે જાગૃત બનશે તો આખું પરિવાર અને સમાજ પણ વધુ સક્ષમ બનશે.

## ગીત ગઝલ સ્પર્ધા




શિક્ષણ ક્ષેત્રમાં અગ્રેસર નવસારીની ગાર્ડા કૉલેજમાં ડિબેટ સમિતિ અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨/૦૮/૨૦૨૫ના રોજ "મિસિસ જર–સવાક–માદન–ગીત ગઝલ સ્પર્ધા યોજાઈ હતી. મહોત્સવના આરંભે કું. સંગીતા રાજભરે સુંદર પ્રાર્થના રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આપણા આદિકાવ્યો રામાયણ અને મહાભારત અંગેની રસપ્રદ માહિતી સાથે સંગીતકલા વિશે માહિતી આપી તેમજ આ સ્પર્ધા આપણા કૉલેજમાં એક નવી ઉર્જાનો સંચાર કરશે અને આવા કાર્યક્રમોથી વિદ્યાર્થીઓમાં છુપાયેલી પ્રતિભા બહાર આવે છે આવા ઉજ્જવળ અવસરે ભાગ લેનાર દરેક

વિદ્યાર્થીને શુભકામનાઓ પાઠવી હતી. ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહને વધાર્યો હતો. ડિબેટ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ગીત–ગઝલ સ્પર્ધાના નિયમો માહિતી આપવામાં આવી હતી. સ્પર્ધામાં કુલ ૧૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે સંગીતા રાજભર (બી.કોમ.સેમ.૫), પાયલ પવાર (બી.કોમ.સેમ.૫) અને તૃતીય ક્રમે સરિતા રાજભર (બી.કોમ.સેમ.૧) વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંગીતના જાણકાર શ્રી દિવ્યેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્પર્ધકોના પ્રદર્શનની સરાહના કરી હતી અને તેમને ભવિષ્યમાં વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડિબેટ સમિતિના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલે તેમજ આભારવિધિ ડૉ. ઇશ્વરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. વિજેતા થયેલ તમામ વિદ્યાર્થીઓને કૉલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ, કૉલેજના અધ્યાપકો, વહીવટી સ્ટાફ, સેવકભાઈઓ અને કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ શુભેચ્છા પાઠવી હતી.

## યુનિવર્સિટીની ઇન્ટર કૉલેજ ટેકવોન્ડો સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનું ગૌરવ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના ઉપક્રમે ઇન્ટર કૉલેજ ટેકવોન્ડોની સ્પર્ધાનું આયોજન તા. ૨૮/૦૮/૨૦૨૫ના રોજ પી.આર.બી. આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, બારડોલી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગાર્ડા કૉલેજનો વિદ્યાર્થી ચૌધરી દક્ષ અરવિંદભાઈ (બી.એ.સેમ.૫)એ વિશ્વવિદ્યાલયની ટેકવોન્ડો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી તેમજ વિશ્વવિદ્યાલયની ટીમમાં પસંદગી પામી ગાર્ડા કૉલેજ તથા નવસારીનું ગૌરવ વધાર્યુ. ટીમ મેનેજર તરીકે શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. ચિરાગ ટંડેલે સેવા આપી હતી. ઉપરોકત સિદ્ધિ મેળવવા બદલ ગાર્ડા કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ડી.એમ.ગુર્જર, ઉપાચાર્ય તેમજ આઈ.કયુ.એ.સી. કૉ–ઑર્ડિનેટર ડૉ. એચ.જે.પટેલ, જીમખાના ચૅરમેન ડૉ. એ.બી.પટેલ તથા સમગ્ર ગાર્ડા કૉલેજ પરિવારે તેમજ કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## વૃક્ષારોપણ કાર્યક્રમ



શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનું કાર્ય કરતી એવી એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં રાષ્ટ્રીય સેવા યોજના અને આઈ.કયુ.એ.સેલના સંયુકત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ જલાલપોર તાલુકાના ડાંભેર ગામે"એક પેડ મા કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન તારીખ ૨૮/૦૮/૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વયંસેવકો દ્વારા ગામમાં પર્યાવરણ અને સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન તેમજ ૫૧ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ શ્રીમતી હર્ષાબેન પટેલ તથા ડેપ્યુટી સરપંચ શ્રી પ્રકાશભાઈ પટેલ સ્થળ પર હાજર રહી સ્વયં સેવકોને પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર તથા ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સ્વયં સેવકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાધાબેન ગૌતમ, શ્રીમતી હેતલબેન નાયક તથા શ્રી કિશોરભાઈ પટેલના અથાક પ્રયત્નોથી કાર્યક્રમ સફળતાની સંપન્ન થયો હતો.

## બુક રીવ્યુ સ્પર્ધા




નવસારી પંથકના ઉચ્ચ શિક્ષણ અને સંસ્કાર ઘડતરના પર્યાય સમી એસ.બી.ગાર્ડા કૉલેજનો મનોવૈજ્ઞાનિક વિભાગ વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિઓથી ઓળખાય છે. આ જ ઉપક્રમે ગત તા. ૨૯/૦૮/૨૦૨૫ના રોજ કૉલેજના સૅમિનાર હોલમાં મનોવિજ્ઞાન વિભાગ અને આઈ.કયુ.એ.સેલ દ્વારા બુક રિવ્યુ સ્પર્ધા યોજવામાં આવી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી તથા

મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. ધર્મવીર ગુર્જર હંમેશા પુસ્તક–વાંચન અને સંસ્કાર ઘડતર માટે દ્રઢ આગ્રહ ધરાવે છે. તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી આચાર્ય વિજયરત્ન સુંદર સુરીશ્વરજી મહારાજ રચિત પુસ્તકોના બુક રીવ્યુ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શુભ શરૂઆત કુ. સૂર્યા અને કુ. હેતલની પવિત્ર પ્રાર્થનાથી કરવામાં આવી. કાર્યક્રમની ભૂમિકા ડૉ. અશ્વિન શર્માએ સમજાવી. ત્યારબાદ ૧૪ જેટલા સ્પર્ધકોએ આચાર્ય વિજયરત્ન સુંદર સુરીશ્વરજી મહારાજ લિખિત પુસ્તકોનો સાર અને મૂલ્યવાન વિચારમોતીઓની રજૂઆત કરી. નિર્ણાયકશ્રી તરીકે કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષા શ્રીમતી રેખાબેન પટેલ તથા ગુજરાતી વિભાગના ઍડહોક અધ્યાપિકા ડૉ. ઉર્વિકાબેન પટેલે ઉમદા સેવા આપી. સ્પર્ધાને અંતે બંન્ને નિર્ણાયકશ્રીઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ પરિણામની ઘોષણા ડૉ. અશ્વિન શર્માએ કરી હતી. જેમાં પ્રથમે ક્રમે વિવેક પાંડે, દ્વિતિય ક્રમે મીત નાયકા તેમજ તૃતીય ક્રમે પ્રિયાંશી પટેલ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ગિફટ આપી સન્માનવામાં આવ્યા. આ પ્રસંગે અધ્યક્ષીય ઉદબોધન કરતા ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થીઓના ઉમદા–આધ્યાત્મિક પુસ્તકો વાંચી જીવન મૂલ્યો અપનાવવા માટે રસપ્રદ વાતો કરી હતી. આ કાર્યક્રમનું વ્યવસ્થાપન કુ. દિવ્યાની ટંડેલે તથા આભાર દર્શન કુ. નિર્જળા સહારેએ કર્યુ. સમગ્ર કાર્યક્રમમાં ઉદ્‌ઘોષક તરીકે ડૉ. હેમંતકુમાર પટેલે ઉમદા કામગીરી કરી હતી.

## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડીયમ કૉલેજ, સુરત.

### What after College? વિષય પર વ્યાખ્યાન યોજાયું



અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડીયમ કૉલેજમાં વિદ્યાર્થીઓ માટે What after College? વિષય પર ૨૧મી સદીમાં કારકિર્દીલક્ષી વિષય પર વ્યાખ્યાન યોજાયું. વ્યાખ્યાનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વ્યાખ્યાનના વકતા ડૉ. મનિષ મિત્તલ હતા જેમને વિદ્યાર્થીઓને સર્વગ્રાહી કારકિર્દી લક્ષી શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને અભિભૂત કર્યા હતા. આ કાર્યક્રમના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ કૉલેજના મુખ્ય સલાહકાર યુ.ટી.દેસાઈ અને ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ શુભેચ્છાઓ પાઠવી.

### રકતદાન શિબિરનું આયોજન



સુરતના વેસુ વિસ્તારમાં સ્થિત અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ NCC અને NSS અંતર્ગત રકતદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશય સમાજમાં રકતદાનની ભાવના ભાવને કેળવાય અને જરૂરી વ્યકિતઓને જીવનદાન આપવો હતો. શિબિર દરમિયાન ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. શિબિરને અંતે રકતદાતાઓ પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્ન આપીને તેમનો સન્માન કરવામાં આવ્યો. આ કાર્યમના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ અને ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### દેશ ભકિત ગીત સ્પર્ધા




સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજ, વેસુમાં દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં કૉલેજના વિવિધ વર્ગોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સંગીતમય પ્રસ્તુતિઓ દ્વારા દેશના વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. દરેક પ્રસ્તુતિમાં વિદ્યાર્થીઓનો જુસ્સો, ભાવના અને દેશપ્રેમની ઝલક અને સ્પષ્ટપણે દર્શાઈ હતી.

નિર્ણાયક તરીકે ઉપસ્થિત વરિષ્ઠ સંગીતકાર ઉત્કર્ષ કંથારીયા એ તમામ સ્પર્ધકોના પ્રયાસોની પ્રશંસા કરી અને વિજેતાઓની જાહેરાત કરી. કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. ગૌતમ દુઆએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપતાં

દેશભક્તિના મહત્વ પર પ્રકાશ પાડયો. સાથે જ સંસ્થાના માર્ગદર્શક અને સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈની ગૌરવમય હાજરીએ કાર્યક્રમને વિશિષ્ટ બનાવ્યો. પોતાના પ્રેરણાદાયી વકતવ્યમાં તેમણે વિદ્યાર્થીઓને હંમેશાં રાષ્ટ્રહીતને પ્રથમ સ્થાન પર રાખવાનું આહ્વાન કર્યું. સ્પર્ધામાં વિજેતા તરીકે પ્રથમ સ્થાન વંશી દેસાઈ, દ્વિતીય સ્થાન અર્પિતા સિંહ અને તૃતીય સ્થાન પાર્થ અરોડાએ મેળવ્યું હતું. સ્પર્ધાના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, ચેફ એડવાઈઝર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ તેમજ પ્રાધ્યાપકો ઉપસ્થિત રહીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

## એકો ફેસ્ટ ૨૦૨૫: પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને સર્જનાત્મકતાનો ઉત્સવ યોજાયો







સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજ, વેસુ દ્વારા 'એકો ફેસ્ટ ૨૦૨૫' નામે પર્યાવરણ આધારિત ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદઘાટન શાસ્ત્રીય પદ્ધતિથી સરસ્વતી વંદના અને મહાનુભાવોના ભાષણથી થયું. પ્રમુખ મહેમાન તરીકે વીર વિરલ દેસાઈ હાજર રહ્યા હતા, જ્યારે ઉદ્ઘાટન ભાષણ ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ અને કૉલેજ ચીફ એડવાઈઝર ડૉ. યુ.ટી.દેસાઈએ આપ્યું. મુખ્ય કાર્યક્રમો નુક્કડ નાટક, બિઝનેસ પિચિંગ, ફોટોગ્રાફી, રીલ-મેકિંગ અને ડોક્યુમેન્ટરી મેકિંગ જેવા સ્પર્ધાત્મક ઇવેન્ટ્સ હતા. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો, દરેક સ્પર્ધાને માટે અલગ અલગ ક્રમ આપવામાં આવ્યો અને તજજ્ઞ ડૉ. વત્સલ પટેલ, સુહાની જાગીરદાર અને સુરેશ ભાલોડિયાએ નિર્ણાયકર્તા તરીકે સેવા આપી. આ સ્પર્ધાના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, ચીફ ઍડવાઈઝર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, તેમજ પ્રાધ્યાપકો ઉપસ્થિત રહીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

## વિશ્વવિદ્યાલયની ચેસ ટીમમાં પસંદગી




સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજની તૃતીય વર્ષ B.B.A.ની વિદ્યાર્થીની દિવિષા અગ્રવાલ અને પ્રથમ વર્ષ B.Com.ની વિદ્યાર્થીની પ્રાચી શર્માની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની પશ્ચિમ ક્ષેત્ર આંતર કૉલેજ ચેસ ટીમ ૨૦૨૫-૨૬ માટે પસંદગી કરવામાં આવી છે. કૉલેજનું ગૌરવ વધારવા બદલ અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓએ, મહાવિદ્યાલયના મુખ્ય સલાહકારદ ડૉ. યુ.ટી.દેસાઈ તથા ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ વિદ્યાર્થીનીઓ અને શારીરિક શિક્ષક લેફટનન્ટ જીગર ચાવડાને શુભેચ્છાઓ પાઠવી.

## 'રાખી મેકિંગ' સ્પર્ધાનું આયોજન



સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજ, વેસુમાં રક્ષાબંધનના અવસરે "રાખી મેકિંગ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોતાની કળાત્મકતા તથા સર્જનાત્મકતાનું પ્રદર્શન કર્યું. સ્પર્ધાના વિજેતા તરીકે પ્રથમ સ્થાન વિષ્ણુ કેજરીવાલ (તૃતિય વર્ષ બી.કોમ), દ્વિતીય સ્થાન ખુશબુ વિશ્વકર્મા (બીજુ વર્ષ એમ.એ) અને તૃતીય સ્થાન શિવાની સલી (પ્રથમ વર્ષ બી.બી.એ) મેળવ્યું હતું. કાર્યક્રમના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇ.ચા.પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, તથા તમામ વ્યાખ્યાતગણોએ શુભેચ્છા પાઠવી.

## 'બ્રેસ્ટફીડિંગનું મહત્વ વિષય પર વ્યાખ્યાન યોજાયું



સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજ, વેસુ ખાતે વિદ્યાર્થીઓ અને માતાઓમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી "બ્રેસ્ટફીડિંગનું મહત્વ" વિષય પર એક વૈજ્ઞાનિક અને માહિતીપ્રદ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંતર્ગત માતૃત્વના આરોગ્ય, બાળકના વિકાસ તથા સ્તનપાનના શારીરિક અને માનસિક લાભોની વિશદ ચર્ચા કરવામાં આવી. આ વ્યાખ્યાનના મુખ્ય વક્તા ડૉ. મિનાક્ષી ત્રિપાઠી હતા, જેમણે બ્રેસ્ટફીડિંગની વૈજ્ઞાનિક પદ્ધતિઓ, તેના આરોગ્યલક્ષી લાભો તેમજ સમકાલિન પરિવેશમાં માતાઓના ચેલેન્જીસ વિષે માહિતગાર કરી હતી. વિદ્યાર્થીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી અને ઉલ્લેખનીય રુચિ દર્શાવી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ અને ઇ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દૂઆએ શુભેચ્છાઓ પાઠવી.

## 'સૈનિકોને સંદેશ' કાર્યક્રમનું સીધું પ્રસારણ યોજવામાં આવ્યું



સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડિયમ કૉલેજ, વેસુમાં એન.સી.સી.ના કેડેટ્સને પ્રોત્સાહિત કરવા માટે રેડિયો કાર્યક્રમ 'સૈનિકોને સંદેશ'નું સીધું પ્રસારણ સંભળાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કૅડેટ કોરના મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ ગુરબિરપાલ સિંહ (પી.વી.એસ.એમ, એ.વી.એસ.એસ., વી.એસ.એમ.)એ કેડેટ્સના પ્રશ્નોના જવાબ આપતાં જણાવ્યું કે એન.સી.સી. શિસ્તબદ્ધ જીવન જીવવામાં કેવી રીતે મદદરૂપ થયા છે જ્યારે તેમણે કેટલાક જુના/વરિષ્ઠ કેડેટ્સ સાથે વાત કરી, ત્યારે તેમણે જણાવ્યું કે એન.સી.સી.એ. તેમના જીવનને સુધારવામાં ઘણું યોગદાન આપ્યું છે. તેમણે ટ્રેકિંગ કેમ્પ, પર્વતારોહણ કેમ્પ વિશે પણ માહિતી આપી. તેમણે સૂચન કર્યું કે વ્યકિતએ એવું કરિયર પસંદ કરવું જોઈએ જે તેને સંતોષ આપે. તેમણે પોતાની પોસ્ટિંગ વિશે જણાવતા કહ્યું કે કેવી રીતે તેમણે વિવિધ સ્થળોએ જીવન વિતાવ્યું. કાર્યક્રમના આયોજન માટે અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઇ.ચા.પ્રિ.ડૉ. ગૌતમ દુઆ અને તમામ વ્યાખ્યાતા ગણોએ શુભેચ્છા પાઠવી હતી.

## એસ.પી.બી. ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત.

## પરિતોષિક વિતરણ સમારોહ યોજાયો




સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત ખાતે તા. ૩૧–૦૭–૨૦૨૫ના રોજ ભવ્ય પારિતોષિક વિતરણ સમારોહનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડ્યાના સૌજન્યસભર આવકાર સંબોધનથી કરવામાં આવી હતી. સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સી.એ. શ્રી યતીશ પારેખ ઉપસ્થિત રહ્યા હતા. સાથે વિશિષ્ટ મહેમાન તરીકે સી.એ. શ્રી જય છૈયા તથા ડૉ. અશોકકુમાર શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં એસપીબી કૉલેજના વહીવટી સમિતિના ચેરમેનશ્રી નિખિલ મદ્રાસીએ પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. જેમાં તેમણે વિદ્યાર્થીઓને–આઉટ ઑફ ધ બોકસ' વિચારવાની બાબત પર ભાર મૂકયો હતો. વિશિષ્ટ મહેમાનશ્રી જય છૈરાએ વિદ્યાર્થીઓને સફળતા માટે દૃઢ નિશ્ચય અને પરિશ્રમનો માર્ગ અપનાવવા પ્રેરણા આપી, જ્યારે મુખ્ય મહેમાનશ્રી યતીષ પારેખે પોતાના ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ રહેવા જણાવ્યું હતું. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયની માર્ચ–૨૦૨૫ની B.Com. અને M.Com. પરીક્ષાના પરિણામમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય SGPA અને CGPA સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પારિતોષિકો આપવામાં આવ્યા. આ સાથે ડિબેટ અને ઇલોકયુશન સમિતિના વિજેતાઓ, વિશ્વવિદ્યાલય યુવક મહોત્સવ અંતર્ગત નૃત્ય, સંગીત અને નાટ્યમાં વિજેતા વિદ્યાર્થીઓ, NCC ના "C" સર્ટિફિકેટ મેળવનાર કેડેટ્સ, NSS ના શ્રેષ્ઠ સ્વયંસેવકો તેમજ રમતગમત ક્ષેત્રે વિશ્વવિદ્યાલય, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, રાઈફલ શૂટિંગ, પિસ્તોલ શૂટિંગ, બાસ્કેટબોલ તથા સાઈકલિંગ જેવી

વિવિધ સ્પર્ધાઓમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતનાર વિદ્યાર્થીઓને પણ પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમમાં કુલ ૮૦ કરતાંભ વધુ વિદ્યાર્થીઓને તેમના વિવિધ ક્ષેત્રોમાં કરેલ ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા, જે વિદ્યાર્થીઓના જીવનમાં આત્મવિશ્વાસનો સંચાર કરે છે. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. હિર પંડ્યાએ ખૂબ જ સુંદર રીતે સંભાળ્યું હતું, જ્યારે અંતે આભારવિધિ કૉલેજના IQAC કૉ–ઓર્ડિનેટર ડૉ. સવિતા સોંધીએ કરી હતી. આ પારિતોષિક વિતરણ સમારોહ વિદ્યાર્થીઓની માનસિક ઉન્નતિ અને તેમના સર્વાંગી વિકાસ માટે પ્રેરણારૂપ રહ્યો હતો.

## ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન




સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતની ઍજ્યુકેશન ઍકસકર્ઝન કમિટી દ્વારા તા. ૩૦–૦૭–૨૦૨૫ના રોજ તૃતીય વર્ષ બી.કોમના ૫૬ વિદ્યાર્થીઓ સાથે વલસાડ ખાતે આવેલી બાલાજી વેફર ફેક્ટરી ખાતે ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ખાદ્ય ઉત્પાદનોની ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ, પેકેજિંગ, વિતરણ અને વ્યાવસાયિક વ્યવસ્થાપન જેવા અગત્યના પાસાઓ અંગે વાસ્તવિક અનુભવો અને પ્રાયોગિક જ્ઞાન આપવાનો રહ્યો હતો. વિદ્યાર્થીઓએ ફેક્ટરીના વિવિધ વિભાગો જેવા કે રો મટિરિયલ સ્ટોરેજ, ઓટોમેટેડ પ્રોડક્શન યુનિટ, પેકેજિંગ વિભાગ અને લોજિસ્ટિક્સ ડિપાર્ટમેન્ટનું નિરીક્ષણ કર્યું હતું. ફેક્ટરીના અધિકારીઓ દ્વારા તમામ પ્રક્રિયાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ વિઝિટ વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી અને જ્ઞાનવર્ધક બની હતી. વિદ્યાર્થીઓએ વ્યવસાયિક દૃષ્ટિકોણ, ટીમવર્ક અને વ્યવહારુ કૌશલ્ય જેવા પાસાંઓની ઊંડી સમજ મેળવી. આ સમગ્ર ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સીએ ડૉ. રવિ પટેલ અને ડૉ. ચિંતલ મોઢ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન

સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતના એસ.સી.એસ.ટી. સેલ દ્વારા તા.૩૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ લાઈબ્રેરીમાં પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટે ત્રણ વિષયો આપવામાં આવ્યા હતા. "Stand up for Your Rights", "Celebrating Diversity, Embracing Unity" અને "Our Roots, Our Strength". વિદ્યાર્થીઓએ પોતાના વિચારોને રંગરૂપે અભિવ્યક્ત કરીને આધુનિક કૃતિઓ રજૂ કરી હતી. સ્પર્ધાનું મૂલ્યાંકન શ્રેષ્ઠ રચનાત્મકતા, વિષય સાથેની સંબંધિતતા, સ્વચ્છતા અને રજૂઆતના આધાર પર કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકેની ફરજ પ્રા. હિરા પંડ્યા અને ડૉ. ધ્રુવ ગાંગડવાળા દ્વારા નિભાવવામાં આવી હતી. કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ, મહત્વપૂર્ણ સામાજિક મુદ્દાઓ પર પોતાની સમજૂતી અને અભિપ્રાયો કળા દ્વારા વ્યક્ત કર્યા હતા. સ્પર્ધામાંથી ત્રણ શ્રેષ્ઠ કૃતિઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ સ્થાન વાલી ઝિનલ (પ્રથમ વર્ષ બી.કોમ), દ્વિતીય ક્રમ ગરબાવાલા વાસુ (તૃતીય વર્ષ બી.કોમ) અને તૃતીય સ્થાન ગાયકવાડ તિષા (દ્વિતીય વર્ષ બી.કોમ) એ પ્રાપ્ત કર્યું હતું. વિજેતાઓને પ્રશંસાપત્ર અને બક્ષીસથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ પ્રા. મિતાલી પટેલ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.



## રાખી મેકિંગ સ્પર્ધા



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત ખાતે તા. ૦૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ આંતરવર્ગીય રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ ૧૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પરંપરાગત મૂલ્યો અને આધુનિક કલ્પનાશકિતનો ઉત્તમ સમન્વય દર્શાવતા રંગબેરંગી અને આકર્ષક રાખડીઓ તૈયાર

કરી હતી. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓની અંદર છુપાયેલી સર્જનાત્મકતા, સંસ્કૃતિક ભાવના અને ભારતીય પરંપરાઓ પ્રત્યેના માન–સન્માનને ઉજાગર કરવાનો રહ્યો હતો. સ્પર્ધાના મૂલ્યાંકન માટે ડૉ. સુનિલ રાજાણી અને પ્રા. મિતાલી પટેલે નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી, જેમણે કૃતિઓનું નિષ્પક્ષ નિરીક્ષણ કરીને વિજેતાઓને તરીકે પ્રથમ ક્રમ માટે જ્યોતિર્મયી નિલાંચલ પંડા (SY B.Com Sem-3), દ્વિતીય ક્રમ માટે રિયા રણવિજય પટેલ (SY B.Com Sem-3) અને તૃતિય ક્રમ માટે હંસિકા પ્રકાશ અહીર (M.Com Sem-1)ની પસંદગી કરી હતી. કાર્યક્રમનું આયોજન સંસ્કૃતિક સમિતિ દ્વારા ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડ્યા અને સમિતિના અધ્યક્ષ ડૉ. સવિતા સોધીના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું.

## બ્રેસ્ટ ફીડીંગ જાગૃતિ કાર્યક્રમ



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતના NSS યુનિટ દ્વારા તા. ૦૫/૦૮/૨૦૨૫ મંગળવારના રોજ એસપીબી કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થીનીઓ માટે "બ્રેસ્ટ ફીડીંગ જાગૃતિ કાર્યક્રમ" યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વકતા તરીકે શેઠ પી.ટી.મહિલા કૉલેજના અધ્યાપક ડૉ. મીનાક્ષી ત્રિપાઠી, ડૉ. વિદિતકુમાર ચાવડા અને તેમની ત્રણ વિદ્યાર્થીની દ્વારા જીવનમાં બ્રેસ્ટ ફીડીગનું મહત્વ અને તેની જાગૃતિ માટેનાં પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. ફરીદા માંડવીવાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## હર ઘર તિરંગાના અવસર પર દેશભક્તિ ગીત સ્પર્ધા




સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ, હર ઘર તિરંગાના અવસર પર દેશભક્તિ ગીત સ્પર્ધાનું ભવ્ય આયોજન તા. ૧૨ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. યોજાયેલી આ સ્પર્ધામાં કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં રજૂ થયેલા ગીતોએ સ્વતંત્રતાસેનાનીઓના બલિદાન, દેશપ્રેમ અને એકતાનો સંદેશ પહોંચાડ્યો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ફરીદા માંડવીવાલા અને ડૉ. ધ્રુવ ગાંગડવાળાએ સેવા આપી હતી, જેમણે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓની પ્રશંસા કરી અને સંગીત પ્રત્યેના તેમના ઉમંગને બિરદાવ્યો હતો. વિજેતાઓમાં પ્રથમ ક્રમે સિંહ નંદિની (ટી.વાય. બી.કોમ.), દ્વિતીય ક્રમે સિંહ લક્ષ્મી (એસ.વાય.બી.કોમ.) તથા તૃતીય ક્રમે સિંગણપોરિયા હીર (એફ.વાય.બી.કોમ.) રહી હતી. તમામ વિજેતાઓને પ્રમાણપત્રો અને પુરસ્કારો આપવામાં આવ્યા. સ્પર્ધાનું આયોજન ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડ્યા તથા સંસ્કૃતિક કમિટીના ચેરપર્સન ડૉ. સવિતા સોંધીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર્સ તથા સંસ્કૃતિક કમિટી દ્વારા સફળતાપૂર્વક કર્યું હતું.

## સ્વતંત્ર્યતા દિવસનું આયોજન





સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઓફ કોમર્સ, વી.ટી.ચોકસી લૉ, બીઆરસીએમ કૉલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન તથા સાર્વજનિક લૉ કૉલેજના સંયુક્ત આયોજન હેઠળ ૧૫ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ ૭૯મો સ્વાતંત્રતા દિવસ ઉત્સાહ, ગૌરવ અને દેશભક્તિના ભાવ સાથે ધામધૂમથી ઉજવાયો. સમગ્ર કેમ્પસ તિરંગાના રંગોથી સંશોભિત થઈ ગયો હતો અને વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સભ્યોમાં અદ્ભૂત દેશપ્રેમ અને ઉમંગ

જોવા મળ્યો. સવારના ૭:૩૦ વાગ્યે કાર્યક્રમની શરૂઆત તિરંગા રેલી અને સાડી વૉકથોનથી થઈ. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય સ્ટાફ સભ્યો હાથમાં તિરંગો લઈ દેશભક્તિના સૂત્રોચ્ચાર કરતા કેમ્પસથી રેલી પ્રારંભ કરી આસપાસના મુખ્ય માર્ગો પરથી પસાર કરી હતી. રેલી દરમિયાન 'જય હિંદ', 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું. મહિલા સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓએ પરંપરાગત સાડી ધારણ કરી 'સાડી વોકેથોન'માં ભાગ લીધો, જે મહિલાશકિત અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ પ્રતીક બની રહ્યું. રેલી પૂર્ણ થયા બાદ કૉલેજના પ્રાંગણમાં ધ્વનવંદનનો કાર્યક્રમ યોજાયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલા LAC ચેરમેન શ્રી નિખિલ મદ્રાસી દ્વારા રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યો. ધ્વજ ફરકતાં જ સૌએ એકસ્વરે રાષ્ટ્રગાન કર્યું અને સલામી આપવામાં આવી, જેના કારણે સમગ્ર વાતાવરણમાં દેશપ્રેમની લાગણી છવાઈ ગઈ. ત્યાર બાદ મુખ્ય મહેમાન શ્રી નીખિલ મદ્રાસી દ્વારા સ્વતંત્રતા દિવસના મહત્વ પર પ્રેરણાદાયી વકતવ્ય આપવામાં આવ્યું. પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું કે સ્વતંત્રતા માત્ર રાજકીય સ્વતંત્રતા નથી, પરંતુ વિચાર, અભિવ્યક્તિ અને જીવનમૂલ્યોની સ્વતંત્રતા છે. તેમણે યુવાનોને સંદેશ આપ્યો કે શિક્ષણ, શિસ્ત અને દેશપ્રેમ એ રાષ્ટ્ર નિર્માણના મૂળ સ્તંભ છે અને સાંપ્રદાયિક સુમેળ, એકતા તથા સંવેદનશીલતા જ ભારતને વિશ્વમાં આગવું સ્થાન અપાવી શકે છે. તેમણે સ્વતંત્રતા સેનાનીઓના ત્યાગ અને બલિદાનને યાદ કરતાં સૌને રાષ્ટ્રપ્રેમને રોજિંદા જીવનમાં જીવવાનો સંકલ્પ લેવાની અપીલ કરી.

કાર્યક્રમ ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડયાના માર્ગદર્શન હેઠળ એનએસએસ અને રમતગમત સમિતિના આયોજન દ્વારા સફળતાપૂર્વક યોજાયો. જેમાં તમામ કૉલેજના શિક્ષકો, ગેસ્ટ ફેકલ્ટી, બિનશૈક્ષણિક સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા. અંતે વંદેમાતરમના ગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો અને સૌને મીઠાઈ વહેંચવામાં આવી. આવી સંયુકત ઉજવણી એ સાબિત કરે છે કે વિવિધ વિષયોના અભ્યાસક્રમો અને જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ હોવા છતાં દેશપ્રેમ, એકતા અને સંસ્કૃતિક મૂલ્યો સૌને એકસાથે જોડે છે. પાંચેય કૉલેજોએ આપેલા સહકાર અને સમર્પિત આયોજનને કારણે આ ઉજવણી સ્મરણીય બની રહી, જે ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓને દેશભક્તિ, સામાજિક જવાબદારી અને સાંપ્રદાયિક સુમેળના મૂલ્યો માટે પ્રેરિત કરતી રહેશે.

## તિરંગા યાત્રાનું આયોજન




સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૧૦/૦૮/૨૦૨૫ રવિવારનાં રોજ સુરત મહાનગર પાલિકા દ્વારા આયોજિત ત્રિરંગા યાત્રામાં એન.એસ.એસ.નાં કુલ ૪૦ સ્વયં સેવકોએ મહારાષ્ટ્રીય લેજીમ, પંજાબી લોક નૃત્ય અને ક્રાંતિકારીનાં વેશ ધારણ કરીને આખી ત્રિરંગા યાત્રામાં પ્રદર્શન રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઑફિસર ડૉ. ફરિદા માંડવીવાલા, ડૉ. પ્રતિક પસ્તાગિયા તથા ડૉ. ચિંતન મોઢ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર પર વ્યાખ્યાન




સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત દ્વારા તા. ૧૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ઍડવોકેટ શ્રેયસ દેસાઈ પ્રેરિત ચિત્રા સુબોધ હોલ ખાતે એક ઉત્કૃષ્ટ શૈક્ષણિક પ્રવૃત્તિ તરીકે આંતરરાષ્ટ્રીય અર્થતંત્રને સ્પર્શતા વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. કૉલેજના પ્લાનિંગ ફોરમ દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય વિષય હતો. Trump Tariff War-Deal or No Deal- Why It Won't Matter for India. આ વ્યાખ્યાનના મુખ્ય વકતા તરીકે ડૉ. સુનિલ પારેખ, જે હાલમાં CERCના ચેરમેન તરીકે કાર્યરત છે. તથા ભારતના વિવિધ મલ્ટીનેશનલ કોપોરેશન્સ માટે વરિષ્ટ વ્યુહરચના સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ, જિનિવા ખાતે પણ ફાઉન્ડર ક્યુરેટર તરીકે જોડાયેલા રહ્યાં છ, જેથી તેમની સમજણ આંતરરાષ્ટ્રીય સ્તર પર અત્યંત દૃઢ છે તેઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. વ્યાખ્યાનની શરૂઆત કૉલેજની વહીવટી કમિટીના ચેરમેન શ્રી નીખિલ મદ્રાસી દ્વારા કરવામાં આવી. તેમણે આદરપૂર્વક મુખ્ય વકતા ડૉ. સુનિલ પારેખનું સ્વાગત કર્યું અને કહ્યું કે આ પ્રકારના વ્યાખ્યાન વિદ્યાર્થીઓ માટે જ્ઞાન વધારવાનું ઉત્તમ માધ્યમ છે. તેમણે જણાવ્યું કે આજે વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે, અને યુવાનો માટે માત્ર પુસ્તકોની માહિતી પૂરતી નથી. તેમણે વૈશ્વિક મુદ્દાઓને સમજવા અને તેની ઉપર વિચાર કરવો જરૂરી છે. આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના વિચારોને નવી દિશા આપે છે અને તેમનો દૃષ્ટિકોણ વિસ્તૃત બનાવે છે. ડૉ. પારેખે તેમના ઉદ્બોધનની શરૂઆત અમેરિકા અને ચીન વચ્ચે વર્ષો ચાલેલા ટેરિફ યુધ્ધના ઈતિહાસ સાથે

કરી. તેમણે ટ્રમ્પ શાસનકાળ દરમિયાન લાગુ પડેલ આયાતશુલ્ક અને તેના વૈશ્વિક પડઘા અંગે સમજણ આપી. તેમણે એ વ્યાખ્યાયિત કર્યુ કે ટ્રમ્પની ટેરિય નીતિઓ મૌલિક રીતે ચીન પર દબાણ બનાવવા માટે રચવામાં આવી હતી, પરંતુ તેમના અનુસંધાનમાં સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર, ખાસ કરીને સપ્લાય ચેઈન સિસ્ટમ, પર તેની નોંધપાત્ર અસર થઈ. આ અંગે તેમણે વિવિધ આંતરરાષ્ટ્રીય આંકડા અને ઉદાહરણો સાથે સમજાવ્યું કે કેવી રીતે અમેરીકાની આ નીતિ વૈશ્વિક બજારમાં અસંતુલન ઊભું કરે છે. તેઓએ સ્પષ્ટ કર્યુ કે ભારત માટે આ ટેરિફ યુધ્ધ, જે અત્યંત ધારદાર રાજકીય અને આર્થિક રણનીતિઓથી ભરેલું હતું, તે તેટલું મહત્વનું નથી જેટલું તે ચીન કે અમેરિકા માટે છે. ભારતનું આંતરરાષ્ટ્રીય વેપાર ચીન કે અમેરિકાની તુલનામાં અલગ માળખું ધરાવે છે – જેમાં આંતરિક માંગ, સ્થાનિક ઉત્પાદન અને ઉભરતા ઉદ્યોગો (Emerging Sectors) વધારે મહત્વ ધરાવે છે. ડૉ. પારેખે ભારપૂર્વક કહ્યું કે ભારત માટે ટેરિફ યુધ્ધ એક તકરૂપ છે. – જેમાં ચીનથી દુર થતા વિદેશી રોકાણકારોને ભારત તરફ આકર્ષવા માટેની વિશાળ શકયતાઓ છે. ડૉ. પારેખે ભારતના ફાર્મા, ટેકસટાઈલ્સ, આઈ.ટી., એનર્જી અને સ્ટાર્ટઅપ ક્ષેત્રોમાં વધારો વિશે પણ વિસ્તૃત માહિતી આપી. તેમના જણાવ્યા અનુસાર, ભારતની લોકશાહી, કુશળ માનવબળ, ટૅક્નૉલૉજી અપનાવવાની ઝડપ અને નીતિગત સ્થિરતા એ ભારતને ભવિષ્યના વૈશ્વિક નેતૃત્વ માટે યોગ્ય સ્થાન આપે છે. કાર્યક્રમનું સફળ આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા અને IQAC કૉ–ઑર્ડિનેટર ડૉ.સવીતા સોંધીના માર્ગદર્શન હેઠળ પ્લાનિંગ ફોરમના ચેરપર્સન ડૉ. ફરિદા માંડવીવાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## કૉલેજમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન



એસ.પી.બી. ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત ખાતે તા. ૨૨–૦૮–૨૦૨૫ના રોજ આંતર વર્ગીય વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વકતવ્ય માટેના વિષયો 'કંપનીઓએ નફા પર ભાર આપવો જોઈએ કે સામાજિક જવાબદારી પર ?', 'ખુશી એક પસંદગી છે કે પરિસ્થિતિઓનું પરિણામ? તેમજ 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સઃ તકો અને પડકારો' હતાં. સ્પર્ધાનાં મૂલ્યાંકન માટે નિર્ણાયક તરીકે પ્રા. હીરા પંડ્યા અને પ્રા. ડૉ. ફરીદા માંડવીવાલાએ ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવી હતી. જેમાં પ્રથમ સ્થાન ધ્રુવી એલ. પટેલ (એમ.કોમ.સેમેસ્ટર ૩), બીજુ સ્થાન ધ્રુવ આર. દુધાત (ટી.વાય.બી.કોમ.સેમેસ્ટર ૫) તથા ત્રીજુ સ્થાન સાક્ષી કે. દવે (એસ.વાય.બી.કોમ.સેમેસ્ટર ૩)એ મેળવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડિબેટ અને ઇલોકયુશન કમિટીના ઉપાધ્યક્ષ પ્રા. મિતાલી પટેલે કર્યુ હતું.

## કન્યા આત્મરક્ષા તાલીમનું આયોજન




સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લિશ મિડિયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતની પ્લાનિંગ ફોરમ કમિટી દ્વારા તા. ૨૩/૦૮/૨૦૨૫ શનિવારના રોજ કૉલેજની વિદ્યાર્થીનીઓ માટે 'કન્યા આત્મરક્ષા' તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સામાજીક કાર્યકર્તા શ્રી ધર્મેશભાઈ લાપસીવાલા અને તેમની સમગ્ર ટીમનાં સભ્યો અને ઉમરા પોલીસ સ્ટેશનના ASI સુનીતાબેન વળવી અને તેમની ટીમ, ભરતભાઈ પંડિત (ઍડવૉકેટ), રજનીકાંતભાઈ પટેલ, મહેશભાઈ પરમાર (મહિલા અને બાળ સુરક્ષા અધિકારીની કચેરી), રોનકબેન ધ્રુવ (સભ્ય, મહિલા સુરક્ષા સમિતિ) વગેરે હાજર રહ્યાં હતા. કાર્યક્રમમાં જુદા જુદા વકતાઓ દ્વારા ગુડ ટચ બેડ ટચ, મહિલા ન્યાય, સરકારી મહિલા યોજના, મહિલા સશકિતકરણ વગેરે વિષયો ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં ઇ.ચા.આચાર્ય ડૉ. આશિષ પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્લાનીગ ફોરમ કમિટીના ચેરમેન ડૉ.ફરીદા માંડવીવાલા અને ડૉ. પ્રતિક પસ્તાગિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

## પ્રેમચંદ જયંતિ નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયા જી–ભરૂચ ખાતે ૩૧ જુલાઈ પ્રેમચંદ જયંતિ નિમિત્તે હિંદી

વિભાગ દ્વારા પ્રેમચંદ કે ઉપન્યાસો મે સામાજિક યથાર્થ વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન તા. ૩૧/૦૭/૨૦૨૫ને ગુરુવારે સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન રૂમ નં. ૧૦૫માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત હિંદી વિભાગ અધ્યક્ષ ડૉ. શર્મિલાબેન એસ. પટેલ દ્વારા ઉપન્યાસ સમ્રાટ મુન્શી પ્રેમચંદના ઉત્કૃષ્ટ સાહિત્યથી વિદ્યાર્થીઓને પરિચિત કરવામાં આવ્યા. આ સ્પર્ધામાં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. મિરલબેન ચૌહાણ અને પ્રા. વિશાલભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ઇન્ચાર્જ આચાર્ય ડૉ.નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## 'પ્રેક્ટીકલ ટ્રેનિંગ વર્કશોપ'નું આયોજન




ઇનોવેશન કલબના કૉ–ઑર્ડિનેટર પ્રા. અનિતા વાઘ દ્વારા વર્કશોપના ઉદ્દેશ, મહત્વ તથા આજના યુગમાં આત્મનિર્ભરતા માટે વ્યાવસાયિક કુશળતા કેવી રીતે ઉપયોગી બની શકે તે અંગે વાત કરી હતી. આ વર્કશોપના ટ્રેનર તરીકે શ્રીમતી અનિતાબેન પટેલ અને કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, 'હવેનો યુગ મહિલાઓ માટે માત્ર શિક્ષણનો નહીં, પરંતુ સ્વાવલંબનનો છે. આવા વર્કશોપથી યુવતીઓને કૌશલ્યવિકાસ તથા રોજગારની નવી દિશાઓ મળી શકે છે.' અંતે ઇનોવેશન કલબના કૉ–ઑર્ડિનેટર પ્રા. ભાવનાબેન ગોથાણા દ્વારા વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવા માટે અને હસ્તકૌશલ્યના આધારે રોજગારી મેળવવાનો માર્ગ પણ મોકળો કરે છે. એ બાબતની જાણકારી આપી, તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયામાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧૧/૦૭/૨૦૨૫, શુક્રવારના રોજ 'વિશ્વ વસ્તી દિવસ' નિમિત્તે 'ભારત માટે વસ્તી ફાયદાકારક છે કે નુકસાનકારક છે?' વિષય પર આધારિત કૉલેજ સ્તરીય નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ 'ભારત માટે વસ્તી ફાયદાકારક છે કે નુકસાનકારક છે?' તે વિશે પોતાના મૌલિક વિચારો નિબંધના સ્વરૂપમાં રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે M.A.Sem-1 અર્થશાસ્ત્રના વસાવા નમ્રતાબેન દિનેશભાઈ, દ્વિતીય ક્રમે M.A.Sem-1 અર્થશાસ્ત્રના વસાવા તેજલબેન એસ. અને તૃતીય ક્રમે T.Y.BA.Sem-5 અર્થશાસ્ત્ર વસાવા પ્રિયંકાબેન એન. પ્રાપ્ત કર્યો હતો. આ નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને પ્રા. શીતલ ડી. મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

## લાઇબ્રેરીની મુલાકાત



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા જી. ભરૂચ ખાતે ટી.વાય.બી.એની હિન્દી Minor વિષયના વિદ્યાર્થીનીઓને તા. ૨૬/૦૭/૨૦૨૫ શનિવારે સવારે ૮:૩૦ થી ૯:૩૦ તેમજ હિન્દી Major વિષયની વિદ્યાર્થીનીઓને તારીખ ૧૪/૦૭/૨૦૨૫ સમય ૮:૩૫ થી ૯:૩૦ દરમિયાન લાઇબ્રેરીની મુલાકાતનું આયોજન હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. શર્મિલા એસ પટેલ પ્રા. મીરલ ચૌહાણ તેમજ પ્રા. વિશાલ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનિઓને પુસ્તકની માહિતી, પુસ્તક કેવી રીતે શોધવું, તેમજ મેગેઝિન અન્ય વિષયોની પુસ્તકોની માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## પોસ્ટર સ્પર્ધાનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા ખાતે હોમ સાયન્સ વિભાગ દ્વારા બ્રેસ્ટ ફીડિંગ સપ્તાહની ઉજવણીના અંતર્ગત પોસ્ટર સ્પર્ધાનું આયોજન તારીખ ૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. સ્પર્ધામાં વિવિધ વિષયો ઉપર આધારીત સંદેશવાહક અને કલાત્મક પોસ્ટરો દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા અને સમજદારીનો પરિચય આપ્યો. દરેક સ્પર્ધકે સજનશીલ વિચારોથી ભરપૂર પોસ્ટરો રજૂ કરીને પોતાનું પ્રતિભાશાળી વ્યકિતત્વ સાબિત

કર્યું. આ પ્રસંગે ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટે વિદ્યાર્થીઓને સ્તનપાનના આરોગ્યલક્ષી અને સામાજિક મહત્વ વિશે માહિતગાર કર્યા અને તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી. નિર્ણાયક તરીકે ગૃહ વિજ્ઞાન વિભાગ અધ્યક્ષ પ્રા. ભાવનાબેન ગોથાણા અને પ્રા. અનિતાબેન વાઘે ભૂમિકા નિભાવી. તેમજ વિદ્યાર્થીઓના કલાત્મક જાગૃતિ જનક પોસ્ટરને બિરદાવ્યા અને બ્રેસ્ટ ફીડિંગના ફાયદા સમજાવ્યા. ગૃહ વિજ્ઞાન નાં પ્રા. નિમિષાબેન માટેએડાએ પ્રોગ્રામનું સંચાલન કર્યું અને ગૃહ વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રા. ભાવનાબેન ગોથાણાએ આભારવિધિ કરી હતી. આ સ્પર્ધામાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે વસાવા સુઝેન જે. આવ્યા હતા.




## હર ઘર તિરંગા રેલીનું આયોજન



અત્રેની કૉલેજના આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ અને એન.એસ.એસ.ઑફિસર ડૉ. દિનેશસિંહ રાજ ડૉ. પુષ્પાબેન પટેલ ડૉ. કુસુમબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કૉલેજનો સમગ્ર સ્ટાફ અને એન.એસ.એસ.ની ૨૦૮ જેટલી સ્વયંસેવિકા બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી. દેશભક્તિની ભાવના જાગૃત કરવા વિદ્યાર્થીઓએ આ રેલીમાં વંદે માતરમ, ભારત માતાકી જય જેવા સુત્રો બોલીને આ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

## રેગિંગ સાથે જોડાયેલી ફિલ્મની ઝલક કાર્યક્રમનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા ખાતે "રેગિંગ અંગે જાગૃતિ લાવવા માટે વિદ્યાર્થીઓને છીછોરે ફિલ્મ બતાવવાનું આયોજન તારીખ ૧૪/૦૮/૨૦૨૫ ને ગુરુવારે સવારે ૯:૩૦ કલાકે રૂમ નં : ૧૦૫ માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. શર્મિલાબેન એસ પટેલ દ્વારા બી.એ. અને એમ.એ.ના ૫૪ વિદ્યાર્થીઓને રેગિંગ વિશે જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ છીછોરે ફિલ્મ બતાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રા. મિલરબેન ચૌહાણ, પ્રા. વિશાલકુમાર વસાવા ઉપસ્થિત રહ્યા હતા.



## નિબંધ સ્પર્ધા



તા. ૧૩ જુલાઈ ૨૦૨૫ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલિયાના ગુજરાતી વિભાગ દ્વારા "એન્ટી રેગિંગ સપ્તાહ દિવસની ઉજવણી" નિમિત્તે કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. નિબંધ સ્પર્ધાના ૧. રેગિંગ: મિત્રતા કે હિંસા?, ૨. રેગિંગ મુક્ત કેમ્પસ: અભ્યાસ, ૩. રેગિંગ: કાયદાની નજરે એક અપરાધ, અને ૪. શાળા અને કૉલેજોમાં વિદ્યાર્થીઓના હિત માટે કડક કાયદા જરૂરી છે? વિષયો હતા. આ સ્પર્ધાના ૧૭ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એમાં પ્રથમ ક્રમે વસાવા સુહાની અરવિંદભાઈ, બીજા ક્રમે વસાવા સ્મિતા રતિલાલભાઈ, ત્રીજા ક્રમે બે વિદ્યાર્થીનીઓ વસાવા સંધ્યાબેન વિજયભાઈ, વસાવા હિરલબેન કલ્પેશભાઈ આવી છે. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રાધ્યાપક નિમિષાબેન માઢીયેડા, પારૂલબેન એન. રાણા અને મિરલબેન કે. ચૌહાણ એ કામગીરી કરી હતી.

## ગૃપચર્ચાનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલિયા ખાતે ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ એન્ટી રેગિંગ સપ્તાહ ઉજવણી અંતર્ગત અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧૪/૮/૨૦૨૫ના રોજ સમૂહચર્ચા (ગૃપ ડિસ્કશન)નું આયોજન કરવામાં આવ્યું હતું. સમૂહચર્ચામાં વિદ્યાર્થીઓએ રેગિંગ, રેગિંગ કરનાર વિદ્યાર્થીઓને દંડ અને સજા, રેગિંગનો

ભોગ બનનાર વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પગલાંઓ વગેરે અંગે પોતાના વિચારો અને સૂચનો ચર્ચામાં રજૂ કર્યા હતા. આ સમૂહચર્ચા (ગૃપ ડિસ્કશન)નું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને પ્રા. શીતલ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.





## એન્ટી રેગિંગ વીક નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન





શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયામાં તા. ૧૩/૦૮/૨૦૨૫ના રોજ એન્ટી રેગીંગ વીક નિમિત્તે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાકાર ડૉ. અજિતકુમાર પ્રજાપતિ (લાઈબ્રેરીયન) ગર્વમેન્ટ કૉલેજ, નેત્રંગ જેઓએ 'રેગિંગ અ મેન્સ' વિષય પર વિદ્યાર્થીઓને જ્ઞાન આપી જ્ઞાનાવિન્ત્ કર્યા હતા, તેમણે કહ્યું કે, કૉલેજમાં વિદ્યાર્થીઓએ સિનિયર જુનિયર્સનો ભેદ રાખ્યા વગર હકારાત્મક વલણ રાખી કૉલેજના ઉત્કર્ષ અર્થે અભ્યાસ કરવો. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટે અતિથિનું પુષ્પ થકી અને શબ્દો થકી સ્વાગત કરી કાર્યક્રમની શોભા વધારી હતી. તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પણ આપ્યું હતું. આ કાર્યક્રમના કૉ-ઑર્ડિનેટર સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. અલકાબેન એન. ચૌહાણે કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સંસ્કૃત વિભાગ તેમજ કૉલેજના દરેક અધ્યાપક મિત્રોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ કાર્યક્રમમાં કુલ ૮૦ જેટલા વિદ્યાર્થીઓની હાજરી હતી. અંતે રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## વ્યાખ્યાનનું આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયા ખાતે અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૫, સોમવારના રોજ એમ.એ.સેમ-૧ના વિદ્યાર્થીઓ માટે "How to use Shodhganga Website" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં અર્થશાસ્ત્ર વિભાગના પીજી ઇન્ચાર્જ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા પ્રોજેક્ટરના માધ્યમથી વિદ્યાર્થીઓને શોધગંગા વૅબસાઈટનો પરિચય અને મહત્વ સમજાવી શોધગંગા વૅબસાઈટ પર અર્થશાસ્ત્ર વિષયના કોઈ ચોક્કસ મુદ્દા પર કોઈ સંશોધકની પીએચ.ડી. થિસિસ કઈ રીતે શોધવી, પીએચ.ડી. થિસિસનો કઈ રીતે અભ્યાસ કરવો વગેરે બાબતોનો પ્રેક્ટિકલ રીતે રજૂઆત કરવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાં કુલ ૪૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વ્યાખ્યાનનું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એન્ટી રેગિંગ અવેરનેસ કિવઝનું સફળ આયોજન




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયાના હોમ સાયન્સ વિભાગ દ્વારા તા. ૧૨ ઑગસ્ટ થી ૧૮ ઑગસ્ટ, ૨૦૨૫ દરમિયાન એન્ટી રેગિંગ સપ્તાહની ઉજવણી અંતર્ગત એન્ટી રેગિંગ અવૅરનેસ કિવઝનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ આયોજન ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ યોજાયું. કિવઝમાં કૉલેજની ૩૯૮ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેના કારણે એન્ટી રેગિંગ સપ્તાહ જાગૃતિમય અને સફળ રહ્યો. કાર્યક્રમનું

સંકલન હોમસાયન્સ વિભાગના અધ્યક્ષ પ્રા. ભાવનાબેન ગોથાણા તથા પ્રા. અનિતાબેન વાઘ અને પ્રા. નિમિષાબેન માટીએડાના સંયુક્ત પ્રયત્નોથી થયું. કિવઝમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને ઓનલાઈન સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓએ કિવઝ દ્વારા એન્ટી રેગિંગ વિશે મહત્વપૂર્ણ જાણકારી મેળવી અને રેગિંગ મુક્ત, સુરક્ષિત અને મિત્રતાપૂર્ણ કૉલેજ કેમ્પસ નિર્માણ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. હોમસાયન્સ વિભાગના આ પ્રયત્નથી કૉલેજમાં રેગિંગ વિરોધી સંદેશનો વ્યાપક પ્રસાર થયો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ તેમજ જવાબદારીનો સંદેશ મજબૂત બન્યો.

## Anti-Ragging Poster Making Competition




The Department of English of Shree Rang Navchetan Mahila Arts College, Valia organized an Anti-Ragging Poster Making Competition on 18th August, 2025 with the objective of spreading awareness against ragging and to sensitize students towards creating a safe, respectful and inclusive campus environment.

The competition began at 10:00 a.m. in Room No. 2, where students enthusiastically participated with creative ideas and artistic expressions. A total of [16] participants showcased their talent through thought-provoking posters highlighting the ill-effects of ragging and the importance of friendship, respect, and harmony among peers. The event was judged by Vice Prin. Assoc. Prof. Bhavnaben Gothana and Asst.Prof. Nimishaben Matieda, who evaluated the posters based on creativity, originality, message clarity, and presentation. The results were declared after a careful assessment, and the winners were appreciated for their innovative work.

The competition was successfully coordinated by Asst. Prof. Sonalben N. Gharia and Asst. Prof. Parulben N. Rana, under the guidance of In-charge Prin.Dr. Niyatiben B. Bhatt, Head of the Department of English.

The event proved to be a meaningful initiative, providing students an opportunity to express their views artistically against ragging while strengthening the message of unity and mutual respect in the college community.

## મહિલા સશક્તિકરણ પર યોગા વિથ ડાન્સમાં બીજો ક્રમ મેળવી સિદ્ધિ હાંસલ કરી





૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫ના સ્વતંત્રતા દિવસ પર્વ નિમિત્તે વાલિયામાં જિલ્લા કક્ષાએ આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓએ "મહિલા સશકિતકરણ" વિષય પર અનોખી યોગા સાથે ડાન્સ પ્રસ્તુતિ આપી સૌનું મન મોહી લીધું. કૉલેજે બીજા ક્રમ પ્રાપ્ત કરી રાજ્યના વનમંત્રીશ્રી આદરણીય મુકેશભાઈ પટેલના વરદહસ્તે વિજેતા ટ્રોફી અને ઇનામ પ્રાપ્ત કર્યા. દેશપ્રેમ, સાંસ્કૃતિક પરંપરા અને સર્જનાત્મકતાનું સુંદર સંયોજન રજૂ કરતી આ પ્રસ્તુતિને ઉપસ્થિત મહાનુભાવો તથા નિર્ણાયક તરફથી તેમજ ઓડિયન્સ તરફથી વિશેષ પ્રશંસા મળી. ઇન્ચાર્જ આચાર્ય શ્રીમતી નિયતિબેન ભટ્ટે જણાવ્યું કે, "વિદ્યાર્થીનીઓએ કલાત્મકતા, શારીરિક લવચિકતા અને સંદેશાત્મક અભિવ્યકિતનો સુંદર સમન્વય કરી મહિલા સશકિતકરણનો શકિતશાળી સંદેશ આપ્યો છે. આ કૃતિના માર્ગદર્શન આપનાર કન્વીનર્સ પ્રો. ભાવનાબેન ગોથાણા, પ્રા. સોનલબેન, પ્રા. પારૂલબેન અને પ્રા. ભારતીબેને સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે, " આ પ્રસ્તુતિ પાછળ વિદ્યાર્થીનીઓની સતત મહેનત, સંયમ અને ટીમવર્ક છે. આ સિદ્ધિએ કૉલેજનું ગૌરવ વધાર્યું છે. કૉલેજ તરફથી વિજેતા તથા ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને કૉલેજના ટ્રસ્ટી મંડળે પણ હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવવામાં આવી. તેમણે જણાવ્યું કે આવનારા સમયમાં પણ સાંસ્કૃતિક તથા સામાજિક સંદેશ આપતા કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેતા રહીશું.

## 'ઉદ્યોગ સાહસિકતા' દિવસની ઉજવણી



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયાના ઇનોવેશન કલબના કૉ–ઑર્ડિનેટર પ્રા. અનિતાબેન વાઘ દ્વારા તા. ૨૧/૦૮/૨૦૨૫ના રોજ 'ઉદ્યોગ સાહસિકતા દિવસ' ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. નિયતિબેન ભટ્ટે વિદ્યાર્થીઓમાં નવોદ્યોગ, નવીન વિચારધારા અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટેની જાણકારી આપી. ત્યારબાદ વિદ્યાર્થીઓને લોકપ્રિય ટીવી શો શાર્ક ટેન્કનું પ્રદર્શન કરવામાં આવ્યું. શાર્ક ટેન્ક શો દ્વારા વિદ્યાર્થીઓને જાણકારી પ્રાપ્ત થઈ કે કવી રીતે યુવા ઉદ્યોગ સાહસિકો પોતાની નવીન પ્રોડકટ, સેવા કે બિઝનેસ આઈડિયા રજૂ કરે છે અને અનુભવી રોકાણકારો (Sharks) તેમની યોજનાઓનું મૂલ્યાંકન કરીને તેમાં રોકાણ કરે છે આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સમજાયુ કે અફળ બિઝનેસ માટે નવતર વિચાર, યોગ્ય પ્રેઝન્ટેશન કૌશલ્ય, ફાઈનાન્સિયલ પ્લાનિંગ અને રિસ્ક લેવા હિંમત અત્યંત જરૂરી છે. કાર્યક્રમમાં ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમજ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઘણા વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, આ પ્રકારના કાર્યક્રમો તેમને ઉદ્યોગ સાહસિક બનવા માટે પ્રેરણા આપે છે. અંતે ઇનોવેશન કલબના કૉ–ઓર્ડિનેટર પ્રા. ભાવનાબેન ગોથાણાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી, આવા નાના સ્ટાર્ટ અપ શરૂ કરવાના પ્રયાસો ભવિષ્યમાં પણ ચાલુ રાખવા પર ભાર મૂકયો.

## સંસ્કૃત સપ્તાહનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયાના સંસ્કૃત વિભાગ દ્વારા કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩/૦૮/૨૦૨૫ના રોજ જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચના સંસ્કૃત વિભાગના ડૉ. દિપકભાઈ પારેખે, 'ગીતા સોપાન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૧૪/૦૮/૨૦૨૫ના રોજ "સંસ્કૃત એક શાશ્વત ભાષા" વિષય પર ભરૂચ વૈદિક તપોવનના પ્રધાન આચાર્ય પાર્થસિંહ ગોહિલ એ વ્યાખ્યાન આપ્યું હતું. તેમજ તા. ૧૮/૦૮/૨૦૨૫ના રોજ શ્રી એસ.આર.પટેલ બી.એડ. કૉલેજ, અણિતાના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સંજય બી. પટેલ દ્વારા "સંસ્કૃત વકૃત્વ કૌશલ્યનો વિકાસ કરો" એ વિષય પર વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને વકૃત્વ કલા ના વિકાસ પર વિષય ભાર આપી વિદ્યાર્થીઓને સંસ્કૃત પ્રત્યે સજાગ કરવામાં આવ્યાં હતાં. ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટે સ્વાગત વકતવ્ય આપી સંસ્કૃત પ્રત્યે પ્રેમ દાખવ્યો હતો. તેમજ કૉલેજના પ્રત્યય પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન બી.એ. અને એમ.એ.ની વિદ્યાર્થીનીઓએ કરી સંસ્કૃત પ્રત્યે અભિરૂચિ કેળવી હતી. આ ઉપરાંત સંસ્કૃત શ્લોક પઠન શ્લોક ગાન સ્પર્ધા શ્રીમદ ભગવદ્ગીતા પ્રશ્નોતરી, સુકિત પઠન, આદિ કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા હતા સ્પર્ધાના વિજેતાઓને ઇનામ તેમજ સર્ટિફિકેટનું વિતરણ પણ કરવામાં આવ્યું. કાર્યક્રમનું આયોજન સંસ્કૃત વિભાગ અધ્યક્ષ ડૉ. અલકાબેન ચૌહાણ અને ડૉ. દિનેશ સિંહ રાજ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. અલ્કાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. અંતે રાષ્ટ્રગાન કરી પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## 'World Entrepreneurship Day' દિવસની ઉજવણી



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ વાલિયાના અર્થશાસ્ત્ર વિભાગ અને હિન્દી વિભાગ દ્વારા તા. ૨૧/૦૮/૨૦૨૫ને ગુરુવારના રોજ "World Entrepreneurship Daycc ઉજવણી નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. શર્મિલાબેન એસ. પટેલ દ્વારા ઉદ્યોગ સાહસિકતાનો અર્થ મહત્વ તથા વાસ્તવિક ઉદાહરણ દ્વારા ભવિષ્યમાં કારકિર્દી તરીકે પોતાનો વ્યવસાય, ઉદ્યોગ શરૂ કરી શકાય તે અંગે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતાના સંદભમાં ટીવી શો 'શાર્ક ટેન્ક' બતાવવામાં આવ્યો હતો. તદુંપરાંત એમ.એ. સેમ–૧ અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થી વસાવા સ્નેહાબેન જયંતીલાલ (વારલી પેઇન્ટીગ ઓર્ટિસ્ટ) દ્વારા પોતાના

અનુભવો, પ્રોજેક્ટ તથા ભવિષ્યની ઉજ્જવળ તકો વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને પ્રા. શીતલ મિસ્ત્રી તથા હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. શર્મિલાબેન એસ. પટેલ અને પ્રા. મિરલ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara.

### યુવક સહકારી તાલીમ વર્ગનું આયોજન




શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા કે.આર.પી. દરજી ઇન્ડો–અમેરિકન ઇન્સ્ટીટ્યૂટ ઑફ કમ્પ્યુટર સાયન્સ, વ્યારા તથા સુરત જિલ્લા સહકારી સંઘ, બારડોલીના સંયુકત ઉપક્રમે વ્યારા કૉલેજનમાં અભ્યાસ કરતા વિદ્યાથી ભાઈ–બહેનો માટે એક અઠવાડીયા માટે યુવક સહકારી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. IT તાલીમી કાર્યક્રમમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ આ તાલીમી કાર્યક્રમનું આયોજન વ્યારા કૉલેજ ખાતે કરવા બદલ સુરત જિલ્લા સહકારી સંઘનો આભાર માન્યો. ભારત જેવા વિશાળ દેશના અર્થતંત્રને ગતિ આપવામાં વિવિધ સહકારી પ્રવૃત્તિઓનું ખૂબ મોટુ યોગદાન છે. આજે ગામડાઓમાં સહકારની ભાવનાથી પ્રવૃત્તિથી શરુ કરવામાં આવેલ ડેરી ઉદ્યોગ વિશ્વના દેશોને પણ પ્રેરણા આપે છે. સહકાર એટલે એકબીજાને મદદ કરવી અને સાથે મળીને કામ કરવું. સહકારથી કામ કરવાથી કોઈપણ મુશ્કેલ કાર્ય સરળ અને સફળ બને છે. એટલુ જ નહી સહકાર સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવનાને મજબુત બનાવે છે એમ જણાવી ભેગા થવુંએ શરૂઆત છે; ભેગા રહેવુંએ પ્રગતિ છે અને ભેગા રહીને કાર્ય કરવું એ સફળતા છે એ સહકારી પ્રવૃત્તિનો સાચો જીવન મંત્ર છે; તેથી દરેક યુવક યુવતીઓને જીવનમાં સહકારના જીવનમંત્રને અપનાવવા અનુરોધ કર્યો હતો. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને આ તાલીમી શિબિરના માર્ગદર્શક ડૉ. આશિષભાઈ નાયકે ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળતી વિવિધ પ્રકારની સહકારી પ્રવૃત્તિ ભારતના અર્થતંત્રને મજબુત બનાવે છે તથા સહકારથી કરેલું કોઈપણ કાર્ય સારું પરિણામ આપે છે. સહકાર એ સુખી અને સમૃદ્ધ જીવનની ચાવી છે તથા સહકાર દ્વારા આપણે એકબીજાના વિચારો અને મંતવ્યોને સારી રીતે સમજી શકીએ છીએ એમ જણાવ્યું તથા આ તાલીમ શિબિર આપને જીવનમાં ખૂબ ઉપયોગી બનશે એવી લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમના મુખ્ય સંચાલક વિજયભાઈ ચૌધરીએ આ સહકારી તાલીમ વર્ગના મુખ્ય ઉદ્દેશ તથા વિવિધ કાયદાકીય જોગવાઈઓ અને વ્યવસ્થાપન કૌશલ્ય વિશેની જાણકારી આપી હતી. આ તાલીમી કાર્યક્રમ દરમ્યાન જુદા જુદા વકતાઓ પૈકી શ્રી જયેશભાઈ પટેલે સુમુલ ડેરીની પ્રવૃત્તિ, પંકજભાઈ ચૌધરીએ આરોગ્ય વિષયક જાણકારી, ડૉ. સોનલબેન જાડાએ મોટિવેશન અને કારકિર્દી માર્ગદર્શન અંગે વિદ્યાર્થીઓને માહિતી પુરા પાડયા હતા. આ તાલીમી કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સુમુલદાણ ફેકટરી, બાજીપુરાની મુલાકાત પણ કરાવવામાં આવી હતી. જ્યાં સુમુલદાણના ઉત્પાદન સાથે સંકળાયેલી વિવિધ પ્રકારની પદ્ધતિ અને જુદી જુદી સામગ્રીની જાણકારી આપવામાં આવી હતી. કૉલેજના એડહોક અધ્યાપકશ્રી કાર્તિક ડી. ચૌધરી, કમલેશભાઈ વસાવા અને વિજયભાઈ ચૌધરીએ સુમુલદાણ ફેકટરીની મુલાકાત દરમ્યાન જરૂરી માર્ગદર્શન અને સહકાર પુરા પાડયા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઑફિસર અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા.શ્રી.એસ.આર.ચૌધરીએ કર્યુ હતું.

### વ્યારા કૉલેજમાં વિસ્તરણ વ્યાખ્યાનમાળા અંતર્ગત વિવિધ વિષયોમાં વ્યાખ્યાન યોજાયું




શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ વ્યારા ખાતે કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષયોમાં નિષ્ણાંત અધ્યાપકોના વ્યાખ્યાનો યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવસિયાએ વર્તમાન સમય સ્પર્ધાનો સમય છે આવા સંજોગોમાં વિદ્યાર્થી સ્પર્ધાત્મક ક્ષેત્રે ટકી શકે અને જ્ઞાન અને માહિતીસભર વધારાનું ભાથું મેળવી શકે તે માટે નિવૃત્ત થયેલા અધ્યાપકો, અન્ય વિશ્વવિદ્યાલય કે કૉલેજોમાં અધ્યાપક તરીકે સેવા આપતા વિદ્વાન અધ્યાપકોના જ્ઞાનનો લાભ આદિવાસી વિસ્તારમાં આવેલી આપણી આ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળે તે હેતુથી વિવિધ વિષયોના

વ્યાખ્યાનનો પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગોઠવવામાં આવ્યા છે જે વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી બની શકે છે એટલું જ નહીં આજે જ્યારે જ્ઞાનનો વિસ્ફોટ થયો છે ત્યારે આપણી કૉલેજના વિદ્યાર્થીઓ પણ માહિતીસભરથી પાછળ ન રહી જાય તેને ધ્યાનમાં રાખી આવા વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવે છે એમ જણાવી દરેક વિદ્યાર્થીઓએ અભ્યાસકાળથી જ પુસ્તકને મિત્ર બનાવી ગુજરાતીનો વધુને વધુ સારા પુસ્તકો વાંચનની ટેવ પદવી જોઈએ એમ કહ્યું હતું.

ગુજરાતીનો અધ્યાપક સંઘ તથા વ્યારા કૉલેજના સંયુક્ત ઉપક્રમે એમ.એ.ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે વિદ્યા વિસ્તાર વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. નરેશ શુક્લે ચંદ્રકાંન્ત બક્ષી કૃત 'પેરેલીસીસ' નવલકથા તથા મનોજ માહ્યાવંશીએ 'ભારતીય સાહિત્ય' ઉપર વિસ્તૃત જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. એમ.એચ.વાઢેળે કરી હતી. વ્યારા કૉલેજના બીજા ભૂતપૂર્વ અધ્યાપકશ્રી ચંદ્રેશભાઈ ભટ્ટે એમ.કોમ.સેમ–૧ ના વિદ્યાર્થીઓ સમક્ષ જાહેરાત કઈ રીતે તૈયાર કરી શકાય, વેચાણદર અને વેચાણ સંચાલન અંગેના નિર્ણયો કઈ રીતે લઈ શકાય, વેચાણદર વચ્ચે હરિફાઈ તથા વેચાણ અભિવૃદ્ધિ, જાહેરાત દ્વારા ગ્રાહકોના માનસપણ ઉપર ઊભી થતી છાપ અને તેનાથી ઉત્પાદકને થતા ફાયદા ગેરફાયદા, રોજીંદા વ્યવહારમાં ઉપયોગી વસ્તુઓની જાહેરાત કેવી રીતે કરી શકાય તે અંગેની જાણકારી વિદ્યાર્થીઓને આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રા. ભામિનીબેન શાહે કરી હતી. મનોવિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓને મનોવિજ્ઞાન વિષયમાં અને અભ્યાસક્રમમાં જાણકારી મળી શકે તે માટે ગાર્ડા કૉલેજ, નવસારીના અધ્યાપક ડૉ. અશ્વિનભાઈ શર્માએ યોગિક ઔદ્યોગિક મનોવિજ્ઞાન અને સલાહ મનોવિજ્ઞાન વિષયક વિસ્તૃત જાણકારી આપી વિદ્યાર્થીઓએ જીવનમાં આગળ વધવા માટે હકારાત્મક અભિગમ કેળવવો જોઈએ તથા વિદ્યાર્થીકાળ દરમ્યાન આગળ વધવા માટે કયાં કયાં સફળતાના શુત્રો ધ્યાનમાં રાખવા જોઈએ તેની સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ મોનીકાબેન ગામીતે કરી હતી.

વ્યારા કૉલેજ ખાતે કાર્યરત વિશ્વવિદ્યાલય માન્ય ઇતિહાસ વિષયના રીસર્ચ સેન્ટરના ઉપક્રમે પ્રા. ડૉ. ફાલ્ગુનીબેન ડી. પરીખે 'ગાથાઃ ગરવી ગુજરાતણોથી' વિષયને ધ્યાનમાં રાખી પુતળીબાઈ કાબ્રાજી, મોતીબેન કાપડીયા, ગંગાબેન યાજ્ઞિક, શિવગૌરી ગજ્જર, કુંવર શેઠાણી જેવા સ્ત્રી પાત્રોએ સ્ત્રીઓના ઉત્કર્ષમાં ખૂબ મોટુ યોગદાન જોવા મળ્યું હતું. આજના સમયમાં માતા, બહેન, દીકરીઓ પણ આ સ્ત્રી પાત્રોમાંથી સ્વાભિમાન, સંઘર્ષ, પરિશ્રમ, નિર્ભયતા, નીડરતાના ગુણોને પોતાના જીવનમાં અપનાવીએ ભાવિ જીવનને સફળ બનાવી શકે છે, તેમ જણાવી ૧૯મી સદી એટલે સુધારાનો સમય પુરુષપ્રધાન સમાજમાં સામા વહેણમાં તરીને તથા સંઘર્ષ કરીને આ બહેનોએ સમાજ અને દેશને પ્રેરણા મળે એવી ઉમદા કામગીરી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન IQAC અને ઈતિહાસ રિસર્ચ સેન્ટરના કૉ–ઑર્ડિનેટર પ્રા. ડૉ. ધર્મેશ પંડયાએ કર્યુ હતું.

## શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### (NEP) 2020ના પાંચ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી



શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા બી.એડ. કૉલેજમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP) 2020ના પાંચ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી તા. ૦૧/૦૮/૨૦૨૫ના દિવસે કરવામાં આવી હતી. આ વિષય સંદર્ભે કૉલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. કિરીટ ચૌહાણે રજૂઆત કરતા તજજ્ઞ વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ સંદર્ભે તેના વિભાગો, પેટા મુદ્દાઓ, પ્રાસ્તાવના, NEP 2020ના ચેરમેન, સભ્યો, પ્રાથમિક શાળાના શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સંદર્ભે માહિતી આપી હતી. તેઓએ રાષ્ટ્રીય શિક્ષણનીતિથી શિક્ષણ ક્ષેત્રે આવેલ અને આવનારા પરિવર્તનોથી વાકેફ કર્યા હતા. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. કલ્પેશભાઈ ટંડેલે તેઓના કાર્યને બિરદાવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ કાર્યક્રમના કૉ–ઑર્ડિનેટર ડૉ. ગાયત્રીબેન પટેલે કરી હતી.

## મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ. કૉલેજ, કતારગામ.

### રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન



મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ કૉલેજમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન તા. ૦૭/૦૮/૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ હતું. જેમાં રાખી મેકિંગ સ્પર્ધામાં ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કૉલેજના પ્રા. બીનીતા પટેલ અને લાઈબ્રિયન ધારા વસાવા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંકે

એસ.વાય.બીસીએની વિદ્યાર્થીની પાંડવ નેન્સી, બીજા ક્રમાંકે ટી.વાય.બી.કોમ. પોપનીયાં પ્રાંજલ અને ત્રીજા ક્રમાંકે ટી.વાય.બી.કોમ. કોકને મોહિની વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન ડૉ. વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્માષ્ટમી પર્વની ઉજવણી



મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ કૉલેજમાં તા. ૧૪/૦૮/૨૦૨૫ના રોજ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે મટકી ડેકોરેશન સ્પર્ધા તેમજ મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મટકી ડેકોરેશન સ્પર્ધામાં ૨૦ થી વધુ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમાંક ટી.વાય.બી.કોમ, બીજા ક્રમાંકે એસ.વાય.બી.સી.એ અને ત્રીજા ક્રમાંકે એસ.વાય. બી.બી.એ.ના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા.વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે શ્રીમતી મણીબેન સોલંકી અને જાગૃતિબેન સુરતી ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમમાં 'નંદ ઘેર આનંદ ભર્યો જય કનૈયા લાલકી ના' નાદ સાથે ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન ડૉ. વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું .

## ફાયરલેસ કૂકિંગ સ્પર્ધાનું આયોજન



મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ, બી.સી.એ. કૉલેજમાં ફાયરલેશ કૂકિંગ આયોજન તા. ૨૩/૦૮/૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ હતું. જેમાં ફાયરલેશ કૂકિંગ સ્પર્ધામાં ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સેફ. રાજેશ્વરી ધારીયા નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં પ્રથમ ક્રમાંકે ટી.વાય.બી.કોમના પ્રસાદ ખુશ્બુ, બીજા ક્રમાંકે ટી.વાય.બી.કોમ.ના ધોળકિયા પાર્થ અને ત્રીજા ક્રમાંકે એફ.વાય.બી.બી.એ.ના વડછક કૌશલ, વડછક મન વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન પ્રો. વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## થાળી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન



મહાજન અનાથ બાળાશ્રમ કતારગામ સંચાલિત બી.કોમ, બી.બી.એ, બી.સી.એ. કૉલેજમા થાળી ડેકોરેશન સ્પર્ધા આયોજન તા. ૩૦/૦૮/૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ હતું. જેમાં થાળી ડેકોરેશન સ્પર્ધામાં ૧૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ચૌધરી સંધ્યાબેન ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંક એસ.વાય.બી.બી.એ.વિધિ પરમાર અને દ્રષ્ટિ બીજા ક્રમાંકે એસ.વાય.બી.સી.એ. ખુશી સુતરીયા અને ક્રિશા પ્રજાપતિ અને ત્રીજા ક્રમાંકે એફ.વાય.બી.બી.એ. શાહ શ્રેયા અને ચંદેલ એલિના તેમજ આશ્વાસન તરીકે એફ.વાય. બી.કોમમાં કાશીફ અને પ્રિંશ વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓન ટ્રોફીથી અને આશ્વાસન ઇનામ બુક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો. વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ કૉલેજના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, પાંડેસરા.

## Code to Career વિષયક સેમીનાર યોજાયો



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, પાંડેસરા ખાતે તા.૦૮/૦૮/૨૦૨૫ શુક્રવારના રોજ 'Code of Career' વિષયક સેમિનાર યોજાયો. આ સેમિનારનું આયોજન Placement & Career Development Club દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને વકતા તરીકે સન સોફટવેર કંપનીના સ્થાપક શ્રી આલોક ઝવેરી ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં બી.સી.એ. કૉલેજના પ્રધાન આચાર્ય ડૉ. ચેતન રાઠોડ તેમજ બી.સી.એ. કૉલેજનો શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો. આ સેમિનારમાં ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ સેમિનારમાં વિદ્યાર્થીઓને કૉલેજના ત્રીજા વર્ષ પછી આઈ.ટી.ફિલ્ડમાં કઈ રીતે આગળ વધવું અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓએ કઈ ટૅક્નૉલૉજી અને કયાં એરિયા પર ફોકસ કરવો જોઈએ જેવા કે સોફટવેર ડૅવલોપિંગ, સોફટવેર ટેસ્ટિંગ, પ્રોજેકટ મૅનેજમૅન્ટ, IOT, Block Chain, Devops, વગેરે. તેમણે સમજાવ્યું કે વિદ્યાર્થીઓને કયાં કયાં મુખ્ય વિષયો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. વધુમાં તેમણે ઔપચારિક શિક્ષણ અને ઑનલાઈન શિક્ષણ વિશે પણ માહિતી આપી. તેમને વિદ્યાર્થીઓને સ્નાતક પછી અનુસ્નાતક કરવાનું શું મહત્વ છે તે પણ સમજાવ્યું. આ કાર્યક્રમનું આયોજન ડૉ. ઈશાન તમહાનકર, ડૉ. પૂજા પંચાલ તથા પ્રા. પીનલ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું અને સંચાલન ડૉ. પૂજા પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્વતંત્ર્ય પર્વની ઉજવણી



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્ કૉલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ અને કોમર્સ કૉલેજ પાંડેસરા, સુરત ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યશરાજ મૌર્ય (મુખ્ય સંરક્ષક, મૌર્ય કુશવાહા સમાજ, સુરત) તથા મૌર્ય સમાજના આગેવાન પણ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્તર, મંત્રીશ્રી નીરજભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ત્રણેય કૉલેજના પ્રધાનચાર્યશ્રીઓ, અધ્યાપકો વિદ્યાર્થીઓ બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાનશ્રીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન યશરાજ મૌર્યએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે, મારા માટે સૌભાગ્યની વાત છે કે આજે હું સ્વાતંત્ર્ય દિન પર મુખ્ય મહેમાન તરીકે શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં બોલાવવામાં તે બદલ ખુશી વ્યકત કરું છું. આજનો દિવસ છે તેનાથી કોઈ છૂટું રહી શકયું નથી. ૧૯૪૭માં આજના દિને ભારતને ગુલામીમાંથી આઝાદી મળી તેમાં યુવાઓ, માતાઓ, ભાઈઓના પ્રયાસો થી આઝાદી મળી. કેટલા લોકો એ હસતાં મુખે ફાંસી પર ચળી ગયા હતા. જેઓ આઝાદી માટે લડત લડયા હતા તેમને કેવું લાગ્યું હશે કે એક હાશકારો અને ખુશી મળી હશે. જેમને ભારતને આઝાદ થતા જોયો. આપણો રાષ્ટ્ર ધર્મ ભૂલી ન જઈએ તે માટે આજના દિનની ઉજવણી કરવામાં આવે છે. ગાંધીજી અહિંસાના માર્ગે ચાલ્યા હતા જ્યારે શહીદ ભગતસિંહ શૌર્ય બતાવ્યું હતું. જેના કારણે અમર થઈ ગયા. આજના સમયમાં સંસ્કૃતિ બચાવવા માટે યુવાનોએ આગળ આવવું પડશે. યુવાનો તમે દેશ માટે સર્વસ્વ લૂંટાવી શકો છો. તાત્યા ટોપેને છલ કપટથી પકડીને નર્મદા નદીને કિનારે પકડાયા હતા. અંગ્રેજોએ અંતિમ ઇચ્છા પૂછી અને તાત્યા ટોપેએ કહ્યું કે હું કહીશ તો તમને મંજૂર રહેશે નહી. છતાં કહ્યું ભારતમાં જે ચોર લોકો ઘૂસી આવ્યા છે તે બહાર જતા રહે. ત્યારબાદ તરત જ ફાંસીની સજા આપી. વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે રાષ્ટ્ર પ્રેમ હોવો જોઈએ. રાષ્ટ્રને સમર્પિત થવું જોઈએ. તિરંગાને માન સન્માન આપવું અને દેશની શાનને ઊંચી રાખવા આપણી ફરજ છે.

પ્રમુખશ્રી સુધાકરજી માસ્તરજીએ ઉપસ્થિત સૌને સંબોધતા જણાવ્યું કે, આજનો દિવસ ગૌરવ અને ગર્વનો દિવસ છે. દેશને સ્વતંત્રતા માટે ઘણા બધા લોકો બલિદાન આપ્યું છે તેમને યાદ કરવા માટે તેમના બલિદાન ને સન્માન આપવાનું છે. આજનો દિવસ આપણે રાષ્ટ્રને સમર્પિત થવું પડશે અને રાષ્ટ્રના ઉત્થાન માટે આગળ આવવું પડશે. આઝાદી મળી તો છે પરંતુ આપણી ફરજોને યાદ કરી અખંડ રાષ્ટ્રની સંકલ્પના સાકર કરી પુનઃસ્થાપિત કરવું પડશે. સમાજમાં સમરસતા ની ભાવના પેદા કરવી પડશે. દ્વેષ ભાવ દૂર કરી આપણે સૌ ભારત માતાના વંશજો છે તે કોઈપણ ભેદભાવ ના હોવો જોઈએ. સ્પૃશ અસ્પૃશ્યતાને દૂર કરવું પડશે. ભારતનો શ્રૃંગાર વૃક્ષ, નદી, પર્વતો છે. તો પર્યાવરણની જાળવણી કરવી જરૂરી છે. પર્યાવરણ સારુ હશે તો સમાજ સ્વસ્થ હશે, સમાજ સ્વસ્થ હશે તો રાષ્ટ્ર સ્વસ્થ રહેશે. પ્લાસ્ટિક મુકત ભારત બનાવીએ લોકોમાં જાગૃતિ લાવીએ. પર્યાવરણ મુકત ભારત બનાવીએ. તેમજ યુવાનોને વ્યસનથી દૂર રહેવા સાલહ આપી હતી. કાર્યક્રમને અંતે સ્વદેશી ચોકલેટ વહેંચી ઉજવણી કરી હતી.

## સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, માંડવી.

### NEP 2020નાં પાંચ વર્ષની ઉજવણી નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન

NEP 2020 (નવી શિક્ષણ નીતિ ૨૦૨૦) નાં પાંચ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે, સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ દ્વારા 'ભાષા અને સંસ્કૃતિ' વિષય પર એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઇન્ચાર્જ

આચાર્ય ડૉ. વી.વી.મકવાણાએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને NEP 2020ના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી માહિતીપ્રદ કર્યા હતા. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશય વિદ્યાર્થીઓમાં ભાષા અને સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ લાવવાનો તેમજ NEP 2020ના મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



## 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ



સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, માંડવીના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ દ્વારા તા. ૩૧/૦૭/૨૦૨૫ના રોજ 'એક પેડ માં કે નામ' થીમ અંતર્ગત ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કૉલેજના આચાર્ય ડૉ. વી.વી. મકવાણાના શુભ હસ્તે ગુલમહોરનો છોડ રોપીને કરવામાં આવ્યું. કૉલેજના NSS પ્રોગ્રામ ઑફિસર ઇલાબેન શાહ તથા ગોવિંદભાઈ ચૌધરીએ પણ લીમડો, ગલગોટો વગેરેના રોપા રોપીને કાર્યક્રમને શોભાવ્યો હતો. આ પ્રસંગે કૉલેજના સ્ટાફગણ, NSS કેમ્પસ એમ્બેસેડર ચૌધરી દિવ્યેશા અને ગુપ્તા શુભમ, તેમજ NSSના સ્વયંસેવકો દ્વારા વિવિધ વૃક્ષોના રોપા રોપી પર્યાવરણ સંરક્ષણનો મજબૂત સંદેશ આપવામાં આવ્યો. અન્ય વિદ્યાર્થીઓએ પણ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે પર્યાવરણ પ્રત્યેની તેમની જાગૃતિ દર્શાવે છે.

## સુમુલ ડેરીની મુલાકાત

માંડવી સ્થિત સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓએ સુરત ખાતે સુમુલ ડેરીની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. વી.વી.મકવાણાના માર્ગદર્શનમાં, કૉલેજના અધ્યાપક ડૉ. ઉદય જે. લાખાણી (એકાઉન્ટન્સી) અને ડૉ. વિજય ડી. પ્રજાપતિ (અંગ્રેજી) એ સુચારુ વ્યવસ્થા સંભાળી આ શૈક્ષણિક મુલાકાત સફળ બનાવી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ડેરી ઉદ્યોગની કાર્યપ્રણાલી, દૂધ ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ અને માર્કેટિંગ વિશે પ્રત્યક્ષ જ્ઞાન પૂરું પાડવાનો હતો. વિદ્યાર્થીઓએ સુમુલ ડેરીના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. જેમાં દૂધ એકત્રીકરણ કેન્દ્રો, પ્રોસેસિંગ યુનિટ્સ, પેકેજિંગ પ્લાન્ટ્સ અને ગુણવત્તા નિયંત્રણ પ્રયોગશાળાઓનો સમાવેશ થયા છે. ડેરીના અધિકારીઓએ વિદ્યાર્થીઓને દૂધ સંગ્રહ પ્રક્રિયા, પાશ્ચરાઈઝેશન અને વિવિધ દૂધ ઉત્પાદનો જેમ કે દહીં, છાશ, ઘી, પનીર વગેરેના ઉત્પાદન વિશે વિગતવાર માહિતી આપી હતી. આચાર્યશ્રી મકવાણાએ આ શૈક્ષણિક મુલાકાતને જ્ઞાનવર્ધક અને મુલ્યવાન ગણાવી હતી. વિદ્યાર્થીઓએ પણ આ મુલાકાતને ખૂબ જ જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક ગણાવી હતી. ડેરીના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્સાહપૂર્વક જવાબો આપ્યા હતા. જેનાથી તેમને ડેરી વ્યવસ્થાપન અને સંચાલન વિશે ઊંડી સમજ પ્રાપ્ત થઈ હતી.




## સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, નેત્રંગ

## 'હર ઘર તિરંગા' ભવ્ય યાત્રાનું આયોજન



સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, નેત્રંગ જિ. ભરૂચ ખાતે તા. ૧૩/૦૮/૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને નેત્રંગ તાલુકા કચેરીના સંયુક્ત ઉપક્રમે 'હર ઘર તિરંગા', હર ઘર સ્વચ્છતા અભિયાન અંતર્ગત કૉલેજના આચાર્યશ્રી ડૉ. જી. આર. પરમાર સરના માર્ગદર્શન હેઠળ 'હર ઘર તિરંગા' ભવ્ય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નેત્રંગ તાલુકા મામલતદારશ્રી રીતેશભાઈ બી. કોંકણી, તાલુકા વિકાસ અધિકારીશ્રી યોગેશભાઈ પવાર તેમજ તાલુકા

કક્ષાના તમામ પદાધિકારીઓ, રાષ્ટ્રીય સેવા યોજના (NSS) માં જોડાયેલ સ્વયંસેવકો અને કૉલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ તેમજ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તિરંગા યાત્રા કૉલેજ કેમ્પસથી નીકળી હતી. શ્રીમતી એમ.એમ.ભકત હાઈસ્કૂલથી તાલુકા સેવાસદન થઈને કૉલેજ કેમ્પસમાં યાત્રાનું સમાપન કરવામાં આવ્યું સ્વયંસેવકો વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતના નારા, દેશભકિતના સુત્રોચાર થકી સમગ્ર વાતાવરણ દેશભકિતમય બન્યું હતું.

## Shri S. G. Patel Arts & Shri P. K. Desai Commerce College, Nizar

### Guest Visit



On 12th August 2025, Shri S. G. Patel Arts & Shri P. K. Desai Commerce College, Nizar had the honor of hosting Pro Vice-Chancellor Dr. Jogendrasinh Bisen, NEP 2020 Expert, Yashwantrao Chavan Open University, Nashik. Dr. Bisen delivered an insightful session on the key features of NEP 2020, emphasizing holistic, skill-based, and multidisciplinary education. The interactive talk engaged students and faculty, providing clarity on its implementation and benefits. The program began with a warm welcome and concluded with a vote of thanks, appreciating Dr. Bisen's valuable guidance. The program was successfully coordinated by the College NEP Coordinator, Dr. Jatin G. Kapadiya. The visit proved enriching and motivating for all present.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### એન્ટી રેગિંગ સપ્તાહમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ઉધના કૉલેજમાં એન્ટી રેગિંગ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે 'સર્જનાત્મક અભિવ્યકિત ધારા' હેઠળ તા. ૦૮ ઓગસ્ટ થી ૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન વિવિધ સર્જનાત્મક અને સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી, જેનાથી વિદ્યાર્થીઓમાં સ્વઅભિવ્યકિત, સામાજિક જાગૃતિ અને સર્જનાત્મકતા પ્રત્યે રુચિ વિકસિત થાય છે. આ સ્પર્ધાઓમાં કૉલેજના વિવિધ શાખાઓમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાંથી દરેક વિદ્યાર્થીએ એન્ટી રેગિંગ વિષયને કેન્દ્રમાં રાખી પોતાની વિચારોને ઊંડાણપૂર્વક રજૂ કર્યા હતા. આ પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસ સાથે સાથે માનસિક વિકાસને પણ પ્રોત્સાહન મળ્યું છે. વિદ્યાર્થીઓએ રેગિંગ સામે જે રીતે પોતાનો અવાજ ઊભો કર્યો અને તેમાં માનવતા, સદભાવના અને સહઅસ્તિત્વ જેવા મૂલ્યોને ઉજાગર કર્યા, તે અભિનંદનપાત્ર છે. આવા કાર્યક્રમો નવી પેઢીને ગંભીર સામાજિક મુદ્દાઓ અંગે જાગૃત કરીને જવાબદાર નાગરિક બનવા પ્રેરણા આપે છે. આ સાથે સમિતિ સમગ્ર આયોજનમાં માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા બદલ કૉલેજના આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઇઝી ટેકનાલ અને ઉપાચાર્ય (BCA) ડૉ. મનીષ કાયસ્થનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે. ઉધના કૉલેજ સતત આવા સર્જનાત્મક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને સામાજિક રીતે જવાબદાર અને ચેતનાશીલ બનાવવાના માર્ગે આગળ વધતી રહી છે.

### Green FinTech Startup "Enviro Wealth" માટે SSIP Grant મેળવી



ઉધના સિટિઝન કોમર્સ કૉલેજ અને એસ.પી.બી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન અને શ્રીમતી દિવાલીબેન હરજીભાઈ ગોંડલીયા કૉલેજ ઑફ બી.સી.એ. એન્ડ આઈ.ટી. કૉલેજ ગર્વ સાથે જાહેર કરે છે કે, ફાઈનલ વર્ષના વિદ્યાર્થી ઓમ મિશ્રા અને રોહિત સોનારએ તેમના નવીન Startup 'EnviroWealth' માટે ગુજરાત સરકાર તરફથી પ્રતિષ્ઠિત SSIP (Student Startup and Innovation Policy) Grant પ્રાપ્ત કરેલ છે. EnviroWealth એ એક Green FinTech Startup છે જે Sustainable Financeને પ્રોત્સાહન આપી રહી છે, આ સ્ટાર્ટઅપ વ્યવસાયો અને વ્યકિતગત રોકાણકારોને Carbon Footprint ઘટાડવા માટે સ્માર્ટ અને Eco-Conscious Investment Solutions આપે છે. તેનું દ્રષ્ટિકોણ છે કે Enviromental Responsibility અને Financial Innovationને એક સાથે લાવીને એક લીલું અર્થતંત્ર ઊભું

કરવું. આ સફળતા પાછળ ડૉ. રુદ્રિ સી. પુરોહિત, ફેકલ્ટી મેમ્બર, ઉધના કૉલેજનું મહત્વપૂર્ણ માર્ગદર્શન રહ્યું છે, જેમણે વિદ્યાર્થીઓના બિઝનેસ આઈડિયા અને Grant Pitch તૈયાર કરવા મહત્વની ભૂમિકા ભજવી. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલકુમાર પી. દેસાઈ તથા ઉપાચાર્યશ્રી ડૉ. ડેઇઝી ટેકનાલ દ્વારા Startup Cell અને Student Ventires ને સતત પ્રોત્સાહન આપી વિદ્યાર્થીઓમાં નવીનતાની સંસ્કૃતિ ઊભી કરવામાં મહત્વનો આધાર આપ્યો છે. આ સિદ્ધિ ઉધના કૉલેજની તે પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે કે જ્યાં નવીનતા, ઉદ્યમિતા અને પર્યાવરણીય જવાબદારીને પ્રોત્સાહન આપવામાં આવે છે. કૉલેજ તરફથી ઓમ અને રોહિતને તેમના આ ઉત્તમ કાર્ય માટે અભિનંદન પાઠવવામાં આવે છે અને EnviroWealth ના ભાવિ વિકાસ માટે શુભેચ્છાઓ આપવામાં આવે છે. જે ગ્રીન એન્ટરપ્રેન્યરશિપનો દિપસ્તંભ બની રહે તેવી આશા છે.

## પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે 'ફેશર્સ ફેસ્ટનું' આયોજન






ઉધના સિટિઝન કોમર્સ કૉલેજ અને એસ.પી.બી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન અને શ્રીમતી દિવાલીબેન હરજીભાઈ ગોંડલીયા કૉલેજ ઑફ બી.સી.એ. એન્ડ આઈ.ટી. કૉલેજમાં તારીખ ૧૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ સાંસ્કૃતિક સમિતિ હેઠળ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે સ્વાગતમાં "ફ્રેશર્સ ફેસ્ટ"નું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત અને નૃત્યની ખૂબ જ સુંદર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રથમ વર્ષ બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., એમ.એસ.સી.આઈ.ટી. અને એમ.કોમ. વિભાગમાંથી મિસ્ટર અને મિસ ફ્રેશરની જાહેરાત કરવામાં આવી હતી અને ત્યારબાદ તમા વિદ્યાર્થીઓ ડી.જે.ના તાલ પર ઝૂમ્યા હતા.

## એન્ટી રેગિંગ કમિટી દ્વારા અઠવાડીક ઉજવણી







ઉધના સિટિઝન કોમર્સ કૉલેજ અને એસ.પી.બી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન અને શ્રીમતી દિવાલીબેન હરજીભાઈ ગોંડલીયા કૉલેજ ઑફ બી.સી.એ. એન્ડ આઈ.ટી. કૉલેજમાં દર વર્ષની જેમ યુજીસીના માર્ગદર્શન અંતર્ગત તા. ૧૨/૦૮/૨૦૨૫ થી ૧૮/૦૮/૨૦૨૫ સુધી વિવિધ પ્રવૃત્તિઓ કરી વિદ્યાર્થીઓમાં રેગિંગના દુષણ અંગે જાગૃતતા કેળવી. આ ઉજવણી અંતર્ગત પ્રથમ તો વિદ્યાર્થીઓ રેગિંગ ન કરે તે અંગે તેમની પાસે બાંહેધરી લેવડાવી, જે યુજીસી દ્વારા માર્ગદર્શિકામાં ઉમેરાયેલી છે. ત્યારબાદ સપ્તાહ દરમિયાન પોસ્ટર મેકિંગ, લોગો ડિઝાઈનીગ, સ્લોગન રાઈટીગ, રીલ મેકિંગ, નિબંધ તથા વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરી વિદ્યાર્થીઓના કૌશલ્યો ઉજાગર કરી તેઓને રેગિંગ – જે એક દુષણ પ્રવૃત્તિ છે તે વિશે સમજણ પણ આપી. આ સમસ્ત સાપ્તાહિક કાર્યક્રમ ઉધના કૉલેજની એન્ટી રેગિંગ કમિટી તથા સમગ્ર સ્ટાફ મેમ્બર્સએ મળીને પૂર્ણ કરી હતી, જેને કૉલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. મેહુલકુમાર પી. દેસાઈએ બિરદાવી તમામને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-08-2025 to 31-08-2025

| Detail | Description | Aug.-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 1973 | |
| | Internet Lab User | 82 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 1 | |
| | UG/PG Students | 236 | |
| | Research Scholars | 15 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 2 | |
| | Online User | 0 | |
| | Total | | 2309 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| August-2025 | 493 | 444 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2025 | 14 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2025 | 12 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | August-2025 | 11 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.
**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.
**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.
**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.
**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in